# યુગ શક્તિ ગાયત્રી



એપ્રિલ ૨૦૦૩



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગુરૂસત્તાની જ્ઞાન ગંગોત્રી ''યુગ શક્તિ ગાયત્રી'' પત્રિકાને જન-જન સુધી પહોંચાડનાર પ્રજ્ઞા સંસ્થાન પ્રજ્ઞા પરિજનોને હાર્દિક અભિનંદન

**૪૦૦૦ થી વધુ પત્રિકાના સદસ્ય બનાવનાર શક્તિ કેન્દ્ર**

ગોંડલ - ગાયત્રી પરિવાર શાખા
મહેસાણા - ગાયત્રી શક્તિપીઠ
અમદાવાદ - સંયુક્ત ગાયત્રી પરિવાર (જ્ઞાનપીઠ)

**૨૦૦૦ થી વધુ**

ડીસા - ગાયત્રી શક્તિપીઠ
વિસનગર - ગાયત્રી પ્રજ્ઞાપીઠ
કલોલ - ગાયત્રી શક્તિપીઠ
ભાવનગર- જીલ્લા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ (ઘોઘા)
જામનગર - ગાયત્રી શક્તિપીઠ
અમદાવાદ - ગાયત્રી શક્તિપીઠ (ઓઢવ)

**૧૦૦૦ થી વધુ**

માંડવી (કચ્છ)-ગાયત્રી પ્રજ્ઞાપીઠ
મોડાસા - ગાયત્રી શક્તિપીઠ
પાટણ - ગાયત્રી શક્તિપીઠ
ભાવનગર - ગાયત્રી પરિવાર ટ્રસ્ટ
પાલનપુર - ગાયત્રી શક્તિપીઠ
મોરબી - ગાયત્રી પરિવાર શાખા
ભૂજ - ભગવાનદાસ આહુજા
વલસાડ - ગાયત્રી પરિવાર સંગઠન
રાંદેર (સુરત) - ગાયત્રી શક્તિપીઠ
બાયડ - ગાયત્રી શક્તિપીઠ
રાજકોટ - ગાયત્રી શક્તિપીઠ
રાણીપ - ગાયત્રી પ્રજ્ઞા મંદિર
અમદાવાદ - ગાયત્રી શક્તિપીઠ (ક્રાંતિકુંજ)
ગાંધીનગર - ગાયત્રી શક્તિપીઠ
વિજાપુર - ગાયત્રી શક્તિપીઠ
સુરત - ગાયત્રી ચેતના કેન્દ્ર (કતારગામ)

**૫૦૦ થી વધુ**

અમરેલી - ગાયત્રી શક્તિપીઠ
સુરત -ગાયત્રી શક્તિપીઠ બાલાજી રોડ
રાધનપુર - ગાયત્રી શક્તિપીઠ
નવસારી - ગાયત્રી શક્તિપીઠ
સુરત - ગાયત્રી શક્તિપીઠ (ડભોલી)
ઊંઝા - ગાયત્રી પરિવાર ટ્રસ્ટ
નડીયાદ - ચંદુભાઈ એમ. પટેલ
જૂનાગઢ - લક્ષ્મણભાઈ ચુડાસમા
લાડોલ - ગાયત્રી પ્રજ્ઞાપીઠ
સરદાર કૃષિનગર (બ.કાં.)--ગાયત્રી પ્રજ્ઞાપીઠ
ભરૂચ - ભૂપેન્દ્રભાઈ શ્રીરામ
હિંમતનગર (કાંકરોલ) - ગાયત્રી પ્રજ્ઞાપીઠ
વડોદરા-ગાયત્રી પરિવાર શાખા ગોરવા
ધોળકા - ગાયત્રી પ્રજ્ઞાપીઠ
કપડવંજ - જગુભાઈ પ્રજાપતિ
તલોદ - ગાયત્રી પરિવાર શાખા
અમદાવાદ(માધવબાગ)- શંકરભાઈ પટેલ
હિંમતનગર-પ્રેરણા પ્રજ્ઞા મંડળ
અમદાવાદ-ગાયત્રીપરિવારટ્રસ્ટ નરોડા
અમદાવાદ નારણપુરા- કનુભાઈ પટેલ
આદિપુર(કચ્છ)-નરેન્દ્રભાઈ જોષી
અમરેલી - સુરેશભાઈ જાની
કારઠ - ગોપીચંદ ભુરીયા
પાલીતાણા - ગાયત્રી પરિવાર ટ્રસ્ટ
ગાંધીનગર-જી.ઈ.બી. ગાયત્રી પરિવાર
બીલીમોરા-નટવરભાઈ કાપડીયા
ધારી - નવનીતભાઈ વ્યાસ

**૨૫૦ થી વધુ**

બીલીમોરા - ગાયત્રી શક્તિપીઠ
આદિત્યાણા - ગાયત્રી પ્રજ્ઞાપીઠ
આણંદ - ડૉ. પી. એન. ઠાકર
માંડવી (સુરત) - અમૃતભાઈ મેરાઈ
થરાદ - કેશવલાલ પુરોહિત
વડોદરા - એન. પી. નાયક
હિંમતનગર(મહેતાપુરા)-ગાયત્રી પરિવાર
વડગામ (બ.કાં.) - કરસનજી સોલંકી
વ્યારા - ગાયત્રી શક્તિપીઠ
કોડીનાર - ગાયત્રી પરિવાર શાખા
સંતરામપુર - ગાયત્રી શક્તિપીઠ
સુરેન્દ્રનગર - ગાયત્રી શક્તિપીઠ
ગાંધીનગર - હેમંતકુમાર ત્રિવેદી
વડોદરા - હસુબેન પાઠક
ભાભર - કાંતિલાલ ઠક્કર
સુરત - જે. યુ. મહીડા
ધાનેરા - દલપતભાઈ આચાર્ય
સરીબુજરંગ - ચંચળબેન ગાંધી
ઉધના - મોહનભાઈ જરીવાલા
વડોદરા - દત્તુપ્રસાદ પાઠક
વડોદરા (ખટંબા)-ગાયત્રી શક્તિપીઠ
બારડોલી - સનસુખભાઈ પટેલ
ગોમતીપુર - ગાયત્રી પરિવાર શાખા
મોર - મધુબાળા પટેલ
ડભોઈ - મા ભગવતી મહિલા ચેરીટેબલ ટ્રસ્ટ
વડોદરા - ગાયત્રી પરિવાર ન્યુ સમા રોડ
વડોદરા - એસ. એલ. બારીયા
ભૂજ - ગાયત્રી શક્તિપીઠ
રાજકોટ - વસંતભાઈ પટેલ (ગાયત્રી પરિવાર)
બાપુનગર (અમદાવાદ) - ગાયત્રી પ્રજ્ઞાપીઠ
ભરૂચ - ગીતાબેન રાજ
વડોદરા - ભરતભાઈ ત્રિવેદી
ગાંધીધામ (કચ્છ)-ગાયત્રી પરિવાર ટ્રસ્ટ
ધમડાછા - કાંતિભાઈ મહેતા
કોડીનાર - ગાયત્રી પરિવાર શાખા
ભરૂચ - નીતિનભાઈ પટેલ
દેવલી દેદાની - ગાયત્રી પ્રજ્ઞાપીઠ
નરોડા(અમદાવાદ)-અમૃતભાઈ પટેલ
કડી - અમૃતભાઈ પ્રજાપતિ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
ડૉ. પ્રણવ પંડ્યા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫)૨૫૩૦૩૯૯,૨૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર રૂા. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૪ અંક - ૪
પ્રકાશન તિથિ ૨૫-૩-૨૦૦૩
એપ્રિલ- ૨૦૦૩
એક અંક : રૂા. ૫-૦૦

## સદ્ગુણોના વિકાસથી જ સમસ્યાઓનો હલ

આજે આપણે ઉન્નતિ તો ઈચ્છીએ છીએ, પરંતુ માનવીય સદ્ગુણોના વિકાસનો પ્રયત્ન કરતા નથી. સમાજમાં શાંતિ અને સંપન્નતા રહે એવી બધાને ઈચ્છા હોય છે, પરંતુ એનો મૂળ આધાર એવા પરસ્પરના પ્રેમભાવની વૃદ્ધિનો ઉપાય કરતા નથી. ભૌતિક સુવિધાઓમાં એવી શક્તિ નથી કે વ્યક્તિને શ્રેષ્ઠ બનાવી દે. સારા વ્યક્તિત્વમાં એ ગુણ મોજૂદ હોય છે કે તે સંપન્નતા પ્રાપ્ત કરે. આપણે આ તથ્યને જ્યાં સુધી સમજીશું નહીં ત્યાં સુધી દોલત પાછળ ભાગતા રહીશું.

આદર્શવાદની ઉપેક્ષા કરીને સંપન્નતાને માટે દોડાદોડી કરવાનું પરિણામ લાભના બદલે હાનિકારક જ પૂરવાર થઈ શકે છે. આ દુનિયા વધારે સારી, વધારે સુંદર, વધારે સંપન્ન, વધારે શાંતિપૂર્ણ બને એવું જો આપણે બધા ઈચ્છતા હોઈએ તો પછી પ્રગતિનો મૂળ આધાર એવા વ્યક્તિત્વની શ્રેષ્ઠતા તરફ શા માટે ધ્યાન આપતા નથી એ જ મોટું આશ્ચર્ય છે.

પ્રગતિ ત્યારે કાયમી બની શકશે, સુખશાંતિમાં ત્યારે જ સ્થિરતા આવશે કે જ્યારે મનુષ્ય પોતાને સાચા અર્થમાં મનુષ્ય બનાવવાનો પ્રયત્ન કરશે. આ ઉપેક્ષિત તથ્યને અનિવાર્ય આવશ્યકતાના રૂપમાં જ્યાં સુધી આપણે સ્વીકારીએ નહીં અને વ્યક્તિગત તેમજ સામૂહિક ચારિત્ર્યને ઊંચું ઉઠાવવા માટે કટિબદ્ધ બનીએ નહીં ત્યાં સુધી અનેક સમસ્યાઓની ગૂંચવણોમાંથી આપણો છુટકારો થશે નહીં.

(" ઋષિચિંતનના સાંનિધ્યમાં " ગ્રંથમાંથી)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઉપાસનાનું જ્ઞાન-વિજ્ઞાન

આત્મિક ઉત્કર્ષના ઉપાયોમાં ઉપાસનાનું સ્થાન સર્વોપરી છે. તેમાં આપણી આસ્થા, અભિરુચિ અને શ્રદ્ધાને અનુરૂપ ઈષ્ટની પસંદગી કરવામાં આવે છે અને તેમની સાથે ઘનિષ્ઠ આત્મીયપૂર્ણ સંબંધ સ્થાપવામાં આવે છે. ઘનિષ્ઠતાના ઊંડાણને અનુરૂપ, ઉપાસક પોતાની અંદર ઈચ્છિત પરિવર્તન પામે છે. ઉપાસનાના આ ગંભીર પ્રભાવો કોઈ ચમત્કાર કે રહસ્યમય નથી, પરંતુ ગૂઢ મનોવૈજ્ઞાનિક આધાર પર પ્રતિષ્ઠિત છે.

પ્રખ્યાત ચિકિત્સાવિજ્ઞાની ડૉ. હેનરી લિંડલહર પોતાની કૃતિ 'પ્રેક્ટિસ ઓફ નેચરલ થેરાપ્યુટિક્સ'માં લખે છે- "મનુષ્યના મનોભાવોનો તેના સ્વાસ્થ્ય પર ઊંડો પ્રભાવ પડે છે. વ્યકિત કોઈ મહાપુરુષ, અદૃશ્ય દેવદૂત તથા સર્વવ્યાપી તત્ત્વ સાથે એકત્વ સ્થાપિત કરીને પોતાના શારીરિક અને માનસિક, બન્ને પ્રકારના સ્વાસ્થ્યને નિશ્ચયપૂર્વક સુધારી શકે છે. જેવી રીતે રેડિયો અથવા ટી.વી.(ટેલિવિઝન)નો સંપર્ક તેના પ્રસારણ-કેન્દ્ર સાથે જોડાઈ જાય છે, તેવી રીતે આપણે જે પ્રકારના આત્માનું ધ્યાન કરીએ છીએ, તેની સાથે આપણો સંપર્ક-સંબંધ સ્થાપિત થઈ જાય છે." આ રીતે મનુષ્યનું મન-મગજ એક રેડિયો અથવા ટી.વી. સેટ જેવું છે, જે ઈચ્છિત ટ્યુનિંગને અનુરૂપ સારા અથવા ખરાબ વિચારોને ગ્રહણ કરતું રહે છે અને આ પ્રક્રિયા જાગૃત અને સ્વપ્ન બન્ને અવસ્થાઓમાં ચાલતી રહે છે. ઉપાસનામાં આપણે શ્રેષ્ઠતા અને દિવ્યતાના પૂંજ ઈષ્ટ પર ધ્યાન કરીએ છીએ તો આપણું મન પણ તેમના શ્રેષ્ઠ અને દિવ્ય ભાવોને ગ્રહણ કરવા લાગે છે અને આપણે ઊર્ધ્વગતિને પામવા લાગીએ છીએ તથા પતન-પરાભવના માર્ગમાં ગબડી પડવાથી બચીએ છીએ.

આ મનોવૈજ્ઞાનિક સત્યનું ઉદ્દઘાટન આપણે અપટોન સિનકલેયરના 'મેન્ટલ રેડિયો' નામના પુસ્તકમાં પામીએ છીએ. સિન્કલેયર મહાશય લખે છે કે, મનુષ્ય પોતાના વિચારોને કેવળ ભૌતિક માધ્યમો દ્વારા જ મોકલી શકતો નથી, પરંતુ તે અભૌતિક માર્ગો દ્વારા પણ પોતાના વિચારોને બીજાઓ સુધી પહોંચાડી શકે છે. સિદ્ધ યોગીગણ આ જ વિધિને અપનાવે છે. તેઓ બેઠાં-બેઠાં જ પોતાના વિચારોને સમગ્ર વિશ્વ-બ્રહ્માંડમાં પ્રસારિત કરતા રહે છે અને સુપાત્ર આત્માઓ તે પ્રેરણાઓને ગ્રહણ કરીને આગળ પ્રસારિત અને ક્રિયાન્વિત કરે છે. આ રીતે પ્રત્યેક વ્યકિત મહાન આત્માઓના સંદેશા પ્રત્યે પોતાના મનનાં દ્વાર ખોલીને તેમની દિવ્ય પ્રેરણાઓને ગ્રહણ કરી શકે છે. ઉપાસના આ જ પ્રયોજનને સિદ્ધ કરનારી સશકત પ્રક્રિયા છે.

ઉપાસનામાં ઉપાસ્યની પસંદગી અને ઉપાસકના વ્યકિતત્વનું ગઠન અને રૂપાંતરણ પણ મનોવૈજ્ઞાનિક રીતે સંપન્ન થાય છે. યોગસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે મનુષ્ય જે કાંઈ પણ વિચારે છે, તેવો જ તે બનવા લાગે છે. ગીતાકારે આ તથ્યને સુંદર રીતે વર્ણવ્યું છે -

**સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત ।**
**શ્રદ્ધામયોઽયં પુરુષો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ॥ (૧૭/૩)**

મનુષ્યની લગની તેના સ્વભાવને અનુરૂપ જ હોય છે. આ જ તેનું સત્ત્વ અર્થાત્ અંતઃકરણ છે. આ પ્રમાણે તેને અનુસાર તે પોતાના મિત્રો, ગુરુજનો, દેવી-દેવતાઓની પસંદગી કરે છે અને તેમના પર પોતાની શ્રદ્ધા અને ભકિતને પ્રકાશિત કરે છે. આ એક સામાન્ય મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જે અનુસાર મનુષ્ય જેવી શ્રદ્ધા રાખે છે, તેવો જ તે બનતો જાય છે.

આધુનિક મનોવિજ્ઞાન આ તથ્યને આત્મીકરણ અથવા

> ગુજરાતના રવિશંકર મહારાજે અપરાધી પ્રવૃત્તિવાળા લોકો પાસે તેમની ભૂલો કબૂલ કરાવી અને પ્રાયશ્ચિત્ત કરાવ્યું. એક અપરાધી રાતભર ઊંઘ્યો નહિ. સવારે તે મહારાજ પાસે પહોંચ્યો અને કહ્યું કે તેણે પડોશીને ત્યાં શરાબની બાટલીઓ રાખીને તેને પકડાવી દીધો. હવે અત્યારે તે જેલમાં છે.
>
> રવિશંકર મહારાજે તેને પ્રાયશ્ચિત્ત બતાવ્યું કે જ્યાં સુધી તે છૂટીને ન આવે. ત્યાં સુધી તેના ઘરનું ખર્ચ તમે ઉઠાવો અને તેનાં બાળકોની સારસંભાળ રાખો. તેણે એમ જ કર્યું. જ્યારે તે જેલમાંથી છૂટયો ત્યારે તેઓ ઘનિષ્ઠ મિત્રો બની ગયા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તાદાત્મીકરણ અંતર્ગત સ્પષ્ટ કરે છે. તે અનુસાર મનુષ્યનું અચેતન મન અનેક પ્રકારની ગૂઢ પ્રક્રિયાઓ અને ગુપ્ત ચેષ્ટાઓ દ્વારા આત્માનો સાક્ષાત્કાર કરે છે. આત્મીકરણ એક એવી જ ચેષ્ટા છે. તેની અંતર્ગત વ્યકિત પોતાના આંતરમનની ગહનતમ ઈચ્છાને અનુરૂપ બહાર પોતાનો આદર્શ ઘડે છે અને તેનું ધ્યાન કરવા લાગી જાય છે. ધ્યાનની પ્રગાઢતામાં ધ્યાતા(ધ્યાન કરનાર)અને ધ્યેયમાં એકત્વ સ્થાપિત થઈ જાય છે. સામાન્ય સ્થિતિમાં તાદાત્મીકરણની આ પ્રક્રિયા આપણે કોઈ ફિલ્મ અથવા ખેલ જોનારા દર્શકોની મનોવૃત્તિમાં જોઈએ છીએ. સાહિત્યિક રચનામાં અને રસાસ્વાદમાં પણ સચેતન મનની આ જ પ્રક્રિયા કામ કરે છે. ભાવ-તાદાત્મીકરણની આ પ્રક્રિયા જ વસ્તુતઃ બની રહેલી ઘટનાઓમાં વ્યકિતની સક્રિય ભાગીદારીનો બોધ કરાવીને સર્જનાત્મક આનંદનો આધાર બને છે. તાદાત્મીકરણની આ વૃત્તિ પોતાના પરિષ્કૃત રૂપમાં ઉપાસકની મનોવૃત્તિમાં સક્રિય બને છે, જેની પરાકાષ્ઠામાં ઉપાસકનું અસ્તિત્વ પૂર્ણપણે ઈષ્ટમાં વિલીન થઈ જાય છે. અદ્વૈતની આ ચરમ સ્થિતિમાં જ ઉપાસનાની ચમત્કારિક ફલશ્રુતિઓ પ્રતિફલિત થાય છે.

'સાઈકોલોજી ઓફ રિલીજન'માં થૂલેસને સંત કેથેરીનનું ઉદાહરણ આપતાં ઉપાસનાની આવી જ ચમત્કૃતિ પર પ્રકાશ પાડે છે. પોતાના ઈષ્ટ સાથે તાદાત્મીકરણની વિશેષ ક્ષણોમાં કેથેરીન પોતાના શરીરના વિભિન્ન ભાગોમાં એવી જ પીડાનો અનુભવ કરતી હતી, જેવી ઈસુને પણ કયારેક થઈ હતી, આવી અવસ્થામાં ચિકિત્સક તેની દેખભાળ કરતા હતા. તેમણે કેથેરીનની પીડાને વાસ્તવિક, અનુભૂત જોઈ. આ રીતે કૃષ્ણ-દીવાની મીરાં પોતાના પ્રભુના પ્રેમમાં એટલી ડૂબી જતી હતી કે તે શ્રીકૃષ્ણ રૂપ જ બની જતી હતી અને અંતે દ્વારિકાધીશમાં જ સમાઈ ગઈ.

આ રીતે ઉપાસના એક વિજ્ઞાનસમ્મત પ્રક્રિયા છે, જેનો પોતાનો નક્કર અને સૂક્ષ્મ મનોવૈજ્ઞાનિક આધાર છે. પોતાની ચરમ પરિણતિમાં તે પોતાના ઈષ્ટ સાથે એકાત્મતાના ધ્યેયને સિદ્ધ કરે છે અને વ્યકિતત્વના ગહનતમ સ્તરથી રૂપાંતર અને ગઠનના માર્ગને પ્રશસ્ત કરે છે. સામાન્ય રૂપે લેવામાં આવેલું ઉપાસનાનું અવલંબન પણ સાધકને જીવનના જટિલ પડકારો સાથે ઝૂઝવાનું બળ આપે છે અને માનસિક સ્વાસ્થ્યના સંદર્ભમાં એક ગહન અને પ્રભાવક ઉપચારરૂપે સિદ્ધ થાય છે.

**એક માણસ હનુમાનનો ઉપાસક હતો. એક વખત તે બળદગાડું લઈને કયાંક જઈ રહ્યો હતો. ગાડી કાદવ કીચડમાં ફસાઈ ગઈ. તે ત્યાં જ ઊભો રહીને હનુમાન ચાલીસાનો પાઠ કરવા લાગ્યો અને ગાડું બહાર નીકળવાની કામના કરવા લાગ્યો. ત્યારે ત્યાં આવી ચડેલ એક પંડિતજીએ કહ્યું, મિત્ર, હનુમાનજી ખબર ન પડતા પહાડ ઉપાડી લાવ્યા હતા, તું ઓછામાં ઓછું ગાડીને હાથ તો લગાડ. માણસે થોડી તાકાતનો પ્રયોગ કર્યો અને બળદગાડું બહાર ખેંચીને લઈ ગયો.**

**દેવતા હોય કે મહાપુરૂષ હોય, ત્યાં સુધી તેઓ ફળ નથી આપતા, જ્યાં સુધી મનુષ્ય ખુદ તે આદર્શોના પરિપાલન માટે કાર્યરત નથી થતો. કર્મવિધાન પર પણ આ જ સિદ્ધાંત લાગુ પડે છે. જ્યારે મનુષ્ય અંતરને બળવાન બનાવે, યાચના ભાવ નહિ, સમર્પણ ભાવ વધારે ત્યારે જ ઈશ્વર તેનું ફળ આપે.**

આધુનિક મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં ચાર્લ્સ યુંગે ઉપાસનાત્મક ધાર્મિક ક્રિયાઓને, માનસિક સ્વાસ્થ્ય અને વ્યકિતત્વ વિકાસ માટે નિતાંત-આવશ્યક માની છે. તેમનું કહેવું હતું કે વિશ્વના તમામ માનસિક ચિકિત્સકો મળીને એટલા માનસિક રોગીઓને આરોગ્ય પ્રદાન ન કરી શકે, જેટલું ઉપાસના પદ્ધતિ કરાવે છે. તેના પોતાના નક્કર આધારો છે.

મનુષ્યનું જીવન, માત્ર દેહ અને મનના મનોકાયિક ઢાંચો માત્ર નથી, કે નથી તેનું અસ્તિત્વ પરિવાર, સમાજ અને આ લોકના જીવન સુધી સીમિત. તેનું આ બધાથી પર ગહન ભાવનાત્મક અને આધ્યાત્મિક અસ્તિત્વ પણ છે, જેનું પોતાનું અલૌકિક સ્વરૂપ છે. માણસની સમગ્ર સુખ-શાંતિ અને સુરક્ષાનો આધાર તે જ છે; જે ગહનતમ ઈચ્છા-આકાંક્ષારૂપે મનુષ્યના અંતરમાં પોતાની પૂર્તિ માટે સદા લાલાયિત રહે છે. ભૌતિક વિજ્ઞાન આ આકાંક્ષાની પૂર્તિ માટે કંઈ આપતું નથી. આ જ કારણે ભૌતિક રૂપે સમૃદ્ધ અને વિકસિત દેશોમાં વ્યગ્ર અને મનોરોગીઓની સંખ્યા સર્વાધિક છે અને અન્ય સમાજ પણ જે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપાસનાત્મક અવલંબનહીન છે, ત્યાં પણ આવા લોકોની સંખ્યા વધી રહી છે. મનુષ્યની ગહનતમ આત્મિક પિપાસાને ઉપાસનાત્મક ઉપચાર જ શાંત કરી શકે છે.

માનવીય અસંતોષનું બીજું આધારભૂત કારણ તેની અસ્તિત્વ સંબંધી સસીમતાનો બોધ છે. માત્ર દેહ અને મન-બુદ્ધિની શકિતના જોરે તે જીવનના ગંભીર પડકારોનો સામનો કરી શકતો નથી. ભૌતિક વિજ્ઞાન દ્વારા પણ જે સુવિધાઓ-સાધનો તેને ઉપલબ્ધ થાય છે, તે પણ પોતાની સીમામાં બંધાયેલાં છે. આવામાં જીવનની અસહ્ય નિરાશા અને દૈવી સંકટોની સ્થિતિમાં તે કાં તો મૃત્યુ અથવા તો ગાંડપણને નોતરું આપવા લાગે છે અથવા તો ખોટા સંતોષમાં પોતાને ભુલાવાની ચેષ્ટા કરે છે.

વર્તમાન મનુષ્યની દયનીય માનસિક સ્થિતિનું સુંદર ચિત્રણ કરતાં ડૉ. આર. કે. મુખર્જીએ પોતાના પુસ્તક 'સિકવેન્સ ઓફ સિવિલાઈઝેશન'માં બરાબર જ લખ્યું છે, કે આપણી વર્તમાન ભૌતિક ઉન્નતિ તથા વૈજ્ઞાનિક બુદ્ધિએ મનુષ્યને આધ્યાત્મિક દૃષ્ટિએ વિકૃત કરી દીધો છે. આના જ પરિણામે સમૃદ્ધ રાષ્ટ્રો ગરીબ રાષ્ટ્રોનું શોષણ અને સત્તા-સંઘર્ષમાં નિરાશાવાદી અભિગમ લઈ રહ્યા છે, જે અનુસાર સભ્યતાનો વિકાસ અને માનસિક રોગોની વૃદ્ધિ એકબીજાના સહપંથી છે. મનુષ્ય આ દુર્ભાગ્યથી માત્ર પરિષ્કૃત અધ્યાત્મ દ્વારા જ મુકત થઈ શકે છે.

આધ્યાત્મિક દર્શન અનુસાર માનવની અંદર તે તત્ત્વ વિદ્યમાન છે, જે અપાર જ્ઞાન, શકિત અને આનંદનો સ્રોત છે. તેનું જાગરણ અને વિકાસ જ મનુષ્યની તમામ સમસ્યાઓનું સમાધાન છે. ઉપાસનાત્મક ઉપચાર તેને જ સંપન્ન કરવાનો સશકત વિજ્ઞાનસંમત ઉપાય છે, જેમાં મનુષ્યના આધ્યાત્મિક જ્ઞાનની પ્રગતિ બહારથી અંદરની તરફ થાય છે. તેમાં અંતરાત્માની પૂર્ણતાનું પ્રક્ષેપણ પસંદ કરેલા ઉપાસ્ય દેવ, મહાપુરુષ અથવા આદર્શમાં હોય છે અને તેમની સાથે ભાવ-સંવાદ અને તાદાત્મીકરણની પ્રક્રિયાની સાથે આંતરિક જાગરણ, રૂપાંતરણ અને વિકાસની પ્રક્રિયા શરૂ થાય છે. સાથોસાથ ઉપાસના દ્વારા વ્યકિતને જીવનનો ખાલીપો અને અપૂર્ણતાને ભરનાર સશકત અને પૂર્ણ આલેખન મળી જાય છે અને અસ્તિત્વની ગહનતમ જિજ્ઞાસા અને પિપાસાને સંતુષ્ટ અને તૃપ્ત કરનાર આધાર પણ મળી જાય છે.

■

સ્વર્ગ અને નરક કરણીનું ફળ છે. એક સંતે પોતાના શિષ્યને સમજાવ્યું, પરંતુ શિષ્યને વાત સમજાઈ નહીં ત્યારે તેનો ઉત્તર આપવા માટે પછીના દિવસે સંત શિષ્યને લઈને એક શિકારીની પાસે ગયા. ત્યાં જઈને તેમણે જોયું, શિકારી જંગલમાં કેટલાંક નિર્દોષ પક્ષીઓને પકડીને લાવ્યો હતો અને તેમને કાપી રહ્યો હતો. તે જોતાં જ શિષ્ય બરાડી ઊઠયો, મહારાજ, અહીં તો નરક છે; અહીંથી જલદી ચાલી નીકળો. સંતે કહ્યું, ખરેખર આ પારધીએ આટલા જીવો મારી નાખ્યા, પરંતુ આજ દિન સુધી ફૂટી કોડી પણ તેણે ભેગી કરી નથી. તેની પાસે કપડાં લેવાનાય પૈસા નથી. તેને માટે આ સંસાર પણ નરક છે અને પરલોકમાં જે આટલા જીવો મારી નાખ્યા તે જીવોના તડપતા આત્માઓ તેને પીડા આપશે. તેની તો કલ્પના પણ કરી શકાય તેમ નથી.

સંત બીજા દિવસે એક સાધુની ઝૂંપડી પર પહોંચ્યાં. શિષ્ય પણ તેમની સાથે હતો. ત્યાં જઈને તેમણે જોયું, સાધુની પાસે હતું તો કાંઈ નહિ, પરંતુ તેમની મસ્તીની કોઈ સીમા નથી. તેઓ ખૂબ સંતુષ્ટ, ખૂબ પ્રસન્ન જણાતા હતા. સંતે કહ્યું, વત્સ, આ સાધુ આ જીવનમાં કષ્ટનું, તપશ્ચર્યાનું જીવન જીવી રહ્યા છે, તો પણ મનમાં આટલી પ્રસન્નતા ! આ એ વાતનું પ્રતીક છે કે તેમને પારલૌકિક સુખ તો નિશ્ચિત જ છે.

સાયંકાળે સંત એક વેશ્યાના ઘરમાં પ્રવેશવા લાગ્યા ત્યારે શિષ્ય બરાડી ઊઠયો, મહારાજ, અહીં કયાં આવ્યા ? સંતે કહ્યું, વત્સ, અહીંનો વૈભવ પણ જોઈ લે. મનુષ્ય આ સાંસારિક સુખના ઉપભોગ માટે પોતાના શરીર, શીલ અને ચરિત્રને પણ વેચીને કેવી રીતે મોજ ઉડાવે છે ! પરંતુ શરીરનું સૌંદર્ય નષ્ટ થતાં જ કોઈ તેની પાસે આવતું નથી આ એ વાતનું પ્રતીક છે, કે તેને માટે સંસાર સ્વર્ગ જેવો છે, પરંતુ તેનો અંત એ જ છે જે પેલા પારધીનો હતો.

અંતિમ દિવસે તેઓ એક સદ્‌ગૃહસ્થના ઘેર જઈ રોકાયા. તે ગૃહસ્થ ખૂબ પરિશ્રમી, સંયમી, નેક અને પ્રામાણિક હતો, તેથી સુખ-સમૃદ્ધિની તેને કોઈ કમી નહોતી, પરંતુ તે વધી જ રહી હતી. સંતે કહ્યું, આ એ વ્યકિત છે, જેને આ પૃથ્વી પર પણ સ્વર્ગ અને પરલોકમાં પણ સ્વર્ગ છે. શિષ્યએ આ તત્ત્વજ્ઞાનને સારી રીતે સમજી લીધું કે સ્વર્ગ અને નરક હકીકતમાં કરણીનું જ ફળ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિધિ-વિધાનથી કરીએ મંત્ર-સાધના

મંત્રશકિત, પ્રાચીન વિદ્યાઓમાં પોતાનું એક મહત્ત્વપૂર્ણ અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ જ્ઞાન-વિજ્ઞાનની એક રહસ્યમય પરંતુ તથ્યપૂર્ણ વિદ્યા છે, જેના અદ્ભુત અને ચમત્કારી પ્રભાવોથી રાષ્ટ્રીય જીવનનો અતીત ઓતપ્રોત રહ્યો છે. આજ ભલે કાળના પ્રવાહમાં આ વિદ્યા લુપ્તપ્રાય થઈ ગઈ હોય, પરંતુ તેની ઉપયોગિતા અને પ્રાસંગિકતા પહેલાં કરતાંય વધારે રહેલી છે, કેમકે મંત્રશકિતની ગૂઢ વિદ્યા જીવનના સર્વાંગીણ અભ્યુદયનો માર્ગ પ્રશસ્ત કરવામાં સક્ષમ છે. એ એક બાજુ જ્યાં ભૌતિક પ્રયોજનોને સફળતાપૂર્વક સિદ્ધ કરવામાં સમર્થ છે, ત્યાં બીજી બાજુ તેની આધ્યાત્મિક પ્રભાવોત્પાદકતા પણ અસંદિગ્ધરૂપે માનવીને દૈવી વરદાન આપવામાં અચૂક છે. બસ, જરૂર છે તેના સાચા સ્વરૂપને સમજવાની અને તેની ક્રિયાવિધિને નિષ્ઠાપૂર્વક જીવનમાં અપનાવવાની.

મંત્ર, સ્થૂળ શબ્દો અને અક્ષરો દ્વારા ગૂંથાયેલ સૂક્ષ્મ શકિતધારાનો એક એવો શકિતપુંજ છે, જેની શકિત સામાન્ય રીતે પ્રસુપ્ત રહે છે. સાધના દ્વારા, તેના સતત મનન દ્વારા આ શકિત જાગૃત થવા લાગે છે અને સાધકને પોતાની પ્રકૃતિ પ્રમાણે ઈચ્છિત ફળ આપે છે. પોતાના સૂક્ષ્મ ભૌતિક સ્વરૂપને અનુરૂપ મંત્ર અભીષ્ટ લૌકિક મનોકામનાને પૂર્ણ કરે છે અને આધ્યાત્મિક પ્રકૃતિને અનુરૂપ સાધકના અંતઃકરણમાં ઈચ્છિત હેર-ફેર કરીને મનોભૂમિને એટલી પરિષ્કૃત કરે છે કે ઈશ્વરીય ચેતનધારા અવતરિત થઈ શકે અને સાધકના માધ્યમથી પ્રવાહિત થઈ શકે. આ રીતે મંત્ર વિશ્વ-બ્રહ્માંડ વ્યાપી સૂક્ષ્મ અને અલૌકિક શકિતધારાઓને સ્ફુરિત કરીને પોતાને અનુકૂળ બનાવનારી વિદ્યા છે. આ એક એવી વિજ્ઞાન-સંમત પ્રક્રિયા છે, જેનાથી શકિતનો ઉદ્ભવ થાય છે. જ્ઞાન અને પ્રકાશનો આ એક એવો પુંજ છે, જે જાગૃત થતાં અજ્ઞાન, તમસ્ અને અંધકારનો નાશ કરે છે. તેનાથી જ્યાં પ્રાણબળ, મનોબળ, બૌદ્ધિક પ્રખરતા અને ચારિત્રિક દૃઢતાની સાથે આત્મિક વિકાસનો પંથ પ્રશસ્ત થાય છે, ત્યાં ધન, આરોગ્ય, આયુષ્ય, અસુરક્ષા, વિપત્તિ-નિવારણ, આસુરી શકિતઓનો નાશ, જેવા ભૌતિક લાભો અને લૌકિક પ્રયોજન પણ સિદ્ધ થઈ શકે છે. આ રીતે મંત્રમાં જીવનના સર્વાંગીણ વિકાસ અને અભ્યુદયનો મર્મ સમાયેલો છે.

હકીકતમાં, આત્મિક દૃષ્ટિએ આધ્યાત્મિક લાભ માટે મંત્ર-જપથી ચડિયાતું બીજું કોઈ સાધન નથી. તેને બધાથી સરળ, સહજ અને પ્રભાવકારક માનવામાં આવ્યું છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે, **'યજ્ઞાનાં જપ યજ્ઞોસ્મિ'** અર્થાત્ યજ્ઞોમાં જપ યજ્ઞ હું જ છું. આ રીતે જપ-સાધનાને સર્વશ્રેષ્ઠ માનવામાં આવી છે. યોગદર્શનમાં મહર્ષિ પતંજલિએ લખ્યું છે કે જળ, ઔષધિ, મંત્ર-જપ અને સમાધિ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અર્થાત્ મંત્ર-જપને સિદ્ધિનાં સાધનરૂપે સ્વીકારવામાં આવ્યો છે, આ જ રીતે મંત્રશાસ્ત્રીઓએ વારંવાર કહ્યું છે કે જપાત્ સિદ્ધિ, જપાત્ સિદ્ધિ, જપાત્ સિદ્ધિ ન સંશયા । અર્થાત્ મંત્ર-જપથી પ્રચંડ શકિતનો ઉદ્ભવ થાય છે અને સિદ્ધિ મળે છે, તેમાં કોઈ શંકા હોવી ન જોઈએ તથા અનેક ભૌતિક અને આધ્યાત્મિક ઉપલબ્ધિઓ પ્રાપ્ત થાય છે. 'અગ્નિપુરાણ'માં મંત્ર-જપની આત્યંતિક વ્યાખ્યા સુંદર રીતે કરતાં કહેવામાં આવ્યું છે -

**જ કારો જન્મ વિચ્છેદઃ પકારઃ પાપનાશકઃ ॥**
**તસ્માજ્જપ ઇતિ પ્રોક્તો જન્મ પાપ-વિનાશકઃ ॥**

> *ગુજરાતના વીરપુર ગામમાં પ્રખ્યાત સંત જલારામ બાપા થઈ ગયા. તેઓ પોતે ખેતી કરતાં કરતાં રામનામ જપતા. તેમાં જે અનાજ ઊગતું, તેને તેમની પત્ની સુપાત્રો, અભ્યાગતો માટે ખુલ્લું રાખતાં. આ રીતે બન્ને શ્રમ તો કરતાં, પરંતુ પોતાનાં પેટ ભર્યા પછી જે કાંઈ વધતું તે પરમાર્થ કાર્યમાં આપી દેતાં.*
>
> *આ સાધનાથી પ્રસન્ન થઈને ભગવાને તેમને પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને અન્નપૂર્ણા ઝોળી આપી. એમ કહેવાય છે કે તે અન્ન ભંડારમાંથી આજ સુધી અસંખ્ય લોકો ભોજન-પ્રસાદ પ્રાપ્ત કરતા રહ્યા છે, ક્યારેય તૂટ પડી નથી.*

'જ' નો અર્થ જન્મનો વિચ્છેદ અને 'પ' નો અર્થ પાપોનો નાશ છે. જેનાથી જન્મ-મરણ અને પાપોનો નાશ થાય છે, તે જ 'જપ' કહેવાય છે.

મંત્ર-જપની આ અનિર્વચનીય મહત્તા છતાં આપણે તેના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લાભથી વંચિત રહી જઈએ છીએ તો નિશ્ચિત જ આપણે કોઈ ભૂલ કરી રહ્યા છીએ. આપણી સાધન-ક્રિયાઓમાં ક્યાંક કોઈ ત્રુટિ રહી ગઈ છે. મંત્ર-સાધનાને ફળદાયી બનાવવા માટે કેટલાંક આધારભૂત તથ્યોનું ધ્યાન રાખવું અનિવાર્ય છે.

મંત્ર-સાધનાના વિષયમાં પ્રથમ તથ્ય છે **'આચરણની શુદ્ધતા.'** તેનાં પોતાનાં વૈજ્ઞાનિક કારણો છે. મંત્ર શબ્દશકિતનું સૂક્ષ્મ વિજ્ઞાન છે. કોઈ પણ મંત્રની રચના શબ્દ વિજ્ઞાનનાં ગંભીર તથ્યો પર આધારિત છે. તેમનું સાચું ઉચ્ચારણ આપણા શરીરમાં અવસ્થિત સૂક્ષ્મ શકિતકેન્દ્રો, ચક્રો, ઉપત્યિકાઓને તેમની સુષુપ્તાવસ્થામાંથી જાગૃત કરે છે અને અભીષ્ટ શકિતના પ્રવાહને સંચાલિત કરે છે. સાથોસાથ મંત્ર-જપ વિખરાયેલી માનસિક શકિતઓને કેન્દ્રિત કરીને ઈચ્છિત લક્ષ્ય તરફ નિયોજિત કરીને આશાતીત સફળતા અને સિદ્ધિ તરફ અગ્રેસર કરે છે.

મંત્ર-સાધનાના સંદર્ભમાં બીજું મહત્ત્વપૂર્ણ તથ્ય છે મંત્રની શકિત, પ્રભાવ અને પ્રામાણિકતા પર **અતૂટ વિશ્વાસ.** વિશ્વાસને સાધનાનો પ્રાણ કહેવામાં આવ્યો છે. તેના અભાવમાં સાધના ઊભડક મનથી જ થાય છે અને એવામાં અભીષ્ટ ઈચ્છિત સફળતા સંદિગ્ધ જ રહી જાય છે. વાસ્તવમાં વિશ્વાસ પોતે જ એક બહુ મોટી શકિત છે. વિશ્વાસથી ઉદ્‌ભવતી ઊર્જા તમામ અવરોધોની વચ્ચે પણ સાધકને પ્રગતિ-પથ પર આગળ વધારતી રહે છે. માનસકારે તો 'શ્રદ્ધા-વિશ્વાસ'નો મહિમા ભવાની શંકરની ઉપમા આપીને પ્રતિપાદિત કરેલ છે. હકીકતમાં શ્રદ્ધાભાવ વિના મંત્ર-સાધનામાં એ નિષ્ઠા જ નથી જન્મતી, જે સાધનાથી સિદ્ધિ સુધીની દૂરતાને અધ્યવસાયપૂર્વક મિટાવી શકે.

ત્રીજું મહત્ત્વપૂર્ણ તથ્ય છે **વ્યવહાર-શુદ્ધિ,** જે આહાર-વિહારના સંયમ અને સાત્ત્વિકતા દ્વારા નિર્ધારિત થાય છે. સાધકનો આહાર-વિહાર સીમિત જ હોવો જોઈએ. આહારની બાબતમાં ભૂખથી થોડું ઓછું અને નિયત સમયે લેવામાં આવેલ સાત્વિક આહાર એક મોટો આદર્શ છે. આહારની બાબતમાં વર્તવામાં આવેલ આ સંયમ મંત્ર-સાધનામાં સહાયક સિદ્ધ થશે. તેના અભાવે અભક્ષ્ય આહાર, બહુભક્ષણ, ભૂખથી વધુ ભોજન વગેરે રૂપે અસંયમિત મનને ચંચળ અને ભારે બનાવશે, જે મંત્ર-સાધનામાં એક મોટો અવરોધ છે. વિહારના સંદર્ભમાં વાણીનો સંયમ મુખ્ય છે, તેનું મોટું સૂત્ર છે-વાણી મિત, મધુર અને કલ્યાણકારી જ રહે, પરચર્ચાથી અને પરનિંદાથી સર્વથા દૂર જ રહે. આચરણના સંદર્ભમાં વિપરીત લિંગ (જાતિ) પ્રત્યે પવિત્ર અને શુદ્ધ ભાવો રાખવા નિતાંત અનિવાર્ય છે. આ સંદર્ભમાં કામોત્તેજક દશ્યો, ચલચિત્રો, અને સાહિત્યથી ઉચિત દૂરતા જ યોગ્ય છે. મંત્ર સાધકે યૌન-શુચિતાના સંદર્ભમાં વિશેષ ધ્યાન રાખવું જોઈએ. આહાર-વિહારની ઉપર્યુકત શુદ્ધિ મંત્ર-સાધનાનો એક મહત્ત્વનો પક્ષ છે, જેની મોટે ભાગે ઉપેક્ષા કરવામાં આવે છે. ફળસ્વરૂપે સફળતાથી સાધકને વંચિત જ રહેવું પડે છે. દુરાચારી, અનાચારી, વ્યભિચારી અને કુકર્મીની મંત્ર સાધનાથી ઉત્પન્ન શકિતના હાલ ગરમ તાવડી પર પડતાં પાણીના ટીપાં જેવો થાય છે. સાધના દ્વારા ઉત્પન્ન થઈ રહેલી શકિતને ટીપું ટીપું કરીને પોતાના શકિતઘરમાં એકઠી કરવી પડે છે. મંત્રસિદ્ધિમાં સહાયક સંયમ-સાધનાનો આ જ સાર છે.

આ સિવાય મંત્ર-સાધનાની સિદ્ધિ માટે **શરીરની શુદ્ધિ** અપેક્ષિત છે. આ પ્રયોજન સ્નાન દ્વારા પૂરું થાય છે. વધુ શરદી, રોગ અથવા કોઈક વિવશતાવશ હાથ-મોં ધોઈને કે ભીના કપડાંથી શરીર લૂછીને પણ કામ ચલાવી શકાય છે. શરીર પર ઓછામાં ઓછાં વસ્ત્રો રહેવાં જોઈએ. ઠંડીમાં

*સ્વામી દયાનંદ, વિરજાનંદજી પાસેથી આદેશ પામીને તપોબળ મેળવવા 'ઘરાસું ચટ્ટી, પહોંચ્યા અને ત્યાં પરશુરામ શિલા પર બેસીને તેમણે ઉગ્ર તપ કર્યું. છ વર્ષ વીતતાં તેમને પોતાનું સંકલ્પ બળ, બ્રહ્મતેજ વધતું પ્રત્યક્ષ દેખાવા લાગ્યું. સાધના પ્રત્યેના મોહે રોકયા, બીજા પણ ઊંચા આયામો પાર કરીને મુકત થઈ જાવ. એટલામાં ભીતરથી ધમકીભર્યો આદેશ આવ્યો, મેં આ માટે તને સાધના કરવા મોકલ્યો હતો ? ચાલ ઊઠ-ઊભો થા સમાજમાં વ્યાપેલી અનીતિ અને અંધવિશ્વાસને દૂર કરી ધર્મની ચાદરને મેલી કરનારા પાખંડીઓનું ખંડન કર. એમ લાગ્યું કે સ્વયં ગુરુદેવ અંદરથી કહી રહ્યા હોય. તેઓ ઊભા થયા ને તેમણે ધર્માંધોની વચ્ચે આવીને પોતાનો અડ્ડો જમાવ્યો. જ્ઞાનનો વિસ્તાર કરીને જનમાનસમાં વ્યાપેલી ભ્રાન્તિઓનું ખંડન કર્યું અને એ જ તેમની જીવનસાધના બની ગઈ.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધાબળાનો પ્રયોગ કરી શકાય છે. સાધનામાં સ્થાનનું પણ મહત્ત્વ છે. તે શાંત, એકાંત અને સાત્ત્વિક હોય એ શ્રેયસ્કર છે. નદીતટ, મંદિર, બાગ અને ઘરનો એકાંત ખૂણો વગેરે તેને માટે યોગ્ય સ્થળ છે. બની શકે ત્યાં સુધી આખો દિવસ પહેરેલાં કપડાં પહેરીને સાધના ન કરવી જોઈએ. આસન એવું હોવું જોઈએ, જેના પર લાંબા સમય સુધી પીડા વિના બેસી શકાય. પલાંઠી મારીને સીધા ટટાર બેસવું સૌથી સરળ છે. કરોડરજ્જૂ હંમેશાં સીધી રહેવી જોઈએ, જેનાથી સુષુમ્ણાનો પ્રાણ-પ્રવાહ અવરોધ વિના ચાલતો રહે.

મંત્ર સાધના માટે પ્રાતઃકાળનો સમય શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને સાધના કરવી જોઈએ. સાધના નિયત સ્થાન અને સમય પર નિયમિત રૂપે થવી જોઈએ. દિશાનો વિચાર પણ ઈષ્ટ છે. સામાન્ય રીતે વહેલી સવારે પૂર્વ દિશા ભણી તથા સંધ્યાકાળે પશ્ચિમ ભણી મોં કરીને સાધનામાં બેસવું જોઈએ. સાત્ત્વિકતાની દૃષ્ટિએ તુલસીની માળા જ શ્રેષ્ઠ છે. મંત્ર-જપ એ પ્રકારના હોવા જોઈએ કે કંઠમાંથી અવાજ તો નીકળતો રહે અને હોઠ પણ હાલતા રહે, પરંતુ પાસે બેઠેલ બીજી વ્યકિત સાંભળી ન શકે. એક માળા પૂરી થતાં સુમેરુનું ઉલ્લંઘન કરવામાં આવતું નથી, પરંતુ તેને મસ્તક તથા નેત્રોનો સ્પર્શ કરીને ઊલટાવીને જપ શરૂ કરવામાં આવે છે.

જપના સંદર્ભમાં એ પણ ઈષ્ટ છે કે આ દરમિયાન થઈ રહેલી અનુભૂતિઓને અને અનુભવોને પોતાના સુધી જ સીમિત રાખવામાં આવે અથવા પોતાના માર્ગદર્શક અથવા કોઈ પ્રામાણિક સાધકને જ જણાવવામાં આવે, તેમને સાર્વજનિક કરવાં તે નથી આવશ્યક, નથી ઉચિત. પૂજામાં બચેલા પદાર્થો કોઈ તીર્થ, નદી, બાગ અથવા પવિત્ર સ્થળે પધરાવી દેવા જોઈએ. ચોખા, નૈવેદ્યનું વિતરણ અનુક્રમે ચકલીઓને અને બાળકોને પ્રસાદરૂપે વહેંચી શકાય છે. વધેલા પાણીથી સૂર્યને અર્ધ્યદાન આપવું જોઈએ.

સાધના નિયમિતરૂપે નિશ્ચિત માત્રામાં થવી જોઈએ. જો કોઈ કારણવશ વિઘ્ન અવરોધ આવી જાય તો પછીના દિવસે એક માળા પ્રાયશ્ચિત્તરૂપે જપવી જોઈએ. જન્મ અને મૃત્યુનું સૂતક હોય ત્યારે વિધિ-વિધાનપૂર્વક સાધના કરવાની મનાઈ છે. આવી પરિસ્થિતિમાં માનસિક જપથી કામ ચલાવી લેવું જોઈએ. યાત્રા અથવા રોગની સ્થિતિમાં પણ જ્યારે વિધિ-વિધાનપૂર્વક જપ કરવાનું સંભવિત ન હોય તો હાલતાં-ચાલતાં કે પથારીમાં માનસિક જપ કરી શકાય છે.

સાધનામાં જાતજાતનાં વિઘ્નો આવે છે. તે વિઘ્નો સાથે ધીરજપૂર્વક કામ લેવું જોઈએ. સમયસર વાંછિત સફળતા ન મળતાં નિરાશ અને શંકાશીલ ન થવું જોઈએ. તેને બદલે ઊંડાણથી પોતાની ઊણપોનું નિરીક્ષણ કરવું જોઈએ અને બમણા ઉત્સાહ સાથે સાધનામાં લાગી જવું જોઈએ.

ચંચળ મનને અંતર્મુખ બનાવી રાખવા માટે સદ્ગ્રંથોનો સ્વાધ્યાય ખૂબ સહાયક બને છે. તેનાથી જ્યાં આત્મનિરીક્ષણ અને સમીક્ષાનું પ્રયોજન સિદ્ધ થાય છે, ત્યાં મનને ઉચ્ચતર પ્રેરણા અને માર્ગદર્શન પણ મળતું રહે છે.

ઉપર્યુકત વિધિ-વિધાનથી કરવામાં આવેલી મંત્ર-સાધના નિશ્ચિતરૂપે સાધકને મંત્રમાં સમાયેલી શકિત અને સામર્થ્યનો પરિચય કરાવવામાં સફળ સિદ્ધ થાય છે. ▣

---

એક સાધુ તથા ડાકુ સાથોસાથ યમરાજની સભામાં જઈ પહોંચ્યા. યમરાજે તેમનાં કૃત્યોનું અવલોકન કર્યું અને કહ્યું, જો તમારે બન્નેએ પોતાના માટે કાંઈક કહેવું હોય તો કહી શકો છો. તમારી કરણી તમારી સામે છે. એક જણે ભકિત કરી છે; તો બીજાએ પાપ.

ડાકુ વિનમ્ર સ્વરે બોલ્યો, મહારાજ, મેં જીવનમાં બહુ પાપો કર્યાં છે. જે કોઈ વિધાન આપને ત્યાં મારે માટે હોય તે મુજબ કરો. હું હાજર છું. પછીથી સાધુ બોલ્યો, આપ તો જાણો જ છો, મેં જીવનભર ભકિત કરી છે, મહેરબાની કરીને મારા સુખ-સાધનોનો પ્રબંધ તુરંત કરાવો.

યમરાજે બન્નેની ઈચ્છા સાંભળીને ડાકુને કહ્યું, તને એ દંડ આપવામાં આવે છે કે તું આજથી આ સાધુની સેવા કરવા માંડ. ડાકુએ માથું ઝુકાવીને આ આજ્ઞા માથે ચઢાવી. પરંતુ સાધુએ વિરોધ દર્શાવ્યો મહારાજ, આ દુષ્ટના સ્પર્શથી હું ભ્રષ્ટ થઈ જઈશ. મારી ભકિત અને તપસ્યા ખંડિત થઈ જશે.

હવે યમરાજ બોલી ઊઠયા, કુકર્મી ડાકુ તો વિનમ્રતા સાથે આપની સેવા કરવા તત્પર બની ગયો અને આપ સાધુ મહારાજ માત્ર આપના આ કથનથી આપની દુર્ગતિ કરી બેઠા છો. આપની ભકિત અધૂરી રહી છે. તેનો પરિચય કરાવે છે આપનું ચિંતન. સાધુ બહુ જ લજ્જિત થયો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અનીતિથી ધન વધારશો નહિ.

આજે સર્વત્ર અશાંતિ જ અશાંતિ પ્રવર્તે છે. સંસારમાં જેટલા પણ લડાઈ-ઝઘડા ફેલાયેલા છે, તેનું એક માત્ર કારણ અન્યાયથી બીજાઓનો અધિકાર ઝૂંટવી લેવો એ છે. બીજાઓએ કમાયેલી સંપત્તિનું અપહરણ કરવું તે અન્યાય છે અને અન્યાયથી ધન ભેગું કરવાથી જ તમામ પ્રકારના સંઘર્ષો પેદા થાય છે. કોઈ પણ રીતે ધન પ્રાપ્ત કરવાના નશાએ જ પ્રત્યેક દેશ, જાતિ, પરિવારને એવા ગાંડાં, સ્વાર્થી બનાવી દીધા છે, જેના પરિણામે સર્વત્ર કલહનું સામ્રાજ્ય સ્થપાયેલું છે. સૌ પોતપોતાની સ્વાર્થસિદ્ધિની ચિંતામાં રહે છે. ભાઈ જ (સગા)ભાઈના સર્વનાશ માટે કાર્યરત છે. પરિવારનું સમગ્ર સુખ નરક રૂપે પરિણમે છે. કોઈ ભાગ્યશાળી કુટુંબ જ કદાચ આ દુઃખથી મુક્ત હશે. ઘણું ખરું એવું જોવા મળે છે કે મનુષ્ય પાસે પૂરતા પ્રમાણમાં ધન હોવા છતાં પણ તેની તૃષ્ણા અને લોલુપતા વધતી જ રહે છે અને તે આ તૃષ્ણાને વશ વર્તીને ધન-ઉપાર્જનની અભિલાષાથી હજારો પ્રકારનાં પાપો કરતાં પણ અચકાતો નથી. આ રીતે તે પોતાને પાપી બનાવે છે.

મનુષ્ય પ્રતિક્ષણ ધનમાં જ પોતાની જાતને લપેટાયેલી રાખવાને અને ધનાઢ્ય બનાવવાને જ પોતાનું પરમ કર્તવ્ય સમજે છે. ધનના ઉપયોગની ઈચ્છાઓ અધિકાધિક રૂપે એટલી પ્રબળ બનતી જાય છે કે તે મનુષ્યને ચેન લેવા દેતી નથી. જે આનંદની અભિલાષામાં તે ધન એકત્રિત કરે છે, તે આનંદ ક્ષણિક સમય માટે જ મળે છે. **અન્યાયથી એકત્રિત કરાયેલા ધનથી આ સંસારમાં કોઈ પણ વ્યક્તિ સુખી થયેલી જોવા મળતી નથી.**

અનીતિથી સંચિત કરેલું ધન ક્યારેય આનંદદાયક બનતું નથી. તેવું ધન બહુ ખરાબ રીતે નાશ પામે છે. તેનો નાશ થતાં લોકો રડે છે, માથું ધુણાવે છે, એટલે સુધી કે ક્યારેક પાગલ બની જાય છે, પરંતુ તોય પોતાની ભૂલોનો સ્વીકાર કરતા નથી. જો તેઓ એમ સમજવા લાગે કે આપણું સંચિત કરેલું ધન નાશ પામતાં આપણને જેવું દુઃખ થઈ રહ્યું છે, તેવું જ દુઃખ જેના ધનને આપણે અનધિકારરૂપે લઈ લીધું, તેને પણ થતું હશે, તો આપણે ધન હરણનો અન્યાય કરવા તત્પર જ ન થઈ શકીએ. જ્યાં સુધી મનુષ્યમાં આ પ્રકારના આત્મબળની ઊણપ રહેશે, ત્યાં સુધી તે કદી પણ વાસ્તવિક ઉન્નતિના શિખર પર ચડી શકતો નથી. અપાર ધનનો સ્વામી હોવા છતાં પણ કોઈ સુખ અને શાંતિ પ્રાપ્ત કરી શક્યો નથી. અનાચાર અને અત્યાચારથી એકઠા કરેલા ધનથી શું કદી કોઈ સુખી બન્યું છે ?

જે વ્યક્તિઓનાં કર્મો શુભ છે અને જેમનું લક્ષ્ય ઉત્તમ છે, તેઓ પોતાની સંપૂર્ણ સંપત્તિનો ત્યાગ કરીને પણ દુઃખી રહેતા નથી. તેમના સુખની સામગ્રી સર્વથા સુરક્ષિત જ રહેશે. મહાત્મા ગાંધી, ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી આદિ મહાપુરુષોએ પોતાની બધી સંપત્તિ ત્યાગી દીધી હતી, તો પણ તેઓને પોતાની નિર્ધનતાનું દુઃખ ભોગવવું પડ્યું નહોતું.

> *ન કંચિદવમન્યતે સર્વસ્ય શૃણુયાન્મતમ્ ।*
> *બાલસ્યાપ્યર્થવદ્વાક્યમુપયુંજીત પંડિતઃ ॥*
> *બુદ્ધિમાન મનુષ્યએ કોઈનું ય અપમાન ન કરવું, બધાનો અભિપ્રાય સાંભળવો અને એક બાળકની પણ સારી વાતને સાંભળીને તેનું સન્માન કરવું.*

સત્પુરુષોની પાસે અન્ય આત્મિક સંપત્તિઓ એટલી બધી એકત્રિત થઈ જાય છે કે તેમને થોડાંક સાધનોથીય અમીરો કરતાં વધુ સુખ પ્રાપ્ત થતું રહે છે.

યાદ રાખો કે એ જ ધન ફળદાયી બનશે તથા સુખ-શાંતિની વૃદ્ધિ કરશે, જે પરિશ્રમ અને પ્રામાણિકતાથી, યોગ્ય પ્રયત્નો દ્વારા મેળવવામાં આવે છે. અન્યાય દ્વારા ઉપાર્જિત ધન ભલે ગમે તેટલું જલદી ગમે તેટલું વધારે એકઠું કરવામાં કેમ ન આવ્યું હોય, પરંતુ તેનાથી રોગ, શોક, ચોરી, આપત્તિ, રાજદંડ, હાનિ વગેરેના જ કુયોગ મળશે અને તે ધન અનેક પ્રકારનાં દુઃખો આપતું નાશ પામશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જેમણે પ્રેમ કર્યો તે પ્રભુ પામ્યા

તેઓ વિદ્વાન હતા, સર્વમાન્ય લોકપ્રિય વિદ્વાન. અનેક પદવીઓ તેમના નામ પાછળ જોડાયેલી હતી. વિશ્વના અનેક દેશોની ડઝન ભાષાઓમાં તેમણે હજારો ગ્રંથોનું અધ્યયન કર્યું હતું. તેમને અગણિત વિષયોનું પારદર્શક જ્ઞાન હતું, પરંતુ એક ઊંડી ચોટ પણ હતી. આ જ્ઞાનથી તેમને સમ્માન તો ખૂબ મળ્યું, પરંતુ સંતોષ ન મળી શક્યો. તેમના અંતઃકરણમાં હંમેશાં અતૃપ્તિના અંગાર ભભૂકતા રહેતા હતા. મહામહોપાધ્યાય, વિદ્યાવાચસ્પતિ, વિદ્યાવારિધિ અને મહાપંડિતના અલંકારો કોઈ પણ રીતે તેમની બળતરા અને ડંખને શાંત ન કરી શક્યા. જીવન-પ્રશ્નના સમાધાનની તલ્લીનતામાં તેમના મનમાં અનેક તરંગો ઊઠતા-વિલીન થતા રહેતા હતા. આવા જ અગણિત તરંગોમાં એક વેગપૂર્ણ તરંગ એ પણ ઉદ્ભવ્યો કે અંતઃકરણમાં પરમશાંતિ કેવળ પરમાત્માના સ્પર્શથી જ પાંગરી શકે છે.

આ વિચાર-તરંગે તેમને શોધક બનાવી દીધા. તીર્થસ્થાન, દેવમંદિર અને સિદ્ધ મહાપુરુષોના દરવાજા તેઓ ખખડાવવા લાગ્યા. બધી જગ્યાએ બધું જ હતું, પણ જેની ખોજમાં તેઓ ભટકતા હતા તે ન હતું. તીર્થસ્થાનોમાં પર્યટન-સ્થળની રોચકતા અને ભવ્યતા તો હતી, પરંતુ પાવન તીર્થચેતનાનો અભાવ હતો. દેવમંદિરમાં દૈવી ગુણોને સ્થાને ધન ભંડાર હતો. સંન્યાસી, ત્યાગમૂર્તિ, તપોનિષ્ઠ હોવાને બદલે ઐશ્વર્યવાન જણાયા. તેમને આ વિરોધાભાસ વણઊકલ્યો લાગ્યો. તો પણ તેમની ખોજ સાચી હતી, જિજ્ઞાસા પાકી હતી. 'જિન ખોજા તિન પાઈયાં'નું કબીર સૂત્ર તેમને વધારે ઊંડા પાણીમાં ઊતરવાનું બળ આપતું હતું.

શોધતાં-ભટકતાં, વિહરતાં-વિચરતાં છેવટે તેઓ ગંગાની ગોદ ને હિમાલયની છાયામાં બનેલી એક સુરમ્ય કુટિરમાં જઈ પહોંચ્યા. ઘણું જ મનોરમ હતું એ સ્થળ. ત્યાં શાંતિ હતી, તપની ઊર્જા હતી અને તીર્થની પવિત્રતા હતી. શાસ્ત્રોનો જીવંત આત્મા હતો ત્યાં. કુટીરમાં વસનાર મહાયોગી બ્રહ્મચેતનાનો ઘનીભૂત પૂંજ હતા. તેમને જોઈને અનાયાસે જ શ્રદ્ધાનો ઊભરો આવ્યો. આ કુટીરની રમ્યતાએ તેમના માર્ગનો સઘળો થાક ક્ષણમાત્રમાં ઉતારી દીધો. યોગીના મધુર સ્વરોએ જાણે મુરઝાયેલા અંતઃકરણ પર અમૃતની વર્ષા કરી દીધી. 'વત્સ કિમ્ પ્રયોજનમ્ ?' આ સંક્ષિપ્ત પ્રશ્નના ઉત્તરમાં તેમણે પોતાની સઘળી જીવનગાથા સંભળાવી દીધી.

આ ગાથા સાંભળતાં મહાયોગી આચાર્ય સત્યવ્રત તેમને જોઈ રહ્યા હતા. અચાનક એક હળવા મલકાર સાથે તેમણે પૂછ્યું, " વત્સ, શું નામ કહ્યું તમે ?" પ્રત્યુત્તરમાં તેમણે કહ્યું, "આચાર્યવર, મારું નામ મહામહોપાધ્યાય, મહાપંડિત, રઘુનાથ પરચુરે શાસ્ત્રી વિદ્યાવાચસ્પતિ, વિદ્યાવારિધિ છે." નામની સાથે આટલા બધા અલંકાર સાંભળીને આચાર્ય સત્યવ્રત હસી પડયા. હસવું રોકતાં તેમણે કહ્યું, "વત્સ રઘુનાથ, જ્ઞાન તો મનુષ્યને ભારંવિહીન બનાવે છે, પરંતુ લાગે છે કે તમારા જ્ઞાને તમને ભારવાહી બનાવી દીધા." આચાર્યનો ઈશારો તેમની ઉપાધિઓની સાથોસાથ શાસ્ત્ર-પોથીઓની એ ભારે ગાંસડી તરફ હતો, જેને પંડિત રઘુનાથ શાસ્ત્રી હજી પણ પોતાના મસ્તક પર ધારણ કરી રહ્યા હતા.

જો કે તેઓ આચાર્ય સત્યવ્રતને એ પૂછી રહ્યા હતા કે, આચાર્યવર, પરમાત્માને પામવા માટે હું શું કરું ? વત્સ, સૌથી પહેલાં તો આ ઉપાધિની ગાંસડીને નીચે ઉતારો. પંડિત રઘુનાથને આ આદેશ માનવામાં ઘણી મુશ્કેલીનો અનુભવ થયો. તેમ છતાં તેમણે સાહસ કર્યું અને ગાંસડીને નીચે મૂકી દીધી. આત્માના બોજને નીચે ઉતારવા માટે ખરેખર અદમ્ય સાહસની જરૂર પડે છે. આમ તો હજી પણ તેમનો એક હાથ ગાંસડી પર જ હતો. આચાર્યજીએ કહ્યું, વત્સ, તમે તમારા હાથને પણ આ ગાંસડીથી દૂર કરી દો. પંડિત રઘુનાથે પોતાની સાચી જિજ્ઞાસાનો પરિચય કરાવતાં પોતાનો હાથ પણ ગાંસડીથી દૂર કરી દીધો. આ પળે મહાન યોગી આચાર્યજીએ કહ્યું, 'શું તમે પ્રેમથી પરિચિત છો ?' શું તમારા ચરણો પ્રેમના પંથ પર ચાલ્યાં છે ?

પંડિત રઘુનાથને આચાર્ય સત્યવ્રતના આ કથન પર મૂંઝવણ થઈ. અત્યાર સુધી તેમણે પ્રેમને જીવનપંથનો અવરોધ જ માન્યો હતો, પરંતુ આચાર્ય તો કાંઈક નવું જ કહી રહ્યા હતા. તેમણે પ્રશ્નભરી નજરે આચાર્ય સત્યવ્રત તરફ જોયું. આ પ્રશ્નસૂચક નજરના ઉત્તરમાં આચાર્યજીએ પણ કેટલાંક પ્રશ્નવાચક વાક્યો કહ્યાં, "શું પ્રેમ જ પરમાત્મા નથી ? શું પ્રેમમાં ડૂબેલું હૃદય જ તેમનું મંદિર નથી ? અને જે પ્રેમને છોડીને તેને ક્યાંક બીજે શોધે છે, તે વ્યર્થ ખોજ નથી કરતો શું ?"

આચાર્યજીના સ્વરોમાં તેમના અનુભવનું સંગીત હતું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેઓ જાણાવી રહ્યા હતા, " જે પરમાત્માને શોધે છે, તે ઘોષણા કરે છે કે તેને પ્રેમ મળ્યો નથી, કેમ કે જેમને પ્રેમ મળે છે તેમને પરમાત્મા પણ પ્રાપ્ત થાય છે. પરમાત્માની શોધ પ્રેમના અભાવથી પેદા થાય છે, જ્યારે પ્રેમ વિના પરમાત્માને પામવાનું અસંભવિત છે. પરમાત્માને જે શોધે છે, તે પરમાત્માને તો પામી જ નથી શકતા. પ્રેમની ખોજથી અવશ્ય વંચિત રહી જાય છે, પરંતુ જે પ્રેમને શોધે છે તેઓ પ્રેમને પામીને જ પરમાત્માને પામી લે છે. પ્રેમ માર્ગ છે, પ્રેમ દ્વાર છે, પ્રેમ પગની શકિત છે. અંતમાં પ્રેમ જ પ્રાપ્તિ છે. વાસ્તવમાં પ્રેમ જ પરમેશ્વર છે."

સત્યવ્રતનાં આ વચનો પંડિત રઘુનાથને આશ્ચર્યજનક તો લાગી રહ્યાં હતાં, પરંતુ તેમાં તેમને સત્યની ઝલક પણ મળી રહી હતી. સત્યવ્રત બોલી રહ્યા હતા, હું કહું છું, પરમાત્માને છોડો, પ્રેમને પ્રાપ્ત કરો. મંદિરને ભૂલો, હૃદયને શોધો, કેમકે તે તો ત્યાં જ છે."તેમણે પોતાની વાત પર ભાર મૂકતાં કહ્યું," પરમાત્માની જો કોઈ મૂર્તિ છે તો તે પ્રેમ છે, પરંતુ પાષાણમૂર્તિઓમાં એ મૂર્તિ ખોવાઈ ગઈ છે. પરમાત્માનું કોઈ મંદિર છે તો તે હૃદય છે, પરંતુ માટીમાંથી બનેલા મંદિરોએ તેને પૂરેપૂરું ઢાંકી દીધું છે. એટલા માટે હે વત્સ, તમે પ્રેમના મંદિરમાં પ્રવેશ કરો. પ્રેમને જ જીવો અને જાણો, તે પછી આવજો. પછી હું તમને પરમાત્મા સુધી લઈ જવાનું આશ્વાસન આપું છું." આચાર્યજીની આ વાતો સાંભળીને પંડિત રઘુનાથ પોતાની જ્ઞાનની ગાંસડી ત્યાં જ છોડીને પાછા ફરવા લાગ્યા.

ખરેખર તેમની જિજ્ઞાસાનું સમાધાન અસાધારણ અને અદ્‌ભુત હતું, કેમકે સામ્રાજ્ય છોડવાનું સહેલું છે, પરંતુ જ્ઞાન છોડવાનું કઠિન છે. છેવટે તો જ્ઞાન અહંકારનો અંતિમ આધાર છે, પરંતુ એ પણ સાચું છે કે પ્રેમ માટે અભિમાનનો ત્યાગ જરૂરી છે. પ્રેમનો વિરોધી ધૃણા નથી. પ્રેમનો મૂળ શત્રુ તો અહંકાર છે. ધૃણા તો તેના અનેક સંતાનોમાંથી એક છે. રાગ-વિરાગ, આસકિત-વિરકિત, મોહ. ધૃણા, ઈર્ષ્યા, ક્રોધ, દ્વેષ, કામ બધાંય તેનાં જ સંતાનો છે. અહંકારનો આ પરિવાર ઘણો મોટો છે. આચાર્યવરના સત્સંગમાં પંડિત રઘુનાથે આ સત્ય જાણી લીધું હતું. તેમણે આચાર્યવરની વિદાય લીધી. આચાર્યજી પણ તેમને બહાર સુધી મૂકવા આવ્યા. તેઓ આને લાયક પણ હતા. આચાર્ય સત્યવ્રત તેમના સાહસથી આનંદિત હતા, કેમ કે જ્યાં સાહસ છે ત્યાં જ સાધનાની સંભાવના છે. સાહસથી સ્વતંત્રતા આવે છે અને સ્વતંત્રતાથી સત્યનો સાક્ષાત્કાર થાય છે.

આ ઘટનાને કેટલાય વર્ષો વીતી ગયા. આચાર્ય સત્યવ્રત તેમના પાછા ફરવાની પ્રતીક્ષામાં અતિ વૃદ્ધ થઈ ગયા, પરંતુ પંડિત રઘુનાથ પાછા ન આવ્યા. અંતે હારી થાકીને આચાર્ય સત્યવ્રત જ તેમને શોધવા માટે નીકળી પડયા અને એક દિવસ તેમણે તેમને શોધી જ કાઢ્યા. તેઓ એક ગામમાં ખૂબ જ આત્મવિભોર થઈને એક કુષ્ઠ રોગીની સેવા કરી રહ્યા હતા. તેમને ઓળખવાનું પણ મુશ્કેલ હતું. પ્રેમભર્યા આનંદથી તેમની કાયાપલટ થઈ ગઈ હતી. આચાર્ય સત્યવ્રતે તેમને ટકોર કરતાં કહ્યું, 'તમે આવ્યા નહીં ?' હું તો તમારી પ્રતીક્ષા કરતાં કરતાં થાકી ગયો અને છેવટે ખુદ હું જ તમારી શોધમાં નીકળી પડયો. શું તમારે પરમાત્મા શોધવા નથી ?" પંડિત રઘુનાથે કહ્યું ના, બિલકુલ નહીં. મેં જે ક્ષણે પ્રેમને પ્રાપ્ત કર્યો, તે જ ક્ષણથી બધાં જ પ્રાણીઓમાં એને જ (પ્રેમને જ) નિહાળી રહ્યો છું. હું જાણી ગયો છું કે પ્રેમ જ પરમેશ્વર છે.

卐

ચિત્રકેતુ એક રાજા હતો, જેને મહર્ષિ અંગિરાની કૃપાથી એક સંતાન પ્રાપ્ત થયું હતું. તેનું કિશોરાવસ્થામાં જ મૃત્યુ થઈ ગયું. રાજા પુત્રના વિયોગથી ખૂબ વ્યાકુળ બન્યો. અંતે ઋષિદેવ આવ્યા અને તેમણે દિવંગત આત્માને બોલાવીને શોકાતુર રાજા સાથે વાર્તાલાપ કરાવ્યો. પિતાએ પુત્રને પાછા ફરવા કહ્યું તો તેણે જવાબ આપ્યો, હે જીવ, ન તો હું તારો પુત્ર છું, ન તું મારો પિતા છે. આપણે બધા જીવો કર્માનુસાર ભ્રમણ કરી રહ્યા છીએ, એટલા માટે તું તારા આત્માને ઓળખ. હે રાજન્, તેનાથી જ તું સાંસારિક સંતાપોથી છુટકારો મેળવી શકે છે. તેને માટે તું તપ-સાધના કર. રાજા આશ્વાસન પામ્યો અને તેણે પોતાનું શેષ જીવન આત્મકલ્યાણની સાધનામાં જોડીને આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું અને જીવનમુકત થઈ ગયો.

વાસ્તવિક પુરુષાર્થ આત્મજ્ઞાનની પ્રાપ્તિ છે. યોગ ને તપ આ જ નિમિત્તે કરવામાં આવે છે. પોતાની જાતનો પરિષ્કાર અને અભ્યસ્ત કુસંસ્કારો સામે ઝૂઝવું એ જ તપ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સાહસ દેવતાની સાધનાનાં ત્રણ ચરણો

ભગવાને મનુષ્યને અગણિત શકિતઓનો ભંડાર બનાવીને આ ધરતી પર એટલા માટે મોકલ્યો છે, કે તે એ ક્ષમતાઓનો ઉપયોગ કરીને પોતાને માટે સુખશાંતિ, સમૃદ્ધિ અને પ્રગતિનાં સાધનો ઉપલબ્ધ કરે અને બીજાઓને માટે માર્ગદર્શન અને સહયોગનો સરંજામ એકત્રિત કરે. માનવ-જીવનની સફળતા આ શકિતઓને ઓળખવા, તેને વિકસિત કરવા અને યોગ્ય દિશામાં પ્રયોગ કરી શકવા પર નિર્ભર છે.

જેઓ પોતાની આ શકિતઓને જાણતા નથી અને અભિવર્ધન અને પ્રયોગની વ્યવસ્થા ગોઠવતા નથી તેઓ આ સંસારમાં દીન-દુઃખી, દરિદ્ર-અસહાય અને ઉપેક્ષિત બનીને અભાવ અને તિરસ્કારનો દંડ ભોગવતા રહે છે. આ આત્મવિસ્મૃતિની દુઃખદાયી પ્રતિક્રિયાનું નામ નરક છે. આપણી જાતને ભૂલીને આપણી ક્ષમતાઓની ઉપેક્ષા કરીને આપણા સાહસનો ત્યાગ કરીને આપણે પોતે આપણા માટે નરકનું સર્જન કરીએ છીએ. મનુષ્યને અભાવગ્રસ્ત અને દીન-દુઃખી જીવન વિતાવવા માટે પેદા કરવામાં આવ્યો નથી. અભાવ અને કલેશ પોતાની જાતને સારી રીતે ન સમજવાનું અને તેનો સમુચિત પ્રયોગ ન કરી શકવાનું પરિણામ માત્ર છે. પોતાની ઉપેક્ષા કરવી એ બહુ જ મોટો અપરાધ છે. નિયતિ તેને સહન કરી શકતી નથી. આ પ્રકારના અપરાધી દુર્ભાગ્યના કુચક્રમાં પિસાતા નિરંતર કાંપતા રહેતા જોવા મળે છે.

અધ્યાત્મનું પ્રથમ શિક્ષણ પોતાની મહત્તાને સમજવી, પોતાની શકિતઓને શોધી કાઢવી અને તેના સદુપયોગમાં લાગી જવું તે છે. આ સાધનામાં પ્રવૃત્ત વ્યકિતઓની ઉપર રિદ્ધિ-સિદ્ધિ છાંયો કરતી ઊભેલી અને તેના પર ચામર ઢોળતી જોવા મળી છે. ઉચ્ચસ્તરના લોકો પોતાની ક્ષમતાઓને સમજે છે અને વિકસિત તો કરે જ છે, સાથોસાથ એટલું સાહસ બીજું એ કરે છે કે પોતાની વિભૂતિઓના ઉપયોગનું ક્ષેત્ર લોભ, મોહ અને વાસના-તૃષ્ણા સુધી સીમિત ન રાખતાં તેનું પ્રયોગક્ષેત્ર ઉત્કૃષ્ટતા અને આદર્શવાદ માટે વ્યાપક બનાવી દે છે. આવી જ વ્યકિતઓ આત્મકલ્યાણનું, શાશ્વત શાંતિનું અને જીવનલક્ષ્યની પૂર્તિનું પ્રયોજન પૂર્ણ કરે છે. તેમને ઈતિહાસ મહામાનવરૂપે યાદ રાખે છે.

સામાન્ય સફળતા કરતાં એ વધુ મૂલ્યવાન છે કે તેના માટે પ્રબળ પુરુષાર્થ કરવામાં આવે. કૃષિ, વ્યવસાય, શિલ્પ, અધ્યયન, નોકરી, કલા કૌશલ્ય કોઈ પણ દિશા કેમ ન હોય, પ્રગતિ માટે કઠોર શ્રમ અને તન્મયતાપૂર્ણ સતત પ્રયત્ન હર હાલતમાં જોઈએ. કોઈ વિદ્વાન, કલાકાર, ધનિક, નેતા અને અગ્રણી વ્યકિત એવી નહીં મળે, જે પુરુષાર્થની કસોટી પર કસાઈને ખરા સાબિત થવું ન પડયું હોય.

સાહસદેવતાની પ્રથમ સાધના, શારીરિક શ્રમથી પ્રસન્નતાનો અનુભવ કરવાની સાથે શરૂ કરવાની હોય છે. આળસ આપણો સૌથી મોટો શત્રુ છે. દરિદ્રતા અને અસ્વસ્થતા તેનો જ અભિશાપ છે. શરીરને આરામપ્રિય બનાવવું, નકામા બેઠા રહેવામાં સંતોષ માનવો, કહેવાતા દોસ્તો-મિત્રો સાથે ગપ્પાં મારતા રહેવું, એ બધા એવા દુર્ગુણો છે કે તે જ્યાં પણ હશે, ત્યાં ગરીબાઈ લાવીને રહેશે. પહેલાં કમાયેલી મૂડી ધીરે ધીરે ખલાસ થઈ જશે. સાથી અને કર્મચારી અનુચિત લાભ ઉઠાવવા માટે ઉત્સુક બનશે અને જે મુઠ્ઠીમાં છે, તેને સુરક્ષિત રાખી શકવાનું પણ સંભવિત નહીં રહે. એ વિચાર યોગ્ય નથી કે જેઓ અમીર હોય છે, તેઓ મોજ કરે છે અને જે ગરીબ હોય છે તેમણે જ શ્રમ કરવો પડે છે. સચ્ચાઈ એ છે કે જેઓ શ્રમશીલ છે, તેઓ જ અમીર બને છે અને જેઓ આરામપ્રિયતાના શિકાર છે, તેઓ ધીમે ધીમે ગરીબાઈની ખાઈમાં ચાલ્યા જાય છે.

કોઈ પણ દિશામાં પ્રગતિ કરવી હોય, કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવી હોય, તેને માટે કઠોર પરિશ્રમ જ કરવો પડશે. ચાલાકી અને અપ્રામાણિકતાના સહારે કેટલીક વ્યકિત શ્રમ કર્યા વિના પણ સફળતા પામતી જોવા મળે છે, પરંતુ એ પૂરેપૂરું ધ્યાનમાં રાખવું જોઈએ કે તે ઉપલબ્ધિઓનાં મૂળિયાં ખોખલાં હોય છે. તેમને ચાલી જતાં વાદળની છાયા જેટલી પણ વાર નથી લાગતી, ટકાઉપણું કેવળ પરિશ્રમના ઉપાર્જનમાં જ છે. માત્ર ધન જ નહિ, સ્વાસ્થ્ય પણ શ્રમ પર જ ટકેલું છે. એ બાબત ગાંઠે બાંધી લેવી જોઈએ કે નીરોગી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને પરિપુષ્ટ એ જ લોકો રહેશે, જેમનું શરીર કઠોર શ્રમથી ટેવાયેલું છે, જેમણે હાથ-પગ ચલાવવામાં આનાકાની કરી, તેમને અસ્વસ્થતાની વિવિધ પીડાઓ સહેવા માટે લાચાર થવું પડશે. જેઓ સમયને શ્રમની સાથે જોડી દેશે, તેમનું શરીર અને મન પુષ્ટ રહેશે. જેઓ મહેનત-મજૂરીથી પોતાની જાતને થકવી દઈને ચૂર કરવામાં ઉત્સાહ અને આનંદનો અનુભવ કરતા હશે, તેમને જ ગાઢ નીંદર અને કકડીને ભૂખ લાગવાનો આનંદ મળશે. આપણું પ્રથમ સાહસિક ચરણ એ જ હોઈ શકે છે કે આપણે આળસને મારી ભગાડીએ. એક ક્ષણ પણ બેકાર બરબાદ ન કરીએ અને નિરંતર ક્રમબદ્ધ રીતે કાર્યમાં વ્યસ્ત રહેવાની આદત કેળવીએ.

સાહસદેવતાની સાધનાનું બીજું ચરણ મનની અસ્તવ્યસ્તતા દૂર કરવી તે છે. એમ જોવા મળ્યું છે કે, કેટલાય લોકોનાં મન ખૂબ જ ચંચળ રહે છે, અનિયંત્રિત અને અનાવશ્યક વિચાર મસ્તકમાં ઊભરાતા રહે છે. જે વાતોને પોતાની સાથે સીધો સંબંધ નથી, તેવી નિરર્થક અને અનિયંત્રિત વાતો વિચારતા રહે છે અને ચિંતનની એક બહુ જ મોટી શકિતનો મહત્ત્વપૂર્ણ અંશ એમ જ નિરર્થક ખર્ચાઈ જાય છે. પોતાના સ્વભાવમાં જે અનાવશ્યક આદતોની ઘૂસણખોરી છે, તેને દૂર કરવા માટે શું કરવું જોઈએ ? જે સદ્‌ગુણ અને સત્પ્રવૃત્તિઓ પોતાનામાં નથી, તેની ટેવ કેવી રીતે પાડવી અને તેમાં વધારો કેવી રીતે કરવો ? આ પ્રશ્નો વિચારવાનો ક્યારેય પ્રયત્ન કરવામાં આવતો નથી, પોતાનો વ્યકિતગત જીવનક્રમ કેટલો અસ્તવ્યસ્ત છે અને પારિવારિક માળખું સુધારવા કે બદલવા માટે શું કરવું જોઈએ ? જે કારણોએ પોતાના પ્રગતિપંથને અવરોધી રાખ્યો છે, તેમને કેવી રીતે વ્યવસ્થિત કરવા આ બધા પ્રશ્નો પર આપણે આપણી વિચારશકિતને કામે લગાડીએ. જીવન જીવવાની કળા, સમસ્યાઓનું સમાધાન તથા ઉત્કર્ષની દિશામાં થનારા પ્રયોગો અને અનુભવો વાંચીએ, સાંભળીએ, સમજીએ, તેના પર ચિંતન મનન કરીએ તો આપણું મસ્તક આપણા માટે કલ્પવૃક્ષનું કામ કરી શકે છે, પરંતુ તેનો મોટા ભાગનો હિસ્સો તો અનિયંત્રિત ચિંતનમાં જ નષ્ટ થઈ જાય છે. તૃષ્ણા-વાસના, લોભ-મોહ, શોખ-મોજ, દ્વેષ-દુર્ગુણો દ્વારા ઉત્પન્ન કરેલી એટલી બધી ગ્રંથિઓ સામે હોય છે કે તેમનું નિરાકરણ

> -કપટ રહિત હૃદય જ પ્રાણીમાત્ર પર દયા કરે છે.
>
> -'કર્મ અને ભાવનામાં કોણ મોટું છે ?'- આ બાબત માટે ઝઘડો થવા લાગ્યો. આ ઝઘડો પતાવવા માટે બન્ને બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ કહ્યું-જે આકાશને સ્પર્શી શકે તે જ મોટો છે. ભાવનાએ છલાંગ મારી, તો આકાશમાં પહોંચી ગઈ, પરંતુ નીચે ન ઊતરી શકી, ત્યાં જ લટકી રહી. કર્મએ સીડી બનાવવી શરૂ કરી, પરંતુ બપોર થતાં થતાંમાં થાકી ગયું. બ્રહ્માજીએ બન્નેને બીજી વાર બોલાવ્યા અને સમજાવ્યું કે તમારી પૂર્ણતા સાથેસાથે રહેવામાં જ છે, એકલા તો તમે બન્ને અધૂરાં છો.

શોધવાનું જ મસ્તકીય વિચારણા માટે મુશ્કેલ બને છે. આવી દશામાં બૌદ્ધિક ચેતનાને જ્ઞાનવૃદ્ધિ અને સત્પ્રવૃત્તિઓની અભિવૃદ્ધિમાં કેવી રીતે લગાડવામાં આવે ? આ કુચક્રમાં પડેલા આપણે આપણી માનસિક ક્ષમતાઓને નષ્ટ-ભ્રષ્ટ કરતા રહીએ છીએ અને ખાલી હાથે આ સંસારમાંથી આપણને ઉઠાવી લેવામાં આવે છે. જો આ કુચક્રને તોડવાની મનસ્વિતાનો પરિચય આપી શકાય તો સમજી લેવું જોઈએ કે આપણે સાહસદેવતાની પૂજાનું બીજું ચરણ પૂરું કરી લીધું છે. શરીર અને મનને વ્યવસ્થિત અને સત્પ્રવૃત્તિઓનું અનુગામી બનાવવા માટે પોતાની જાત સાથે જે સંઘર્ષ કરવો પડે છે, તે જ ગીતામાં વર્ણવાયેલ મહાભારત છે. તેમાં વિજય પ્રાપ્ત કરી લેવો તે એક એવો પુરુષાર્થ છે, જેના ફળસ્વરૂપે વ્યકિતની મહત્તા અને ઉપયોગિતામાં આશાજનક અભિવૃદ્ધિ થાય છે અને તે સાધારણ પરિસ્થિતિઓમાં રહેતાં રહેતાં પણ પોતાની જાતને બહુ જ ઉન્નત અને સંતુષ્ટ અનુભવવા લાગે છે.

સાહસદેવતાની પૂજાનું અંતિમ અને ઉત્કૃષ્ટ ચરણ છે, પોતાના સંકુચિત સ્વાર્થોના પરિઘમાંથી બહાર નીકળીને પરમાર્થના પુણ્ય-પ્રયોજનોમાં પોતાની વિચારણા અને ઉપલબ્ધિઓને નિયોજિત કરી શકવી તે. પોતાની તુચ્છતા ને સંકીર્ણતાઓને કચડતાં વિશ્વમાનવની સેવા સાધનાની તરફ જે જેટલાં કદમો માંડી શકયો, તેણે તેટલા જ મોટા શૌર્યનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરિચય આપી દીધો એમ સમજવું જોઈએ. શારીરિક અને માનસિક વીરતાઓ કેટલાય લોકો ખૂબ જ આસાનીથી બતાવી શકે છે, પરંતુ 'આધ્યાત્મિક વીરતા' જેનો અર્થ છે - સ્વાર્થપરતાના સંકીર્ણ પરિધિથી બહાર નીકળીને પરમાર્થ માટે, લોકમંગલ માટે આવશ્યક ત્યાગ-બલિદાનનો પરિચય આપવો, જે નિસ્સંદેહ બહુ જ કઠિન છે. તેને કેવળ ઉદાત્ત, ઉદાર અને 'વસુધૈવ કુટુમ્બકમ્'ની પ્રવૃત્તિવાળા લોકો જ કાર્યાન્વિત કરી શકે છે. આદર્શવાદની મોટીમોટી વાતો વખાણવી કોઈને પણ માટે સરળ છે, પરંતુ જેઓ તેને પોતાના જીવનક્રમમાં ઉતારી શકે, તેમને જ સચ્ચાઈ અને હિંમતના ધનિક કહી શકાશે. આવી વ્યકિતઓ જૂજ હોય છે, પરંતુ જે હોય છે, તેઓને પોતાના સમયની પ્રકાશવાન વિભૂતિઓ માનવામાં આવે છે.

હકીકતમાં વ્યકિત તુચ્છ અને મહાન છે. તેની પરીક્ષા એક જ કસોટી પર થાય છે કે તેણે પોતાની પ્રતિભાનો લાભ પોતાના માટે અથવા પોતાનાં સ્ત્રી-બાળકો માટે સુરક્ષિત રાખ્યો કે આ ઈશ્વરદત્ત વિભૂતિઓને ઈશ્વરીય પ્રયોજન માટે, લોકમંગલ માટે ખર્ચવાનું દુઃસાહસ કરી નાખ્યું. 'દુઃસાહસ' શબ્દનો પ્રયોગ એટલા માટે કરવામાં આવે છે કે અત્યારના સમયમાં લોકોની મનોવૃત્તિ બેહદ સ્વાર્થપરતામાં જકડાયેલી છે. હર કોઈ વ્યકિત કેવળ પોતાની સંકુચિત સ્વાર્થપરતાની પૂર્તિમાં જ સંલગ્ન છે. ધન, રૂપ, યશ, ભોગ અને પદથી વધુ બીજું કોઈને કાંઈ જોઈતું નથી. પૂજા-પાઠની આડશમાં પણ આ ભૌતિક પ્રયોજનોની પૂર્તિ જ છુપાયેલી રહે છે. રામ, રહીમનું પલ્લું પણ એટલા માટે પકડવામાં આવે છે કે સાંસારિક સુખ-સાધનોનો તે લાભ મળી જાય, જે પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત કરી શકાયો નથી. તૃષ્ણા અને વાસનાની પૂર્તિથી આગળની વાત કોઈને ગમતી જ નથી એવા આ જમાનામાં આ પ્રકારનું સાહસ કરી દેખાડવું, જેમાં પોતાને માટે અગવડ અને બીજાઓ માટે સગવડ ઉત્પન્ન થતી હોય, તો નિઃસંદેહ તે બહુ જ મોટી હિંમતનું કામ છે. એવા સાહસનું ઉચ્ચારણ નહીં, પણ પ્રયોગ જેઓ કરી શકે તેમને, ધારાનો પ્રવાહ ચીરીને ઊલટી દિશામાં ચાલી શકનારા રામની જેમ જ પ્રબળ પુરુષાર્થી માનવામાં આવશે. પ્રાચીનકાળમાં આવા નરરત્નો ઘર-ઘરમાં જોવા મળતાં હતાં, જેઓ તુચ્છ સ્વાર્થોને કચડીને આદર્શવાદ માટે પોતાનો જીવનક્રમ સજાવતા હતા. આજે તો તે ઈતિહાસ પુરાણોની ચર્ચા જ રહી ગયો છે. એકબીજાને ભડકાવવા માટે આ પ્રકારની મોટી મોટી કથા-ચર્ચા પરસ્પર કરતા જોવા અને સાંભળવા મળે છે, પરંતુ જે આ સિદ્ધાંતોને વ્યવહારમાં પણ ઉતારી શકે એવા કોઈ જોવા મળતા નથી. સ્વાર્થપરાયણતા અને સંકુચિતતાના કીચડમાં જ્યાં કીડા જ કીડા ખદબદી રહ્યા છે, ત્યાં કમળપુષ્પોનું ખીલવું એક અચરજ જ કહેવાશે. આવું અચરજ કેવળ સાહસિક અને દુઃસાહસી જ પ્રસ્તુત કરી શકે છે.

આજે આવા જ શૂરવીરોની જરૂર છે, જેઓ પીડિત માનવતાનું રક્ષણ કરવા માટે પોતાનાં સુખ-સગવડોનો ત્યાગ કરી શકે. પેટ ભરવા માટે રોટલી અને શરીર ઢાંકવા માટે કપડાં મેળવીને જ જેઓ સંતુષ્ટ થઈ શકે અને જેમને સંચય-સંગ્રહની, મોટાઈ અને અમીરીની લાલસા ન હોય, જેઓ શરીરને નહિ, આત્માને પોતાનું સ્વરૂપ માને અને આત્માની શાંતિ માટે વિશ્વની-માનવની સેવા-સાધનામાં પોતાની જાતને સમર્પિત કરી દે, તેમને સાચા અર્થમાં સંત, તપસ્વી અને સાહસિક કહેવામાં આવશે.

> ***બે મિત્રો એક આમ્ર વાટિકાની પાસેથી પસાર થયા. પાકી ગયેલી સુંદર કેરીઓ જોઈને તેમના જીવ લલચાઈ ઊઠયા ત્યાંથી માળી પસાર થયો, તો તેણે જણાવ્યું કે માલિકના આદેશ અનુસાર તમે સાંજ સુધી જેટલી કેરીઓ ઈચ્છો તેટલી ખાઈ શકો છો. રાતના સમયે અહીં કોઈ રોકાઈ શકતું નથી. બન્ને પ્રસન્નતાપૂર્વક બગીચામાં ઘૂસી ગયા. એક જણ ઝાડ પર ચડી ગયો અને સાંજ સુધી પેટ ભરીને તેણે ખૂબ કેરીઓ ખાધી. બીજો કેવળ મીઠી કેરીઓની શોધ કરવામાં રહ્યો ને સાંજ પડી બન્ને બહાર નીકળ્યા. માળીએ કહ્યું, 'ભાઈ, આ સંસાર પણ એવો જ છે. તેમાં જેઓ સત્કર્મોનો લાભ લઈ લે તે જ બુદ્ધિમાન છે જે મોહ, મમતાના પ્રપંચમાં પડયો રહે છે, તે ખાલી હાથે જ વિદાય લે છે.'***
>
> ***–હાથની શોભા કંગનથી નહિ, દાનથી છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચારક્રાંતિનો લડવૈયો-દાર્શનિક કનફ્યૂશિયસ

ચીનના મહાન દાર્શનિક કનફ્યૂશિયસનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૫૦માં થયો. તેમના પિતાએ ૭૦ વર્ષની ઉંમરે પુનર્લગ્ન કર્યા હતા. તેનું જ પહેલું સંતાન કનફ્યુશિયસ હતા.

શિક્ષણ પૂરું કર્યા પછી ૨૨ વર્ષની ઉંમરે તેમણે શિક્ષકનું કાર્ય શરૂ કર્યું. લખતા-વાંચતા શિખવાડવા માટે ઘણી જ શાળાઓ હતી, પરંતુ કનફ્યૂશિયસ તો મનુષ્યને માનવજીવનના રહસ્ય અને મર્મ સમજાવતું જ્ઞાન આપવા માટે ઈચ્છુક હતા. આ જ ઉદ્દેશથી તેમણે પોતાની શિક્ષણ સંસ્થા ચલાવી. તેઓ પોતાના શિષ્યોને સાથે લઈને જ્ઞાનાર્જન માટે પ્રવાસે પણ જતા હતા અને માર્ગમાં જોવા મળતા દશ્યો અને ઘટનાઓની વ્યાખ્યા કરતાં જીવનના મર્મને સમજાવતા હતા.

તેઓ લોકોને મધ્યમ માર્ગ પર ચાલવાનું શિક્ષણ આપતા હતા. તેઓ 'અતિ સર્વત્ર વર્જયેત' સિદ્ધાંતના સમર્થક હતા. તેમનું કહેવું હતું કે ચરમસીમાએ પહોંચીને ઉત્તમ વસ્તુઓ પણ વિકૃત થઈ જાય છે. સીમાની બહાર થયેલ શ્રદ્ધા-આડંબરના રૂપમાં, સતર્કતા-ભયના રૂપમાં, શકિત-ઉદ્ધતાઈના રૂપમાં અને સરળતા-મૂર્ખતાના રૂપમાં ફેરવાઈ જાય છે. કોઈ પણ વિષયમાં જ્યારે મનુષ્ય સંતુલિત માત્રાથી આગળ વધી જાય છે ત્યારે તે સમતોલન ખોઈ બેસે છે અને તેનાં કાર્ય કઢંગા, હાનિકારક તથા દુઃખદાયક બની જાય છે. તેથી સાધારણ લોકો માટે મધ્યમ દરજ્જાનું જીવન જ ઉપયોગી છે.

તેઓ કહેતા હતા કે મનુષ્યે સત્યનિષ્ઠ બનવું જોઈએ. સત્ય ફકત બુદ્ધિનો વિષય નથી, તેને જાણી લેવાથી જ કામ ચાલવાનું નથી, પરંતુ તેની ઉપયોગિતા ત્યારે છે જ્યારે તેને જીવનવ્યવહારમાં લાવવામાં આવે. નિશ્છલતા અને આત્મવિશ્વાસ માનવજીવનની સફળતાના બે મુખ્ય સોપાન છે. એમાં ઊણપ આવવાથી જ મનુષ્યનું અધઃપતન થાય છે. પ્રત્યેક વિચારશીલ વ્યકિતનું કર્તવ્ય છે કે આત્મનિરીક્ષણ કરતી રહે અને જ્યારે પણ પોતાની અંદર ત્રુટિઓ દેખાય ત્યારે એમાં વિના સંકોચે સુધાર કરે. પોતાના દોષો શોધવાં અને તેમને કાઢી નાખવાં તે સાચી વીરતાની નિશાની છે.

કનફ્યૂશિયસ ધર્મનિષ્ઠ તો હતા, પરંતુ તેમણે પોતાને ધર્મગુરુઓની શ્રેણીમાં ક્યારેય સામેલ થવા ન દીધા. તેમણે પોતાના વિશેના વિચાર પ્રગટ કરતાં લખ્યું છે, **"શ્રેષ્ઠ મનુષ્ય એ છે, જે જેવું કહે છે તેવું જ આચરણ કરે"** મેં જીવનભર એ જ પ્રયત્ન કર્યો છે કે હું સદ્‌ગુણ સંપન્ન એક પૂર્ણ મનુષ્ય બનું અને એને જ મેં ધર્માચરણ માન્યું છે તથા એ માટે જ બીજાઓને શીખ આપી છે. તે સમયે સાધુ સમાજમાં ભ્રષ્ટાચાર ફેલાયો હતો. તેઓ બ્રહ્મચર્યનો ઢોંગ કરતા હતા, પરંતુ ઈન્દ્રિય સંયમ રાખી શકતા ન હતા. તેમણે આને વ્યર્થ કહ્યું અને વિવાહિત જીવન વ્યતીત કરતાં ધર્મકાર્ય કરવા પર ભાર મૂકયો. તેઓ ઈચ્છતા હતા કે કોઈ બુદ્ધિશાળી શાસક તેમની સલાહથી રાજકાજ ચલાવે, પરંતુ જીવનના અંત સુધી તેમને એવો કોઈ શાસક ન મળ્યો. જીવનના અંતિમ દિવસો તેમણે ગ્રંથ લખવામાં અને શિષ્યોને ભણાવવામાં વીતાવ્યા. તેમનો 'ચન ચિઉ કિંગ' ગ્રંથ પ્રસિદ્ધ છે.

કેટલાય રાજાઓએ આશ્રય-વૃત્તિ આપવાનો પ્રસ્તાવ મૂકયો, પરંતુ તેમણે તેનો અસ્વીકાર કર્યો અને ગરીબીમાં દિવસો વિતાવતા રહ્યા. તેમના શિષ્યો જ્યારે આ ગરીબાઈથી દુઃખી થતાં અને મદદનો પ્રસ્તાવ મૂકતાં ત્યારે તેઓ કહેતા, "ઉત્કૃષ્ટ પુરુષોએ કષ્ટસાધ્ય જીવન જીવવા માટે તૈયાર રહેવું જોઈએ. નિકૃષ્ટ પુરુષ આ અવસ્થાઓમાં ટકી શકતા નથી અને તેઓ જલદી મહાપુરુષો માટે યોગ્ય એવી ગરીબી છોડીને જતા રહે છે. મને અલ્પાહાર, ભૂમિશયન અને જીર્ણ વસ્ત્રો પર સંતોષ છે, જે આ પાપની કમાણીથી પ્રાપ્ત થયેલ વૈભવ અને ખુશામતી કરતાં મારા માટે વધારે ઉત્તમ છે." ચીનના એક અત્યાચારી શાસકે કનફ્યૂશિયસના મૃત્યુના બસો વર્ષ બાદ તેમણે લખેલાં બધા પુસ્તકો બાળી નાખ્યા અને અનુયાયી વિદ્વાનોને ફાંસીએ ચઢાવી દીધા, તેમ છતાં તેમના સિદ્ધાંત આજે પણ ચીન જ નહિ, સંપૂર્ણ સંસારમાં આદરની દષ્ટિએ જોવાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રાર્થના બીજ છે, ભજન વૃક્ષ

પ્રાર્થના, એ પરમાત્મા પ્રત્યે, અંતરનો સઘન અને વ્યાકુળ પોકાર છે. ભજન આ આર્ત પોકારની અભિવ્યક્તિ છે. પ્રાર્થના શાંત, નિસ્પંદ માનસરોવર છે તો ભજન આ સરોવરમાંથી નીકળનારી જલધારાઓ છે, જેના દરેક બિંદુમાં નૃત્યનો થરકાર હોય છે. અંતે સરોવર પણ સૂર્યનાં કિરણોની સાથે આકાશમાં ખોવાઈ જાય છે અને નદી પણ સમુદ્રમાં પડીને, સૂર્ય કિરણો પર ચડીને વ્યોમમાં વિલીન થઈ જાય છે. પ્રાર્થનાની મંઝિલ પણ એ જ છે, જે ભજનની છે, પરંતુ માર્ગ અલગ છે, દ્વારો અનેક છે.

પ્રાર્થના બીજ છે, ભજન વૃક્ષ; પ્રાર્થના કળી છે, ભજન પુષ્પ; પ્રાર્થના સદ્ચિંતન છે, ભજન સત્કર્મ. પ્રાર્થનામાં પ્રભુ પ્રત્યે ગહન આત્મીયતા, તીવ્ર તડપ છે તો ખરી, પરંતુ તે શાંત અને નિષ્કંપ છે. પ્રાર્થનાનું આ નિષ્કંપ સ્વરૂપ ભગવાન મહાવીર, તથાગત બુદ્ધ, લાહિડી મહાશય, શ્રી અરવિંદ, રમણ મહર્ષિ આદિ અંત, અવતારી પુરુષોમાં પ્રતિબિંબિત થાય છે. પ્રભુ પ્રત્યે તેમનો પ્રેમ ગહન શાંતિમાં ઉદ્‌ભવ્યો કે ફેલાયો હતો અને વિસ્તાર પામ્યો હતો. શાંતિ નીરવ તો હોય છે, પરંતુ નિષ્ક્રિય નહિ. તેમાં તલવારની જેમ તીક્ષ્ણ ધાર હોય છે. પ્રાર્થના આવી શાંતિ અને નીરવતામાં જ ગતિમાન બને છે. આ સંત-મહાત્માઓની અંદર જ્યારે આ પ્રેમનો પ્રવાહ સુપ્ત અને શાંત હતો તો પ્રાર્થના હતો, પરંતુ જ્યારે તે બહાર વહેવા લાગ્યો, ઊભરાવા લાગ્યો ત્યારે તે ભજન બની ગયો. મીરાં, ચૈતન્ય, રામકૃષ્ણ પરમહંસમાં અંતરની આ નિસ્પંદતા છલકાઈ ગઈ હતી અને ભજન બની ગઈ હતી. તેઓ ઝૂમવા લાગ્યાં હતાં, નાચવા લાગ્યાં હતાં તેથી ભજનને પ્રાર્થનાની અભિવ્યંજના માનવામાં આવે છે.

પ્રાર્થના પ્રભુ પ્રત્યે અનન્ય પ્રેમ છે, જેને ખૂબ જ પ્રયત્નપૂર્વક, સાચવી સંભાળીને રાખવામાં આવે છે. પ્રાર્થના કરનાર તો બસ એટલું જાણે છે કે તે પ્રાર્થના કરી રહ્યો છે. તે તો એ પણ નથી જોતો કે જેને તે પ્રેમ કરી રહ્યો છે, તે તેને જોઈ, જાણી, સમજી રહ્યો છે કે નહીં. જો તે એવું કરવા લાગે તો પછી તે પ્રેમ નહિ હોય, સોદાબાજી હશે, વેપાર હશે. પ્રેમ તો કેવળ એકતરફી હોય છે. તેને કોઈને કહેવાની શી જરૂર, કોઈને બતાવવાની શી જરૂર. કહેવાનું શું, હોવું એટલું જ પર્યાપ્ત છે, બોલવાનું શું, જાણવું પૂરતું છે, પરંતુ તે પ્રેમ જ્યારે પ્રગટ થાય છે ત્યારે ભજન બની જાય છે. તે ક્યારેક ગીતમાં ફૂટે છે, વાણીમાં મુખરિત થાય છે, આંખોની ભાવ-વ્યંજનામાં છલકાઈ ઊઠે છે. જ્યારે તે પ્રગટ થાય છે ત્યારે ફૂલ ખીલી ઊઠે છે, કળી કળી નથી રહેતી, સમગ્ર વાતાવરણ દિવ્યતાથી ઓતપ્રોત બની જાય છે, સુરભિત બની ઊઠે છે.

રમણ મહર્ષિએ પ્રાર્થનાને અપનાવી, ભગવાન મહાવીરે મૌન થઈને તેને સ્વીકારી. તેમને કહેવાની જરૂર ન પડી. તેમણે પોતાના શૂન્યમાં અને મૌનમાં પરમાત્માને સાધી લીધા હતા, પરંતુ મીરાં, ચૈતન્ય, નાનકને આટલું પૂરતું ન હતું. જેટલું છે, તેનાથી વધારેની આવશ્યકતા હતી. જ્યાં સુધી તેમની ઉપરથી જળધારા વહેવા ન લાગે, જ્યાં સુધી તેમનું પાત્ર ભરાઈને બહાર ઊભરાવા ન લાગે, ત્યાં સુધી પૂરતું ન હતું. પ્રાર્થનામાં જે અંદર ને અંદર બનતું રહે છે, છલકાતું નથી, તે ભજનથી લહેવા લાગે છે. એટલે ભજન એક વહેણ છે, એક પ્રવાહ છે. મીરાંબાઈની સ્વરલહરીમાં, ચૈતન્યના મસ્ત થનકારમાં ભજન અભિવ્યક્ત થાય છે.

પ્રાર્થના પણ શુભ છે, ભજન પણ શ્રેષ્ઠ છે. પ્રભુ પ્રેમને અંતરમાં સહેલાવીને રાખવો પણ ઉત્તમ છે અને તેને વહેંચવો એ પણ સુંદર છે. બન્ને અતુલનીય અનુપમ છે. કોઈની સાથે કોઈ તુલના નહિ, કારણ કે બન્નેનો માર્ગ બસ એ જ એક પ્રભુના દ્વાર ભણી જઈ રહ્યો છે. પ્રાર્થનારૂપી બીજ પણ સારું છે, કેમકે ફૂલ તે તેની અભિવ્યક્તિ છે અને ભજનરૂપી ફૂલ પણ સુંદર છે, કારણ કે તેમાં જ બીજ બને છે, તેનું નિર્માણ થાય છે. બન્ને પરસ્પર જોડાયેલાં છે, બન્ને સર્વોત્તમ છે, ઉત્કૃષ્ટ છે.

પ્રાર્થના ધન્યવાદ છે અને ભજન છે અહોભાવ. પ્રાર્થના કરનાર મંત્ર રટે છે-'હે પ્રભુ, તેં જે આપ્યું છે તે ઘણું છે. તમારી પાસેથી જે મળ્યું, જેટલું પણ મળ્યું, તેમાં જ પરમ સંતોષ છે, પરમ આનંદ છે. જે મેળવ્યું છે, તેમાં ઊંડી તૃપ્તિ છે, પરંતુ ભજનની મસ્તી કહે છે -'હે પ્રભુ, તમે જે આપ્યું, તે જરૂર કરતાં વધારે છે, આવશ્યકતા કરતાં ઘણુંય વધારે છે. જે અધિક છે, જે વધારે છે, તે અમારાથી સાચવ્યું સચવાતું નથી. તેને અમારે વહેંચવું છે, લૂંટાવવું છે, વિખેરવું છે; જેથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બધામાં આ મસ્તીની ખુમારી ચડવા લાગે. બધા જ આ આંનદમાં નિમગ્ન બની જાય અને મસ્ત બનીને નાચવા લાગે. એટલા માટે તો ભજન નાચે છે, કેવળ કહેતું નથી. ભજન બોલે છે, તે અબોલ નથી. આમાં જ ભજનનું પોતાનું સૌંદર્ય નિખરી ઊઠે છે. પ્રાર્થનાનું સૌંદર્ય પણ નિરાળું છે. તે અબોલ બોલ છે, વણગાયું ગીત છે, વણસ્પર્શ્યો સ્પર્શ છે. તે ચિત્રકારની કલ્પનામાં છુપાયેલું એ ચિત્ર છે, જે હજી તો કેનવાસ પર ઊતર્યું નથી, આકારાયું નથી, પથ્થરમાં દબાયેલ - છુપાયેલ તે સુંદર મૂર્તિ છે, જેને મૂર્તિકારની છીણીથી કાપવામાં નથી આવ્યું, કોતરવામાં નથી આવ્યું. ભજન, ચિત્રકાર દ્વારા પૂર્ણ કરવામાં આવેલું રંગ ભરેલું ચિત્ર છે. પીંછી રંગ ભરવાનું અને છીણી મૂર્તિ કોતરવાનું પોતાનું કામ કરી ચૂકેલ છે. ભજન એ કવિની કવિતા છે, જે કલ્પનાઓ અને ભાવનાઓના લોકમાંથી ઊતરી આવી છે. ભજન ગાવામાં આવેલું ગીત છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોર પણ પોતે લખેલાં ગીતોને ગાવા ઈચ્છતા હતા, તેમને ગાવાની ખૂબ જ ઈચ્છા હતી અને ન ગાઈ શકવાનો ખટકો અને તડપ રહી ગયાં હતાં. તેમના જીવનના અંતિમ, દિવસોમાં તેમને તેમના એક મિત્રે કહ્યું- "તમે ધન્ય છો, તમારું જીવન ધન્ય છે. તમે જીવનભર ગીતો ગાયાં. આટલાં તો કોઈ કવિએ ગાયાં નથી. પશ્ચિમના મહાકવિ શેલીનાં તો કેવળ ત્રણ હજાર ગીતો છે, તમે તો છ હજાર ગીતો ગાયાં છે." આ સાંભળીને રવીન્દ્રનાથે કહ્યું, હું જે ગીતો ગાવા ઈચ્છતો હતો તે હજી સુધી ગાઈ નથી શક્યો; તે ન ગવાયેલું ગીત હજી આજે પણ મારી ભીતર સુષુપ્ત પડેલું છે, જાગૃત થયું નથી. તે જે છ હજાર ગીતો મેં ગાયાં તે મારો અસફળ પ્રયાસ છે, પ્રભુનું એક ગીત ગાવા માટે જેવું હું ગાવા ઈચ્છતો હતો તેવું ગાઈ ન શક્યો અને જે ગીતો ગાયાં તે મારી નિષ્ફળતાની વ્યથા-કથા છે. હું હજી પણ કોઈ ગીત ગાઈ ન શક્યો. હું ગાયા વિનાનો પડ્યો છું અને હવે મારે જવાનું છે. કવિવર રવીન્દ્ર બાદલ ફકીરની જેમ એકતારો લઈને નાચવા-ગાવા ઈચ્છતા-ચાહતા હતા.

ભજન મુખર હોય છે, પ્રાર્થના મૌન. પ્રાર્થનાના પૂજારી સુફી સંતોએ કહ્યું છે કે પ્રાર્થના નીરવતામાં, ઘેરા એકાંતમાં થાય છે, સધાય છે. પ્રાર્થના થાય છે તેનો શીતળ સ્પર્શ અનુભવાય છે, પરંતુ તે દેખાતી નથી. આ દેખાડો નથી. દેખાડવાથી પ્રદર્શન ઝલકે છે અને પ્રદર્શનમાં આત્મઘાતી અહંકારનો જન્મ થાય છે. અહંકારનો પ્રાદુર્ભાવ થતાં જ પ્રાર્થના નષ્ટ થઈ જાય છે. તેનો ઉદ્દેશ અને લક્ષ્ય ખોવાઈ જાય છે, એટલા માટે પ્રાર્થના મૌન છે, નીરવ છે, દેખાડો કે આડંબર નથી.

ભજન ખુલ્લા ચૌટામાં ઊતરી આવે છે. તે કહે છે કે આપ આવો તોય શું અને ન આવો તોય શું ? પ્રભુનું નામ સાંભળતાં જ રામકૃષ્ણ જ્યાં પણ હોય, ત્યાં નાચી ઊઠતા હતા, ભાવવિભોર થઈ જતા હતા. ભજન કરનાર પ્રભુ-અર્પિત નૃત્યમાં જ અભિમાનને છોડી દે છે. તેમાં જ તેનો અહંકાર ગળી જાય છે, લુપ્ત થઈ જાય છે. તેથી પ્રાર્થનામાં અહંકાર વિનષ્ટ થાય છે અને ભજનમાં પણ અહંકાર છૂટી જાય છે, ગળી જાય છે. પ્રભુપ્રાપ્તિ માટે બન્ને પંથ વરેણ્ય છે, બલકે બન્નેના સમન્વયથી પણ આગળ વધી શકાય છે.

બન્નેની જુગલબંધી એટલા માટે કે પ્રાર્થના ઉચ્ચસ્તરીય ચિંતન છે, દિવ્ય અભીપ્સા છે અને ભજન પ્રભુને અર્પિત કરવામાં આવેલું સત્કર્મ છે. ઉચ્ચસ્તરીય ચેતનાની અભિલાષા પણ હોય અને સત્કર્મો પણ સધાતું રહે તો અનંતની આ યાત્રા તીવ્રતર અને વેગવાન બની જાય છે. જે કાંઈ કરવામાં આવે તે પ્રભુ માટે અને જે વિચારવામાં આવે તે પણ એક તેને જ માટે. ચિંતનમાં પણ એ જ વિચરતા રહે, કર્મમાં પણ એ જ ઝરતા રહે. આવા સદ્ચિંતનમાં અને સત્કર્મમાં પ્રાર્થના અને ભજન બન્ને એક બની જાય છે, સમન્વિત થઈ જાય છે. તેથી સદૈવ ઉત્કૃષ્ટ ચિંતનની અભીપ્સા તથા સત્કર્મમાં નિરત-નિમગ્ન રહેવું જોઈએ. એ જ પ્રાર્થના અને ભજનનો મર્મ છે.

▣

એક દિવસ પંડિતજીની કથા સાંભળવા એક ડાકુ પણ આવ્યો. પંડિતજી સમજાવી રહ્યા હતા-ક્ષમા અને અહિંસા મનુષ્યનાં ભૂષણો છે. તેનો ત્યાગ ન કરવો જોઈએ. કથા પૂરી થઈ. પંડિતજી દક્ષિણા વગેરે લઈને ગામ તરફ ચાલી નીકળ્યા. વચમાં જંગલ આવતું હતું. ત્યાં ડાકુ આવી ચઢયો અને પંડિતજીને બધું ધન આપી દેવા માટે કહ્યું. પંડિતજી નીડર હતા. પાસે લાઠી હતી. તેથી પ્રહાર કરવા માટે ડાકુની તરફ દોડયા. ડાકુ ગભરાઈ ગયો અને તેણે વિનયપૂર્વક કહ્યું. મહારાજ. આપ તો કહી રહ્યા હતા કે ક્ષમા અને અહિંસા મનુષ્યનાં ભૂષણ છે તેમનો ત્યાગ કરવો ન જોઈએ. પંડિતજીએ કહ્યું. તે તો સજ્જનો માટે કહ્યું હતું. તારા જેવા દુષ્ટો માટે તો આ લાઠી જ યોગ્ય છે. પંડિતજીનું રૌદ્ર રૂપ જોઈને ડાકુ ત્યાંથી ભાગી છૂટયો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્ઞાનની ઉપાસના કરો

ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી વિશેષતા છે -તેની બુદ્ધિનિષ્ઠા, જ્ઞાન પ્રત્યેનો આગ્રહ. અંધશ્રદ્ધા, અંધ માન્યતા માટે આપણે ત્યાં કોઈ સ્થાન નથી. ભારતીય સંસ્કૃતિના આદિ શોધકોએ શરૂઆતથી જ કોઈ એક પ્રમાણ-તથ્યને મહત્ત્વ ન આપીને બુદ્ધિને જ ધર્મ સંસ્કૃતિની નિર્ણાયક બનાવી. વિવેક અને જ્ઞાન, ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. તેનો આટલો મોટો મહેલ બુદ્ધિ ઉપર જ ઊભો છે. બૌદ્ધિક આધારશિલા પર જ્ઞાનનો સર્વાંગી વિકાસ અને તેની શોધ આપણી પોતાની એક વિશેષતા રહી છે. આ વિશેષતાને દૂર કરી દો, તો ભારતીય સંસ્કૃતિનું કોઈ અસ્તિત્વ જ રહેશે નહીં.

આપણે ત્યાં જેણે પણ નવી શોધ કરી, તેને પૂજ્ય ગણવામાં આવ્યા. ઋષિનું પદ આપીને તેમને સમાજમાં સર્વોપરી મહત્ત્વ આપવામાં આવ્યું, પછી ભલે તેમનું દર્શન પહેલાંની શોધોથી ભિન્ન કેમ ન રહ્યું હોય. જ્યાં અન્ય દેશોમાં નવી શોધ કરનારાઓને જીવતા સળગાવી દેવામાં આવ્યા, અનેક પીડા આપવામાં આવી, મર્માંતક પીડાઓથી તેમના પ્રાણ લેવામાં આવ્યા, ત્યાં આપણે ત્યાં પ્રત્યેક નવીન તથ્યના પ્રતિપાદકની, જીવન-જગતના સ્થૂળ અથવા સૂક્ષ્મ બન્ને રૂપોમાં નવી શોધો કરનારાઓની પૂજા કરવામાં આવી. આ આપણી બુદ્ધિનિષ્ઠા અને જ્ઞાન પ્રત્યે રચનાત્મક પ્રેમનું પરિચાયક છે અને આજ કારણે આપણા ધર્મગ્રંથો, ઋષિ, સંત, સમાજના માર્ગદર્શક એક નહિ અનેક છે અને વિશેષતા એ છે કે પ્રત્યેકના દર્શનનો દષ્ટિકોણ એક બીજાથી ભિન્ન છે, તેમ છતાં તે બધે બધા ભારતીય ધર્મસંસ્કૃતિના અંગો છે. જ્ઞાનની આટલી વિસ્તૃત શોધ, બુદ્ધિની નિરંતર સાધના બીજે ક્યાંય જોવા મળતી નથી. સંસારમાં સૌથી વધારે અવતાર (યુગપુરુષ) દાર્શનિક, ઋષિ-મુનિ, સંત-મહાત્માઓની ઊપજ આપણી આ સ્વતંત્ર બુદ્ધિ-નિષ્ઠા અને જ્ઞાન પ્રત્યે સ્વતંત્ર ચિંતનનું જ પરિણામ છે.

ગાયત્રીને ગુરુમંત્ર માનવામાં આવ્યો છે. તેને વેદમાતા કહેવામાં આવી છે અને ગાયત્રી ઉપાસનાને પ્રત્યેક હિન્દુ માટે આવશ્યક ધર્મ-કર્તવ્ય બતાવ્યું છે. શું કામ ? શા માટે ? એ ગાયત્રીની મૂળ ભાવનાથી આપોઆપ સ્પષ્ટ થઈ જાય છે, જેમાં તે શકિતશાળી, તેજસ્વી, સર્વવ્યાપી દિવ્ય તત્ત્વનું ધ્યાન કરીને, તેની પાસે બુદ્ધિની નિર્મળતા, શુદ્ધિ, પવિત્રતાની પ્રાર્થના કરવામાં આવી છે. સ્પષ્ટ છે કે ગાયત્રી જ્ઞાનની, બુદ્ધિની શોધ અને અભિવૃદ્ધિનો સાધના મંત્ર છે. દરરોજ પ્રત્યેક દ્વિજાતિ (સ્ત્રી-પુરુષ) દિવસમાં ઓછામાં ઓછા ત્રણ સમયે પરમાત્મ તત્ત્વનું ધ્યાન કરતાં તેમની પાસે 'સદ્‌બુદ્ધિ'ની, વિવેકની પ્રાર્થના કરે છે.

વેદનો અર્થ છે- જ્ઞાન અને જ્ઞાન બુદ્ધિની સાધનાનું પરિણામ છે. એટલા માટે જ ગાયત્રીને વેદમાતા કહેવામાં આવી છે. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનો મૂળ સ્રોત આધાર વેદ અર્થાત્ જ્ઞાન છે અને જ્ઞાન બુદ્ધિની દેન છે. આપણી સમસ્ત જીવનપદ્ધતિનું સંચાલન બુદ્ધિ દ્વારા થતું આવ્યું છે. કૌટિલ્યએ કહ્યું છે - ''જે મનુષ્યની બુદ્ધિનો વિકાસ નથી થતો અથવા જે બુદ્ધિદ્રોહી અથવા અવિવેકી હોય છે તે મનુષ્યતાથી નીચે ઊતરી જાય છે.'' શાસ્ત્રકારે બુદ્ધિને જ સર્વોપરી બળ ગણાવી છે. ''બુદ્ધિર્યસ્ય બલં તસ્ય, નિર્બુદ્ધિસ્ય કુતો બલમ્ ?'' જેનામાં બુદ્ધિ છે, તેનામાં જ બળ છે. બુદ્ધિહીનની પાસે બળ ક્યાંથી ?

પિતામહ ભીષ્મને પૂછવામાં આવ્યું- ''કોડયં ધર્મઃ કુતો ધર્મઃ ?'' આ ધર્મ કોણ છે ? તે ક્યાંથી આવે છે ? પિતામહે કહ્યું '' મિસદ્ધત્તમ'' વિચારશીલ વ્યકિત ચિંતન,મનન, અધ્યયન કરીને ધર્મનું નિર્માણ કરે છે. તાત્પર્ય એ છે કે આપણો ધર્મ, આપણી સંસ્કૃતિ વિચારપ્રધાન છે, બુદ્ધિપ્રધાન છે, વેદપ્રધાન છે અર્થાત્ જ્ઞાન દ્વારા પ્રેરિત છે. તે કોઈ પણ પ્રકારના આગ્રહને સાથે લઈને ચાલતી નથી.

આપણા શાસ્ત્રકારોએ, ધર્મસંસ્થાપકોએ, જ્ઞાન આપનારાઓએ પણ પોતાની વાતને જ સત્ય જણાવીને તેને કંઈ કહ્યા કે સાંભળ્યા વિના સ્વીકારી લેવાની વાત ક્યાંય કહી નથી. તેમણે પોતાની જ વાત પર ભાર મૂક્યો નથી- 'બુદ્ધં ફલમનાગ્રહ.' દુરાગ્રહ ન કરવો એ જ બુદ્ધિમત્તાનું ચિહ્ન છે. તેઓ કહે છે- ''મનઃ પૂતં સમાચરેત્''-તમારા મનને જે સારું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લાગે તે જ કરો. પોતાની બુદ્ધિના કબાટને બંધ ન કરો. પોતાના જ્ઞાનના પ્રકાશને ધૂંધળો ન થવા દો. ગીતાનો લાંબોલચક ઉપદેશ આપવા છતાં પણ શ્રીકૃષ્ણએ અર્જુનની સ્વતંત્ર બુદ્ધિનું અપહરણ નથી કર્યું. તેમણે કહ્યું, ''અર્જુન, યથેચ્છસિ તથા કુરુ'' જે તને સારું લાગે, તે કર.

બુદ્ધિની સાધના માટે અંધશ્રદ્ધાને કોઈ સ્થાન નથી કે ચીલાચાલુ બનવાના કે ''બાબા વાકય પ્રમાણમ્ ''ના રૂઢિવાદમાં અવરોધાતું નથી. આ જ કારણે આપણો ધર્મ, આપણી સંસ્કૃતિ કોઈ એક વ્યકિતને અથવા એક પુસ્તકને સાથે લઈને ચાલતી નથી કે કોઈ ચવાયેલ માન્યતાને દોહરાવવાની આજ્ઞા આપતી નથી. અનેક વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ, આગમ, નિગમ, અનેક ધર્મગ્રંથ જ્ઞાનની અનેકાનેક દિશાઓનો બોધ કરાવે છે. કોઈ પણ જાતના આગ્રહ અનુગ્રહ વિના ઋગ્વેદ તત્ત્વજ્ઞાન, આત્મા-પરમાત્મા, આદિનું જ્ઞાન કરાવે છે. અજુર્વેદમાં અનેક કર્મકાંડ, વિધિ-વિધાનોનું વિવરણ છે. અથર્વવેદ ભૌતિક સૃષ્ટિનાં રહસ્યોથી સભર છે. સામવેદમાં આત્માને ઉચ્ચ સ્થાને લઈ જનાર સંગીત સમાયેલું છે. શરીરને સ્વસ્થ, નિર્મળ, શકિતશાળી બનાવવાનો માર્ગ આયુર્વેદ બતાવે છે, તો આત્મરક્ષા, સમાજ સુરક્ષાનું શિક્ષણ ધનુર્વેદમાં સમાયેલું છે. મનોરંજન, હસીખુશીનું જીવન વિતાવવા, દુઃખોને ભુલાવી દેવાનું શાસ્ત્ર ગંધર્વવેદમાં ભરેલું છે. આ રીતે જીવનનાં વિભિન્ન અંગો પર પ્રકાશ પાથરનાર વેદ અને ઉપવેદ ભરેલા પડયા છે. આપણા જ્ઞાનભંડારમાં અનેક શાસ્ત્રો, સ્મૃતિઓ, પુરાણો, દર્શનગ્રંથો છે, જેમની સંખ્યા અને પરિચય આપવાનું આ નાનકડા લેખમાં સંભવ નથી. ટૂંકમાં ભારતીય સંસ્કૃતિને જ્ઞાન-સાધનાની ઊપજ, બુદ્ધિનિષ્ઠાનું ફળ કહેવામાં આવે, તો તેમાં કોઈ અતિશયોકિત નથી.

જે લોકો એમ સમજે છે કે જ્ઞાનની સીમા નિશ્ચિત થઈ ચૂકી અથવા કોઈ ગ્રંથ, ધર્મ પુસ્તક અથવા કોઈ મહાપુરુષના ઉપદેશો સુધી તે સીમિત છે, તેઓ ભૂલ કરે છે. જ્ઞાનની તો કોઈ સીમા જ ન હોઈ શકે. જે રીતે કામ અનંત છે, તે રીતે જ્ઞાન પણ અનંત છે. આપણે ત્યાં જ્ઞાનને 'બ્રહ્મ' કહેવામાં આવ્યું છે - ''જ્ઞાન બ્રહ્મ'' બ્રહ્મ અનંત, અનાદિ છે, તો જ્ઞાનની સીમા કેવી રીતે હોઈ શકે ? જ્ઞાનના શોધકર્તા ઋષિઓનો યુગ સમાપ્ત થઈ ગયો, એ વાત પણ અસંગત છે. જ્ઞાનની શોધની સાથોસાથ જ ઋષિઓનો પણ આવિર્ભાવ થતો રહે છે. આજે પણ જે નવી શોધ કરે છે, જેઓ નવા સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે, જ્ઞાનના ક્ષેત્રમાં કોઈ નવું તથ્ય શોધે છે, તેઓ ઋષિપરંપરા અંતર્ગત જ આવે છે. હકીકતમાં જ્ઞાનના કોઈ પણ ક્ષેત્રમાં તેની પૂર્ણતાનો સાક્ષાત્કાર કરનાર ઋષિ જ કહેવાય છે. જ્ઞાનનું એ અંગ કોઈ પણ હોઈ શકે છે. પોતાના સંશોધનમાં ખાવા-પીવાનું ભૂલી જનાર ન્યૂટન પણ ઋષિ જ હતા. વેદોનું ભાષ્ય કરનાર મૈકસમૂલર પણ ઋષિ જ હતા. પચાસ વર્ષો સુધી અધ્યયન, મનન, ચિંતન કરીને સંસારને સામ્યવાદની નવી દષ્ટિ પ્રદાન કરનાર કાર્લ માર્કસ, ચાર્લ્સ ડાર્વિન, દયાનંદ સરસ્વતી, ગાંધીજી, રવીન્દ્રનાથ ઠાકુર, અરવિંદ, લોકમાન્ય તિલક, સ્વામી રામકૃષ્ણ પરમહંસ-આ બધા જ ઋષિ પરંપરાના જ જ્યોતિર્દીપો હતા. ઋષિઓનો કોઈ યુગ હોતો નથી. તેઓ તો દરેક યુગમાં જ્ઞાનની નવી નવી શોધ, સંસ્કરણ કરીને અવતરિત થતા રહે છે.

ખેદ છે કે આપણે લોકો ઘણા લાંબા સમયથી જ્ઞાનની શોધ, બુદ્ધિની સાધનાનો માર્ગ છોડી બેઠા. આજથી સેંકડો વર્ષો પહેલાં જે તથ્ય હતાં, જ્ઞાનનો જે વિકાસ થયો હતો, તેને જ આપણે ગળામાં લટકાવીને ફરવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે આપણે જ્ઞાનના ક્ષેત્રમાં પાછળ પડી ગયા અને જૂની પીપૂડી જ વગાડતા રહ્યા. જરૂર એ વાતની છે કે આપણે આપણા પૂર્વજ ઋષિઓના ઉત્તરાધિકારને પૂરેપૂરો જાળવીએ અને જ્ઞાનની ખોજ, બુદ્ધિની સાધનાનો ક્રમ શરૂ કરીએ. ભારત અને ભારતીય સંસ્કૃતિની જો કોઈ વિશેષતા છે તો તે આ જ છે- જ્ઞાનની ઉપાસના અને તે થકી નવી શોધ, નવી ખોજ પ્રસ્તુત કરવી. આ કાર્યક્રમને આપણે જેટલો જલદી શરૂ કરીશું તેટલું આપણા પૂર્વજો પ્રત્યેના આપણા કર્તવ્યનું પાલન કરી શકીશું.

> -મનુષ્યનું શૌર્ય ધ્વંસમાં નહી; સર્જનમાં પારખી શકાય છે.
>
> - પર્વતોમાં ઊંચાઈ હોય છે, ઊંડાણ નહિ. સમુદ્રમાં ઊંડાણ હોય છે, ઊંચાઈ નહિ, પરંતુ મનસ્વી પુરુષોમાં ઉકત બન્ને બાબતો હોય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આયુર્વેદ-

# ક્વાથ-ચિકિત્સા દ્વારા જીવનનો કાયાકલ્પ

સ્વાસ્થ્ય-સંવર્ધન અને રોગનિવારણની આયુર્વેદ ચિકિત્સામાં અનેક વિદ્યાઓ છે. તેમાં રસ-ભસ્મોથી માંડીને ચૂર્ણ, વટી, અવલેહ, આસવ, અરિષ્ટ, ક્વાથ વગેરે સમાયેલાં છે. આમાંથી આસવ, અરિષ્ટ તથા ક્વાથ ક્રમશઃ વધુ ઝડપી કાર્ય કરે છે. ક્વાથ આ બધાથી વધુ ઉપયોગી જણાયો છે. ક્વાથની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં જો કોઈ પદાર્થ અહિતકર કે ઓછો ઉપયોગી જણાય તો તેને છોડી દઈ શકાય છે અને તેના સ્થાને અધિક ગુણકારી પદાર્થો ભેળવી શકાય છે. ક્વાથનાં ઘટક દ્રવ્યોને જાતે ઓળખી-પારખીને તાજાં અને વીર્યવાન સ્થિતિમાં એકત્રિત કરીને તેમનો પાઉડર તૈયાર કરી શકાય છે. તેમાં નકલી દવાઓ, જૂની અને સડી ગયેલી ઔષધિઓની ભેળસેળની સંભાવના પણ રહેતી નથી. ક્વાથમાં ઉપયોગમાં લેવાનારી મોટા ભાગની વન-ઔષધિઓ ખેતરો, બગીચા અને વન-જંગલોમાં સહજ રીતે જ ઉપલબ્ધ થઈ જાય છે. તેને ક્યારાઓમાં અને ખેતરોમાં સહેલાઈથી ઉગાડી શકાય છે.

આ એક વિડંબના જ કહી શકાય કે આધુનિક કેપ્સૂલ, ઈંજેક્શન, ટેબલેટ, ટોનિક, સીરપ વગેરેના વધુ પ્રચલનને કારણે આયુર્વેદની સર્વોપયોગી ક્વાથ-ચિકિત્સાનો ઘણું ખરું લોપ જ થઈ ગયો છે. આયુર્વેદને પુનર્જીવિત કરવામાં પ્રયાસરત બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનના ‘રિષ્ટ ચિકિત્સા વિજ્ઞાનીઓ અને આયુર્વેદ વિશેષજ્ઞોએ આ સંદર્ભમાં ગહન સંશોધન કર્યું છે. એમ જણાયું છે કે ક્વાથ-ચિકિત્સા, જીવનનો કાયાકલ્પ કરનારી સૌથી સરળ, સફળ અને આપત્તિરહિત પદ્ધતિ છે. અન્ય ચિકિત્સા-ઉપચારોની ક્યારેક ક્યારેક હાનિકારક અસરો પણ જોવા મળે છે, પરંતુ ક્વાથ-ચિકિત્સામાં આ પ્રકારનો કોઈ દુષ્પ્રભાવ હોતો નથી. પોતાના મૃદુ અને પાચક ગુણોને કારણે અન્ય દવાઓની તુલનામાં તે ઝડપથી કામ કરે છે. ક્વાથ બનાવવો અને પીવો પણ સરળ છે. તે દરેક વ્યક્તિ બનાવી શકે છે. તીવ્ર વિકારો અને જડ-મૂળ ઘાલીને પડેલી અસાધ્ય બીમારીઓને દૂર કરવામાં ક્વાથ-ચિકિત્સા અત્યંત ઉપયોગી જણાઈ છે. શારીરિક અને માનસિક રોગોનું શમન-પરિશોધન કરીને જીવનનો કાયાકલ્પ કરી શકવામાં ક્વાથ-ચિકિત્સા પૂર્ણપણે સક્ષમ છે. અગ્નિની મદદથી ઉકાળવામાં આવેલી ઔષધિના કાઢાને ‘ક્વાથ’ કહે છે. શ્રૃત, કાઢો, નિર્પૂહ, જુશાંદા-આ બધાં ક્વાથનાં નામો છે. આયુર્વેદમાં તેની ગણના પંચકષાયની અંદર કરવામાં આવી છે. ક્વાથ, હિમ, ફાંટ, કલ્ક અને સ્વરસ અથવા અર્ક - આ પાંચેયને ‘પંચકષાય’ કહે છે. તે ઉત્તરોત્તર હલકાં હોય છે - અર્થાત્ સ્વરસ કરતાં ક્વાથ, ક્વાથ કરતાં કલ્ક, કલ્ક કરતાં હિમ અને હિમ કરતાં ફાંટને હલકાં માનવામાં આવે છે. બનાવવાની રીત અને પાણીની માત્રાની વધ-ઘટ તેમની મુખ્ય વિશેષતાઓ છે.

**(૧) ક્વાથ-** આયુર્વેદ અનુસાર **‘પાનીયં ષોડશગુણં ક્ષુણ્ણે દ્રવ્ય પલો ક્ષિપેત્’** અર્થાત્ એક પલ (એક પલ =ચાર તોલા, એક તોલા= બાર ગ્રામ) ઔષધિ પાઉડર લઈને સોળ ગણા પાણીમાં ધીમી આંચ પર ચોથા ભાગ જેટલું બાકી રહે ત્યાં સુધી ઉકાળો. નવસેકું થાય ત્યારે તેને સ્વચ્છ વસ્ત્રથી ગાળીને તેનો ઉપયોગ કરો. આને જ ક્વાથ અથવા કાઢો કહેવામાં આવે છે.

**(૨) હિમ-** આમાં ઈચ્છિત માત્રામાં અર્થાત્ ૨૪ ગ્રામ દ્રવ્ય અથવા ઔષધિને છ ગણા સામાન્ય પાણીમાં પહેલા દિવસે સાંજે પલાળી દેવામાં આવે છે અને સવારે હાથથી સારી રીતે મસળીને ગાળી લેવામાં આવે છે અને પીવામાં આવે છે.

**(૩) ફાંટ-** ફાંટ બનાવવા માટે સૌથી પહેલાં ઔષધિ દ્રવ્યથી ચાર ગણું પાણી લઈ તેને ગરમ કરવામાં આવે છે. પછી તે જ પાણીમાં ઔષધિ ચૂર્ણને થોડી વાર માટે પલાળી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાખવામાં આવે છે અને તે પછી તેને લસોટી-ગાળીને રોગીને પાવામાં આવે છે.

(૪)કલ્ક- આમાં લીલી અથવા સૂકી ઔષધિને પથ્થર પર ભાંગની જેમ લસોટીને તેની લુગદી તૈયાર કરવામાં આવે છે. આને કલ્ક કહે છે.

(૫) સ્વરસ- સ્વરસને અર્ક પણ કહે છે. કાચી વનૌષધિઓને પથ્થર પર લસોટીને તથા નિચોવીને કપડાથી ગાળીને તૈયાર કરવામાં આવે છે.

ક્વાથ સાત પ્રકારના હોય છે (૧) પાચન (૨) દીપન (૩) શોધન (૪) શમન (૫) સંતર્પણ (૬) ક્લેદન અને (૭) શોષણક્વાથ.

(૧) પાચનક્વાથ- જે ક્વાથમાં પાણી ઊકળતાં-ઊકળતાં અડધું રહી જાય છે, તેને પાચનક્વાથ કહે છે. આ પ્રકારનો ક્વાથ દોષોને પચાવે છે, એટલા માટે તાવ, વગેરેમાં તેને પહેલાં દોષોને પચાવવા માટે રોગીને આપવામાં આવે છે.

(૨) દીપન ક્વાથ- જે ક્વાથમાં પાણી ઊકળતાં ઊકળતાં દસમો ભાગ બાકી રહે, તેને દીપન ક્વાથ કહે છે. આ ક્વાથ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે.

(૩) શોધન ક્વાથ- જેમાં પાણી ઊકળતાં ઊકળતાં બારમા ભાગનું બાકી રહે તેને શોધન ક્વાથ કહે છે. આ ક્વાથ મળનું શોધન કરે છે.

(૪) શમન ક્વાથ- આમાં પાણી ઊકળતાં ઊકળતાં આઠમા ભાગનું બાકી રહે છે. તે રોગોને શાંત કરે છે. પાચન ક્વાથ આપવાથી દોષ પરિપક્વ થાય છે, તે પછી શમન ક્વાથ પિવડાવવામાં આવે છે, જેનાથી દોષ શાંત થઈ જાય છે. કાચા દોષમાં આ ક્વાથ આપવો ન જોઈએ.

(૫) સંતર્પણ ક્વાથ- જેને ફક્ત ગરમ કરવામાં આવે છે, તે સંતર્પણ ક્વાથ કહેવાય છે. તે શારીરિક ધાતુઓને તૃપ્ત કરે છે.

(૬) ક્લેદન ક્વાથ- જે ક્વાથમાં ઊકળતાં ઊકળતાં પાણી ચોથા ભાગનું બાકી રહે છે તેને ક્લેદન ક્વાથ કહે છે.

(૭) શોષણ ક્વાથ- જે ક્વાથમાં પાણી ઊકળતાં ઊકળતાં સોળમા ભાગનું બાકી રહે, તેને શોષણ ક્વાથ કહે છે. તે દોષોને સૂકવી દે છે. આયુર્વેદ અનુસાર પાચન ક્વાથ રાત્રે, શમન ક્વાથ બપોર પહેલાં, દીપન ક્વાથ બપોર પછી, સંતર્પણ અને શોધન ક્વાથ પ્રાતઃકાળે આપવો જોઈએ.

બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનમાં છેલ્લાં કેટલાંય વર્ષોથી જે રોગો પર ક્વાથ-ચિકિત્સાના સૌથી વધુ પ્રયોગો-પરીક્ષણ કરવામાં આવ્યાં છે અને તેનાં કાયાકલ્પ કરનાર સફળ સુપરિણામો સામે આવ્યાં છે, તેમાંથી કેટલાકનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે-

(૧) લીલા કરિયાતાનો ક્વાથ (કાલમેઘ) (૨) અરડૂસી ક્વાથ (૩) નગોડ ક્વાથ (૪) ઈન્દ્રજવ ક્વાથ (૫) અશ્વગંધા ક્વાથ (૬) સરસ્વતી પંચક ક્વાથ (૭) ત્રિફળાં ક્વાથ (૮) અશોક ક્વાથ અને (૯) કાંચનાર ક્વાથ.

**(૧) લીલાં કરિયાતાનો ક્વાથ (કાલમેઘ)-** આમાં નીચે લખેલી ઔષધિઓ મેળવવામાં આવે છે- લીલું કરિયાતું- ૧ ચમચી, કાકડી ૧/૪ ચમચી, કરિયાતું ૧ ચમચી, ગળો ૧ ચમચી , પુનર્નવા ૧/૨ ચમચી, અનંતમૂળ ૧ ચમચી, કાળીજીરી ૧/૨ ચમચી, જેઠીમધ ૧ ચમચી, શરપંખો ૧ ચમચી, વાવડિંગ ૨ ચમચી, ખેર ૧ ચમચી (એક ચમચી બરાબર ૩ થી ૫ ગ્રામ થાય છે.) ઉપર જણાવેલ ૧૧ (અગિયાર) ઔષધિઓને પહેલાં અલગ અલગ વાટી-પીસીને તેમનો ઝીણો પાઉડર બનાવવામાં આવે છે અને પછી ઉપર્યુક્ત નિર્ધારિત માત્રામાં લઈને ક્વાથ બનાવાય છે. ક્વાથ બનાવવાની રીત આ લેખના ઉત્તરાર્ધમાં (આગામી અંકમાં)આપવામાં આવશે.

લીલા કરિયાતાનો ક્વાથ લીવર, મેલેરિયા, તાવ, કમળો વગેરેમાં વિશેષ લાભકારી થાય છે.

**(૨) અરડૂસી ક્વાથ-** આમાં નીચે દર્શાવેલ ચીજો મેળવવામાં આવે છે. અરડૂસી ૧ ચમચી, શીમળો ૧ ચમચી, ભારંગમૂળ ૧ ચમચી, તજ ૧/૨ ચમચી, જેઠીમધ ૧ ચમચી, તુલસી ૧/૨ ચમચી, ત્રિકટુ ૧/૪ ચમચી, ચિત્રક ૧/૪ ચમચી, નવસાર બે ચપટી, અતિવિષ ૧ ચમચી, ભોંયઆંબલી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

૧/૨ ચમચી, ગુલબનપશા ૧ ચમચી, (સૂંઠ, પીપર અને મરીને સરખી માત્રામાં મેળવી ખાંડવાથી 'ત્રિકટુ' બને છે.)

વાસા ક્વાથ શરદી, ખાંસી, સળેખમ, સાઈનોસાઈટિસ આદિ રોગોમાં બહુ જ લાભદાયક જણાયો છે.

**(૩) નગોડ ક્વાથ-** આ ક્વાથમાં નીચે લખેલી વનૌષધિઓ મેળવી દેવામાં આવે છે.

નગોડ ૧ ચમચી, ચીડની છાલ ૧/૨ ચમચી, મહારાસ્ના ૧/૨ ચમચી, નાગરમોથ ૧ ચમચી, અશ્વગંધા ૧/૨ ચમચી, જેઠીમધ ૧ ચમચી, દશમૂલ ૧ ચમચી, સૂંઠ ૧/૨ ચમચી, શુદ્ધ ગૂગળ ૧ ગ્રામ, હિંગ ૧ ગ્રામ, રાસ્ના ૧/૨ ચમચી, ચિત્રક ૧/૪ ચમચી, ઉપર્યુક્ત અરડૂસી ક્વાથના સમસ્ત ઘટકો-૧ ચમચી

અહીં આ ક્વાથમાં આપવામાં આવેલ 'મહારાસ્ના' અને 'દશમૂલ'નાં ઘટક દ્રવ્યો વિશે જાણી લેવું જરૂરી છે.

**(૧) મહારાસ્નાનાં ઘટક દ્રવ્યો-** રાસ્ના ૬૦૦ ગ્રામ, જવાસો, બલા, એરંડાના મૂળની છાલ, દેવદાર, કચૂરો, વચ, અરડૂસી, સૂંઠ, હરડે, ધોડાવજ, નાગરમોથ, પુનર્નવા, ગળો વિધારા, વરિયાળી, ગોખરુ, અશ્વગંધા, અતિવિષ, ગરમાળાનો ગર, શતાવર, નાની પિપ્પર, કાંટાસરિયો, ધાણા, નાનો શીમળો, મોટો શીમળો - આ પ્રત્યેક ૧૨-૧૨ ગ્રામ. આ ૨૬ ચીજોને એકત્રિત કરીને ખાંડી તેમનો ઝીણો પાઉડર બનાવાય છે - આ જ 'મહારાસ્ના' છે.

**(૨) દશમૂલ-** નીચે લખેલી ઔષધિઓને સરખે ભાગે લઈને દશમૂલ બનાવવામાં આવે છે. આ ચીજો છે -

બિલ્વ છાલ, શ્રીપર્ણી છાલ, પરવળની છાલ, અરણી છાલ, અરડૂસાની છાલ, સાલવણ, પિઠવણ, નાનો શીમળો, મોટો શીમળો અને ગોખરુ. આ દસ ચીજનો બરાબર માત્રામાં લઈને તેનો ઝીણો પાઉડર બનાવી લેવાય છે અને આ મિશ્રણમાંથી એક ચમચી પાઉડર નગોડ ક્વાથમાં મેળવી દેવાય છે.

નગોડ ક્વાથ વાત, સંધિવા, આર્થરાઈટિસ, સ્પેણ્ડિલાઈટિસ, સાઈટિકા આદિ વાતજન્ય વ્યાધિઓમાં વિશેષ લાભકારી હોય છે. ઓસ્ટિયો આર્થરાઈટિસમાં નગોડ ક્વાથની સાથે ચીડ અથવા સરઈ (બ્રોસવેલિયા સેરેટા)ની ગુંદી દરરોજ અડધો ગ્રામ સવારે અને અડધો ગ્રામ સાંજે લેવાથી તેની અતિ ઉત્તમ અસર જોવા મળી છે.

**(૪) ઈન્દ્રજવ ક્વાથ-** આ ક્વાથમાં નીચે દર્શાવેલ ઔષધિઓ મેળવવામાં આવે છે.

ઈન્દ્રજવ ૧ ચમચી, બિલ્વ ૧ ચમચી, લીલું કરિયાતું ૨ ચમચી, ત્રિકટુ ૧/૪ ચમચી, શરપંખો ૧/૨ ચમચી, અરડૂસી ૧ ચમચી, નાગરમોથ ૧ ચમચી, જેઠીમધ ૧/૨ ચમચી, કરિયાતું ૧/૨ ચમચી, ગળો ૧ ચમચી, દારૂહળદર ૧/૪ ચમચી, હળદર ૧/૨ચમચી

ઈન્દ્રજવ ક્વાથ આમ, મરડો અને કબજિયાત રોગોમાં વિશેષ લાભકારક છે. નવા અથવા જૂના અમીબાયસિસ રોગ, પથ્ય-પરેજી સાથે આ ક્વાથના નિયમિત સેવનથી સમૂળગા નષ્ટ થઈ જાય છે.

■

કેટલાક લોકો કહે છે કે નકામો ખર્ચ સમાજ કરાવે છે, અમે શું કરીએ ? સમાજ આર્થિક મૂલ્યોને જ માન્યતા આપે છે. જો આપણે બનીઠનીને સમાજમાં દેખાડો ના કરીએ તો સમાજમાં આપણને પૂછશે કોણ ? સકરટેટીને જોઈને સકરટેટી રંગ બદલે છે. એ જ રીતે આપણે સમાજનું જેવું રૂપ જોઈએ છીએ એવું જ કરીએ છીએ. એવી દલીલ પાયા વગરની અને સારહીન છે. ખોટો ખર્ચ તો એક વ્યક્તિગત બાબત છે. એ ભૂલ માટે જવાબદાર વ્યક્તિ પોતે જ છે, સમાજ નહીં.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સભ્યતા- શિષ્ટતામાં જ સમાવિષ્ટ

સૃષ્ટિનાં અન્ય જીવજંતુઓ પોતાની શારીરિક અને માનસિક આવશ્યકતાઓ બીજાની મદદ વિના એકલા પોતાની મેળે જ પૂરી કરી શકે છે, પરંતુ મનુષ્યની બાબતમાં એવું નથી. માનવજીવનની મોટાભાગની જરૂરિયાતો એવી છે, જેના માટે બીજા પર આધારિત રહેવું પડે છે. વાસ્તવમાં, માણસ સામાજિક પ્રાણી છે. તેનું કામ એકબીજાના સહકારના આધારે જ ચાલી શકે છે.

બીજા સાથે આપણો વ્યવહાર કેવો છે, એ તથ્ય પર જીવનના વિકાસક્રમનો, પ્રગતિ-અધોગતિનો, મૈત્રી-શત્રુતાનો, હાનિ-લાભનો, પ્રસન્નતા-ખિન્નતાનો, નિંદા-કીર્તિનો ઘણોખરો આધાર રહે છે. જો આપણે ઉદ્દંડ, ઉચ્છૃંખલ, કટુભાષી, સ્વાર્થી, અશિષ્ટ પ્રકૃતિના હોઈએ અને બીજાને આપણા વ્યવહારથી અસંતોષ અને ખિન્નતા આપતાં હોઈએ, તો બીજા તરફથી આપણને ઘૃણા, ઉપેક્ષા, નિંદા, અસહકાર અને શત્રુતાની જ પ્રતિક્રિયા મળશે. તેઓ આપણને અધૂરા-છીછરા, અસભ્ય, અસામાજિક, મૂર્ખ અને ઉદ્દંડ માનશે અને ક્યારેક સહકારનો પ્રસંગ આવશે ત્યારે હાથ ખેંચી લેશે, બચવાની કોશિશ કરશે. આવી પરિસ્થિતિમાં કોઈ વ્યકિત પોતે ગમે તેટલી ચતુર અને દક્ષ કેમ ન હોય, નુકસાનમાં જ રહેશે. એથી ઊલટું, જે બીજા સાથે મધુર, ઉદાર અને સભ્ય વ્યવહાર કરવાની કલામાં પ્રવીણ હોય, તે સહજમાં જ બીજાનું મન જીતી લેશે, બીજાને પોતાના પ્રત્યે ઉદાર અને કૃપાળુ બનાવી લેશે, સ્નેહ અને સહકાર મેળવી લેશે, પરિણામે, તેમને ઉન્નતિ અને સુવિધાઓનાં અનેક સાધનો સહજ જ મળતાં રહેશે.

ચાહે વ્યકિતગત જીવન હોય કે સામાજિક વ્યવસ્થા-પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગતિ, સ્થિરતા, સુરક્ષા અને શાંતિ તો પરસ્પર સ્નેહ, સદ્‌ભાવનાના આધાર પર જ અવલંબિત છે. એટલા માટે બુદ્ધિમાનોએ હંમેશાં એ બાબત પર ભાર મૂક્યો છે કે "દરેક વ્યકિત બીજા સાથે એવો જ મધુર વ્યવહાર કરે, જેવો તે પોતાના માટે બીજા તરફથી ઈચ્છે છે." આ તથ્યને શિષ્ટાચાર, સભ્યતા કે નાગરિકતાના નામે ઓળખવામાં આવે છે. એ મનુષ્યતાનું આવશ્યક અંગ છે. જેનામાં આ ભાવના જેટલી ઓછી હોય, તેટલો તેને અસભ્ય માનવામાં આવે છે.

આપણે ઈચ્છીએ છીએ કે બીજાં આપણી સાથે મીઠાં વેણ બોલે,માનપ્રદ વ્યવહાર કરે, આદર-સમ્માનપૂર્વક વ્યવહાર કરે, જે વાયદો કરે તે પૂરો કરે, ઉદાર વ્યવહાર કરે અને જરૂર પડયે સહકાર આપીને આપણી મુસીબતોને હલ કરે. બરાબર આવી જ આકાંક્ષા બીજાં પણ આપણી પાસે રાખે છે. માનવમાત્રની આ સામૂહિક ઈચ્છા અને આવશ્યકતાનું નામ જ સભ્યતા છે. સભ્યતા જેટલી વિકસે છે તેટલી જ સુખ-શાંતિની પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે અને વધે છે. એથી ઊલટું, જ્યારે આ મર્યાદાઓ તૂટવાનું શરૂ થાય છે, લોકો એકબીજા સાથે ઉદ્ધત વ્યવહાર કરે છે. શોષણ અને આક્રમણની નીતિ અપનાવે છે, સંકુચિતતા અને સ્વાર્થીપણાનો પરિચય આપે છે, તો તેની પ્રતિક્રિયા દુઃખ, કલેશ, અસંતોષ અને ઉદ્વેગ રૂપે થાય છે. આ જાતની ગતિવિધિઓ અનૈતિકતા, પાપ, ઉદ્દંડતાના નામે ઓળખાય છે અને એના માટે થોડીક વ્યકિતઓ સામાજિક અને રાજકીય પ્રતિક્રિયાઓ ઉત્પન્ન કરે છે, તો તેનાથી ઘણા લોકોની શાંતિ જોખમાય છે. એટલા માટે મર્યાદા તોડનાર, ઉદ્ધત વ્યવહાર કરનાર, અસભ્ય લોકોને ગુંડા, બદમાશ, પાપી, દુષ્ટ, લંપટ, ચોર, ઠગ અને ઉદ્દંડ અપરાધી માનવામાં આવે છે. એમના આતંકને રોકવા માટે આખો સમાજ કંઈ ને કંઈ વિચારતો અને કરતો રહે છે. પોલીસ, અદાલત અને કાયદાઓનું નિર્માણ આના આધારે જ થયું છે. આવી વ્યકિત નિશ્ચિતપણે ઘૃણાપાત્ર બને છે અને બીજાનાં સ્નેહ, સહકાર અને વિશ્વાસથી વંચિત થઈને પ્રત્યેક ક્ષેત્રમાં તિરસ્કૃત, પરાસ્ત અને અસફળ થાય છે. આવી ગતિવિધિઓ અપનાવવી એટલે મનુષ્યતાના નામ પર બટ્ટો લગાડયો.

શિષ્ટાચાર એ માનવતાના પ્રાથમિક અને આવશ્યક ગુણોમાંનો એક છે. એનાથી માત્ર સામાજિક સુવ્યવસ્થા જ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્થિર રહે છે એમ નહિ, પરંતુ એ શિષ્ટ વ્યકિત પણ બીજાનાં સ્નેહ, સદ્‌ભાવ અને સહયોગ મેળવીને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગતિ કરતી જાય છે. એટલા માટે એ તદ્દન જરૂરી છે કે આપણે સભ્યતાના આવશ્યક નિયમો જાણીએ, તેની જરૂરિયાત અનુભવીએ અને આપણા વ્યાવહારિક જીવનમાં એક સારી ટેવ રૂપે આચરણમાં ઉતારીએ. પોતાનાં બાળકોને શરૂઆતથી જ શિક્ષણ આપીએ, જેથી તેઓ સભ્યતા શીખે અને બીજાના મન પર પોતાની શ્રેષ્ઠતાની, શિષ્ટતાની છાપ પાડવામાં સફળ થાય.

આમ તો ખુશામત, ચતુરતા, ચાપલૂસી, ધૂતવાના અને સ્વાર્થ સાધવાના ઉદ્દેશ્યથી પણ બનાવટી શિષ્ટાચારથી વરતી શકાય છે, પરંતુ મૂલતઃ શિષ્ટતા એક આધ્યાત્મિક ગુણ છે. માનવમાત્રમાં ઈશ્વરની જયોતિને પ્રકાશવાન સમજીને ઔચિત્યની મર્યાદાઓમાં જરાક પણ ઊણપ ન આવવા દેવી, ઉદારતા સેવા, ક્ષમા, સહિષ્ણુતાનો પરિચય આપવો એક આધ્યાત્મિક દિવ્ય ગુણ છે. એ અપનાવવાથી આપણી ધાર્મિકતા અને આસ્તિકતાનો વિકાસ થાય છે અને અંતે જીવન્મુકિત અને બ્રહ્મનિર્વાણની સ્થિતિ સુધી પહોંચી શકવાનું સંભવ બની જાય છે. ઉદ્દંડતા પાછળ નિશ્ચિતપણે મનુષ્યની તામસિકતા, અહંકારિતા, અસુરતા અને પાપવૃત્તિની મૂર્ખતા છુપાયેલી હોય છે. આ કાગળની નાવ એક દિવસ ડૂબવાની જ છે. અંસભ્ય મનુષ્યનું જીવન તિરસ્કાર અને આત્મવંચનાની થપાટો ખાતું ખાતું અંતે અધઃપતનની ખાઈમાં જઈ પડે છે.

શિષ્ટાચારને જીવનની મહત્ત્વપૂર્ણ આવશ્યકતા સમજીને, તેની ઉપયોગિતાને હૃદયંગમ કરીને, સંપૂર્ણ સાવધાનીથી આપણા વ્યવહારમાં લાવવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ. એની શરૂઆત વાણીથી કરવી જોઈએ. કોઈને કડવાં વેણ ન કહેવાઈ જાય. કઠોર અને રુક્ષ શબ્દોનો પ્રયોગ કરવાનું તરત છોડી દેવું જોઈએ. જેની સાથે બોલીએ, તેના પ્રત્યે આદરભાવ રાખતાં નમ્ર, મીઠા, સહાનુભૂતિભર્યા સમ્માનસૂચક શબ્દોમાં વાત કરીએ. વિચારોમાં ભલે તીવ્ર મતભેદ કેમ ન હોય, પણ વાણીમાં કટુતા ન આવવી જોઈએ. જો સામેવાળાએ આપણા પ્રત્યે કોઈ અનુચિત વ્યવહાર કર્યો હોય, તો પણ તેના પ્રતિકાર માટે સંયમપૂર્વક, તર્કપૂર્ણ તથ્યયુકત વાત દઢતાપૂર્વક કહેવી અને એ અનૌચિત્યનો પ્રતિકાર થઈ શકતો હોય તો તેનો માર્ગ સુઝાડવો. આ રીતે સામેવાળાને નરમ બનાવવાનું અને ભૂલમાં થોડોઘણો સુધારો કરી શકવાનું સંભવ બની શકે છે. એથી ઊલટું, ગાળાગાળી અને અશ્લીલ ભાષાનો પ્રયોગ કર્યો હશે, તો કાંઈ લાભ થશે નહિ. કડવાશ વધશે, સાથે જ દ્વેષ, દુર્ભાવ અને આક્રમણ પ્રતિ આક્રમણનું એક નવું ચક્કર ચાલુ થશે, જેનું પરિણામ શકિત અને શાંતિની બરબાદી જ હોઈ શકે. આ બુદ્ધિમત્તાનો માર્ગ નથી.

પરસ્પર એકબીજાને મીઠાં વચન બોલવાની, સમ્માન સૂચક, વિનયપૂર્ણ શબ્દો કહેવાની ટેવ પાડીને આપણે કંઈપણ ખર્ચ કર્યા વિના બીજાનું મન જીતી શકીએ છીએ અને એમને આપણા શુભચિંતક, હિતેચ્છુ મિત્ર અને સહાયક બનાવી શકીએ છીએ. ઓછા ખર્ચે વધુ લાભ આપનાર બુદ્ધિમત્તાપૂર્ણ બીજો કોઈ ઉપાય આ સંસારમાં નથી. મધુરવાણીથી સમ્માનસૂચક સંબોધન કરવાં જોઈએ અને લોકોને પ્રિય લાગતી ભાષામાં આપણો અભિપ્રાય દર્શાવવો જોઈએ. શિષ્ટાચારની આ પહેલી કડી છે.

આપણા વ્યવહારથી બીજાને અનુચિત અને બિનજરૂરી કષ્ટ ન પડે એનું પૂરેપૂરું ધ્યાન રાખવું જોઈએ. કોઈને કોઈ વાયદો કર્યો હોય, તો અનિવાર્ય મુશ્કેલી ન આવી પડે તો એ વાયદો સમયસર પૂરો કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. ધોબી, દરજી, રંગરેજથી માંડીને સાહેબ લોકો સુધ્ધાંમાં સમયસર પોતાનો વાયદો પૂરો ન કરવાની લાપરવાહી જોવા મળે છે. કોઈકને ત્યાં અમુક સમયે પહોંચવાનો વાયદો કર્યો હોય તો મોટેભાગે વિલંબ કરવામાં આવે છે, વચનભંગની આ ટેવ ખૂબ ખરાબ છે. જે કહેવાય તે કરવું પણ જોઈએ. શકય હોય ત્યાં સુધી સમયની પાબંદીનું પૂરેપૂરું ધ્યાન રાખવું. સભ્યતાનું આ બીજું ચિહ્ન છે.

ગંદકીથી બીમારી જ નહિ, ઘૃણા પણ ફેલાય છે. આપણે આપણાં શરીર, વસ્ત્ર, મકાન અને રાચરચીલું સ્વચ્છ રાખીએ. તે એવાં ગંદાં ન રાખીએ, જેથી બીજાને એ જોવાથી કે નજીક જવાથી ઘૃણા જાગે. ગંદકીની આદત અસભ્યતાની પ્રતીક છે. સભ્યતાનો તકાજો એ છે કે આપણે સાફ-સ્વચ્છ રહીએ, આપણી દરેક ચીજ સાફ-સ્વચ્છ રીતે સુવ્યવસ્થિત રહે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

> ***જે પોતાનું ભોજન વહેંચીને ખાય છે, જેને પોતાની જેમ જ બીજા જરૂરતમંદોની પણ ચિંતા રહે છે, જેને પડેલાંને બેઠા કરવામાં આનંદ આવે છે, તે સંસારમાં રહેવા છતાં પણ પરમાત્માની ગોદમાં નિવાસ કરવાનો આનંદ પામે છે.***

સાર્વજનિક સ્થાનોનો ઉપયોગ કરતાં આપણે આપણા અધિકાર અને કર્તવ્યનું પૂરેપૂરું ધ્યાન રાખવું જોઈએ. ટ્રેનમાં આપણા અધિકારમાં ન હોય એટલી જગ્યા ન રોકીએ. પાસે બેસનારને તકલીફ પડતી હોય, તો તમાકુનો ધુમાડો ન છોડીએ, થૂંક, લીંટ, એંઠું, નકામા કાગળ, પાણી વગેરે એવી જગ્યાએ ન નાંખીએ, જ્યાં બીજાંને તકલીફ પડે. જો કે સાર્વજનિક સ્થાન કોઈ એકની માલિકીનાં હોતાં નથી; એટલે મોટાભાગે એ સ્થાનોનો દુરુપયોગ કરીએ છીએ, આ બહુ ખરાબ વાત છે. સાર્વજનિક સ્થાન બધાંનાં છે, એટલે આપણાં પણ છે.

નારી પ્રત્યે કોઈ અશિષ્ટ આચરણ ન કરવું જોઈએ અને ભાવ પણ પવિત્ર રાખવો જોઈએ. ઉંમરલાયક યુવતીઓ તરફ છીછરા માણસોની જેમ ટીકીટીકીને જોવું, એમની સાથે અટ્ટહાસ્ય કરીને હસવું કે ઉદ્ધતાઈપૂર્વક વાતચીત કરવી એ ભારતીય સંસ્કૃતિથી તદ્દન વિપરીત છે. જુવાન સ્ત્રી-પુરુષ એકબીજા તરફ આંખ ઝુકાવીને જુએ, પાંપણ ઢાળીને વાતચીત કરે, પોતાની સગી બહેન, દીકરી કે માતા સાથે જે રીતનાં વાતચીત કે વ્યવહાર કરવા ઉચિત છે તેથી જરાય ઊતરતો વ્યવહાર અન્ય સ્ત્રીઓ સાથે ન કરવો જોઈએ. ઉંમરલાયક યુવતીઓ માટે ભારતીય સભ્યતાનો એક મુખ્ય સંદેશ એ છે કે તેઓ પોતાના કેશકલાપ, શૃંગાર અને વેશભૂષાનું એવું ઉત્તેજક પ્રદર્શન ન કરે, જેનાથી બીજાને કુદૃષ્ટિથી જોવા માટે પ્રોત્સાહન મળે. આ બાબત ભલે એમની દૃષ્ટિએ 'કલા' કે શોભા કેમ ન હોય, પણ એમાં અશ્લીલ પ્રવૃત્તિઓને ભડકાવવાનું ભારે જોખમ રહેલું છે. પ્રત્યેક સભ્યતાભિમાનીએ શિષ્ટાચારની દૃષ્ટિએ આ જોખમથી પોતાના ઘરની છોકરીઓને પૂર્ણપણે સજાગ કરી દેવી જોઈએ.

મોટા પ્રત્યે, ગુરુજનો અને વડીલો પ્રત્યે વિશેષ શિષ્ટાચારથી વરતવું જોઈએ. એમના વૃદ્ધત્વની મોટાઈ આપણે સ્વીકારવી જોઈએ અને ભૂલ્યા વગર એમને સમ્માન આપવું જોઈએ. નાત-જાતનો ભેદ ન રાખીને પોતાનાથી મોટાઓનું અભિવાદન કરવું એ પ્રત્યેક ભારતીય સંસ્કૃતિના અનુયાયીનું કર્તવ્ય છે. માતા-પિતા, દાદા-દાદી, નાના-નાની, કાકા-કાકી, સાસુ, જેઠાણી, ફોઈ, મોટી બહેન વગેરે આદરણીય કુટુંબીઓના ચરણસ્પર્શ સાથે રોજ સવારે નમસ્કારની પ્રાચીન પરંપરા હવે ઘરઘરમાં ફરી સ્થાપિત કરવી જોઈએ. આ ખચકાટ અને સંકોચ છોડીને જો આપણે આપણા ગુરુજનો સાથે આ શિષ્ટતાનો પરિચય આપવા માંડશું તો ફકત એક ધર્મપરંપરા જ શરૂ નહિ થાય, પણ બાળકોમાંય દેખાદેખીથી ગુરુજનો પ્રત્યે આદરભાવ જાગવા માંડશે, તેઓ પણ આપણું અનુકરણ કરશે. પરિણામે આજે બાળકોમાં જે અનુશાસનહીનતા અને અશ્રદ્ધા વધી રહી છે તેનું કંઈક અંશે અનાયાસ સમાધાન થવા માંડશે.

સન્માનનીય વ્યક્તિઓ સામે પગ લાંબા કરીને કે હલકી ચેષ્ટાઓ સાથે બેસવું ; ટિકિટ લેવા કે પરબ પર પાણી પીવાના સામૂહિક પ્રસંગે લાઈનમાં ઘૂસ મારીને આગળ જતા રહેવું; કોઈ પીડિત-પરેશાન, અપંગ કે મૂર્ખ માણસની મશ્કરી કરવી; પોતાનાં વખાણ પોતે જ કરવાં, અશ્લીલ ચેષ્ટાઓ કે વાતો કરવી; દાંત, કાન વગેરે અકારણ ખોતરતાં રહેવું; ઘરે આવેલા મહેમાનના ઉચિત સત્કારની ઉપેક્ષા કરવી; પૂછયા વિના બીજાની ચીજ ઉપાડી લેવી અને આમ-તેમ મૂકી દેવી; બીજાના પત્રો તેની આજ્ઞા વિના વાંચવા; કોઈને એવી વાતો પૂછવી જે જણાવતાં તેને સંકોચ થાય; દીવાલો પર પોતાનું નામ કે એવું કંઈક ઉટપટાંગ લખીને તે ગંદી કરવી- વગેરે અનેક બાબતો એવી છે, જે અસભ્યતા અને અશિષ્ટતામાં આવે છે. પ્રત્યેક શિષ્ટતા અને સભ્યતાપ્રેમીએ તેનું ધ્યાન રાખવું જરૂરી છે.

▣



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સફળતાના દસ આગ્નેય મંત્ર

સફળતા સંકલ્પવાનોના સંકલ્પમાં નિવાસ કરે છે. એનો મૂળ મંત્ર છે આત્મવિશ્વાસ અને નિષ્ફળતાનું કારણ છે આત્મવિશ્વાસનો અભાવ. સફળતા નથી અનુકૂળ પરિસ્થિતિઓ પર આધારિત, નથી ઉપયુકત અવસરો પર. એ તો આત્મવિશ્વાસ પર જ આધાર રાખે છે. આત્મવિશ્વાસનો અર્થ કોરી ભાવુકતા નથી, પરંતુ જેની સાથે અટલ સંકલ્પ અને અદમ્ય સાહસ જોડાયેલું રહે છે એ દૂરદર્શિતાનું બીજું નામ છે. આત્મવિશ્વાસનો મતલબ છે પોતાના પ્રત્યે પ્રબળ આસ્થા અને ગહન નિષ્ઠા. આસ્થા અને નિષ્ઠા જ સફળતાનો માર્ગ પ્રશસ્ત કરે છે.

સફળતાના કાંટાળા માર્ગ પર આવનારી બાધાઓ, વિઘ્નો અને અવરોધોને દૂર કરવાનો એક જ ઉપાય છે- આત્મવિશ્વાસ. અંતરની ગંગોત્રીમાંથી જ શકિતનો પ્રવાહ ફૂટે છે અને પ્રચંડ પુરુષાર્થની ભાગીરથી વહેવા લાગે છે. આ પયસ્વિનીમાં સ્નાન કરીને તમામ અસફળ વ્યકિતઓની નિષ્ફળતા ધોવાઈ ગઈ અને દુર્બળતા દૂર થઈ તથા સફળતાના પુણ્ય આનંદનો લાભ મળ્યો.

જીવનમાં સફળતા કેવી રીતે મળે ? આત્મબળ કેવી રીતે વધે ? તેને માટે સામાન્ય અને વ્યાવહારિક પરંતુ પ્રેરણાપ્રદ દસ નિયમો અપનાવવા જોઈએ, તેનું પાલન કરવું જોઈએ. સબળ આત્મશકિતના દસ નિયમ છે- સહજતાનો નિયમ (લો ઓફ સિમ્પલિસિટી), કર્મનો નિયમ (લો ઓફ વર્ક), કામનાનો નિયમ (લો ઓફ હોપ્સ), દરકારનો નિયમ (લો ઓફ કેઅર),વિશ્વાસનો નિયમ (લો ઓફ ટ્રસ્ટ), આદરનો નિયમ (લો ઓફ રિસ્પેકટ), સક્રિયતાનો નિયમ(લો ઓફ ડાયનેમિઝમ), પરોપકારનો નિયમ (લૉ ઓફ બિનેવલન્સ), કૃતજ્ઞતાનો નિયમ (લૉ ઓફ ગ્રેટીટયૂડ) અને બલિદાનનો નિયમ (લૉ ઓફ સેક્રિફાઈસ).

સહજતાનો નિયમ સફળતાનું પહેલું સોપાન છે, એનો અર્થ છે, શાંતિ અને સરળતામાં વિશ્વાસ. શાંત ચિત્તે, શાંત રીતે કરેલું દરેક કાર્ય સફળ થાય છે. બિનજરૂરી ઉતાવળ કામ કરવા કરતાં બગાડે છે. અનાવશ્યક આતુરતાથી કંઈ પણ ઉપલબ્ધ થતું નથી, ઊલટું નુકસાન અને હાનિ ભોગવવાં પડે છે. અનુચિત પરિશ્રમથી સફળતા મળતી નથી, પરંતુ નિષ્ફળતાનું ગાઢ ધુમ્મસ છવાઈ જાય છે, જ્યાં કંઈ પણ સ્પષ્ટ દેખાતું નથી.

આજના યાંત્રિક યુગની સૌથી મોટી સમસ્યા છે, નિરર્થક ભાગદોડ. મૂલ્યહીન વ્યસ્તતા અને બીજાથી આગળ વધવાની સર્વનાશી હોડ. વ્યકિત વાહનનો ઉપયોગ એટલા માટે કરે છે કે તે સુરક્ષિત અને સહજતાથી પોતાના ગંતવ્ય સુધી પહોંચી જાય, પરંતુ વાહનને તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ ગતિથી ચલાવીને કોણ જાણે કોનાથી આગળ અને કયાં પહોંચી જવા ઈચ્છે છે ! આ હાલ જીવનના દરેક ક્ષેત્રમાં છે. બધી બાજુ ખેંચતાણ જામેલી છે. રેશન અને ગેસ સ્ટોર કે કોઈ બીજા કાઉન્ટર પર લાઈનમાં ઊભા રહીને આપણો વારો આવે તેની રાહ જોવામાં આપણે અસહજ અને પરેશાન થઈ જઈએ છીએ. પરિણામે, લાઈન તૂટે છે, દૈનિક જીવનની વ્યવસ્થામાં ભંગાણ પડે છે અને આંતરિક જીવન ચૂરચૂર થઈ જાય છે.

> *દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ કોઈક પ્રસંગે ચૌદ દિવસના જળ–ઉપવાસ કર્યા, ચાર દિવસ વીતતાં એમના એક જર્મન સાથી કેલનબેકનો તાર મળ્યો કે હું અમુક ગાડીથી આપની દેખભાળ માટે આવી રહ્યો છું.*
>
> *ગાંધીજી ઉપવાસના પાંચમા દિવસે પોતાના સાથીઓ સહિત ત્રણ માઈલ ચાલીને સ્વાગત માટે સ્ટેશને પહોંચ્યા. તેમણે કહ્યું, " આપની સદ્ભાવના બદલ મારા મનમાં જે કૃતજ્ઞતા ઊપજી, તેનું જ આ પરિણામ છે, જે મને તાકાત આપી શકી અને અહીં સુધી ખેંચી પણ લાવી."*

જીવનમાં સફળતા મેળવવા માટે શાંત રહેવું જોઈએ તથા સરળતા અને સહજતામાં ઊંડો વિશ્વાસ રાખવો જોઈએ. સહજ અને શાંત મનમાં વિવેકપૂર્ણ વિચારોનો ઉદય થાય છે, જે સફળતાની અનિવાર્ય શરત છે.

સફળતા માટે કર્મના નિયમનું પાલન કરવું પણ જરૂરી છે. કર્મની ઉત્કૃષ્ટતા અને શ્રેષ્ઠતામાં જ સફળતાનો માનદંડ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને માપદંડ નિર્ધારિત રહે છે. સદ્‌કર્મથી મળેલી નિષ્ફળતા પણ સફળતાથી ચડિયાતી હોય છે, એનાથી મનમાં અપાર શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ થાય છે અને જો કર્મ નિષ્કામ ભાવે કરવામાં આવે તો જિંદગીની દિશાધારા જ બદલાઈ જાય છે. એનાથી આંતરિક જીવન પવિત્ર અને પ્રખર બને છે. આંતરિક અને બાહ્ય એમ બન્ને સફળતાઓ માટે નિષ્કામ કર્મ કરવું જોઈએ.

સંસારમાં દરેક વ્યકિત સફળતા મેળવવા ઈચ્છે છે, પરંતુ દરેકની સફળતાની ચાહત અલગ અલગ હોય છે. કોઈ ભૌતિક જીવનમાં સફળ થવાની કામના કરે છે, તો કોઈ ધાર્મિકતા અને આધ્યાત્મિકતાની ઈચ્છા રાખે છે. કર્મ પણ મનની ઈચ્છાઓ દ્વારા નિયમિત અને નિર્ધારિત થાય છે. મનને અનુકૂળ કાર્ય સહજતાથી સંપન્ન થાય છે, જ્યારે જે કાર્યમાં ઈચ્છા ન હોય તે ખૂબ ભારે અને કંટાળાજનક લાગે છે. આથી દરેક વ્યકિતએ પોતાના ભાવિ જીવનની સુખદ અને સફળ કામના કરવી જોઈએ, પરંતુ વાસ્તવિકતાની ધરતી પર ઊતરવા માટે, વ્યાવહારિક બનવા માટે, ખરાબમાં ખરાબ પરિસ્થિતિઓ માટે પણ તૈયાર રહેવું જોઈએ, નહિતર સુખદ કલ્પના અને કામના પાણીના પરપોટાની જેમ વિલીન થઈ જશે.

આપણને જેટલી આપણી સફળતા અને વિકાસની દરકાર હોય છે એટલી જ બીજા માટે પણ હોવી જોઈએ. દરકારની આ ઉદાત્ત ભાવના આપણને ઉદાર બનાવે છે અને આપણે બીજાના સુખે સુખી અને દુ:ખે દુ:ખી થઈએ છીએ. તેનાથી ઈર્ષ્યા, દ્વેષ, દુર્ભાવ જેવા મનોવિકારોને મનની અંદર જડ જમાવવાનો મોકો મળતો નથી. પરિણામે વ્યકિત ખૂબ ખુશ અને આનંદિત રહે છે. જ્યારે આપણે આપણી જેમ બીજાનો ખ્યાલ રાખીએ છીએ તો બધા આપણા મિત્ર અને હિતેચ્છુ બની જાય છે અને ઈશ્વર પણ આપણો ખ્યાલ રાખે છે, આથી દરકારનો નિયમ સફળ જીવન માટે અત્યંત જરૂરી છે.

વિશ્વાસ-આત્મવિશ્વાસ સફળતાનું અમોઘ અસ્ત્ર છે. સંસારનો ઈતિહાસ એવી થોડીક વ્યકિતઓનો ઈતિહાસ છે, જેમનામાં આત્મવિશ્વાસ હતો. આ વિશ્વાસ આપણી અંદર વિદ્યમાન દેવત્વને લલકારીને પ્રકટ કરી દે છે અને ત્યારે વ્યકિત કંઈ પણ કરી શકે છે, સર્વસમર્થ બની જાય છે, નિષ્ફળતા ત્યારે જ હોય છે, જ્યારે આપણને આપણામાં વિશ્વાસ નથી હોતો. સ્વામી વિવેકાનંદે સિંહનાદ કરતાં કહ્યું છે - "જેનામાં આત્મવિશ્વાસ નથી, તે નાસ્તિક છે. જે ક્ષણે વ્યકિત કે રાષ્ટ્ર આત્મવિશ્વાસ ખોઈ બેસે છે તે જ ક્ષણે તેનું મૃત્યુ થઈ જાય છે. વિશ્વાસ-વિશ્વાસ-પોતાની જાત પર વિશ્વાસ. એ જ ઉન્નતિ અને સફળતાનો એકમાત્ર ઉપાય છે."

**એક સંતના ત્યાગથી પ્રભાવિત થઈને એક રાજાએ એમની ગુરુદીક્ષા લીધી. પહેલાં પણ હજારો લોકો એમની પાસે ગુરુદીક્ષા લઈ ચૂકયા હતા. તેમણે રાજાને દીક્ષિતોમાં જોયા તો સૌએ જઈને કહ્યું, મહારાજ ! હવે તો આપ અમારા ગુરુભાઈ છો, હવે અમારી પાસે રાજ્ય-કર ન માંગશો, રાજાએ દ્વિધામાં બધાના કર માફ કરી દીધા. પરિણામ એ આવ્યું કે રાજ્ય-વ્યવસ્થા માટે ધન મળવાનું બંધ થઈ ગયું. વ્યવસ્થા લડખડાવા લાગી.**

**સૌએ શ્રમ કરવાનું બંધ કરી દીધું અને સંચિત મૂડીથી પેટ ભરવા લાગ્યા. આ સ્થિતિ જોઈને રાજા ગભરાયો અને પોતાના ગુરુ પાસે પહોંચ્યો. તેમણે સ્થિતિનું વર્ણન સાંભળીને કહ્યું, દીક્ષાને આચરણમાં ન ઉતારો તો એ અસફળ જ રહે છે. જેમને તમે ગુરુભાઈ માનો છો, એ બધા આળસુ છે, પણ તમે પ્રમાદી છો. તમે તમારી વ્યવસ્થા નિયમાનુસાર ચલાવો, નહિતર એમની સાથે તમે પણ પાપના ભાગીદાર બનશો.**

વિશ્વાસ આપણને સફળતા અપાવે છે અને પ્રતિષ્ઠા પણ, પરંતુ જીવનમાં માન અને પ્રતિષ્ઠા ત્યારે જ આવે છે, જ્યારે વ્યકિત વિનમ્ર હોય અને બીજાનાં આદર-સમ્માન કરવાનું જાણતી હોય. બીજાનો આદર કરનાર માણસ જ સમ્માનનો સાચો અધિકારી હોય છે. જેને પોતાનું સમ્માન કરવાનું આવડતું નથી, તે મૃત મડદાં જેવો છે. તેનામાં સ્વાભિમાનનો તીવ્ર અભાવ હોય છે, એવી વ્યકિત બીજાનું સમ્માન પણ કરતી નથી અને બદલામાં અનાદર પામે છે, તિરસ્કૃત થાય છે. આથી, સફળ થવા માટે આદરના નિયમનું પાલન કરવું જોઈએ, કારણ કે આદર ચાહે બીજાનો કરીએ કે પોતાનો, સદૈવ કાંઈક સારું અને શ્રેષ્ઠ લઈને જ આવે છે.

સમ્માનની આ અભિલાષા વ્યકિતને સક્રિય અને સજગ કરી દે છે. તે ભાગ્યના ભરોસે હાથ પર હાથ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાખીને બેસી રહેતી નથી, પરંતુ તે કંઈક કરવામાં વિશ્વાસ રાખે છે અને સફળતા પ્રતિ સક્રિય બની જાય છે. તેમની આ સક્રિયતા તેમને પ્રબળ પ્રયાસ અને પ્રચંડ પુરુષાર્થ માટે પ્રેરે છે. પછી તેનામાં સાહસ ને બળનો સંચાર થાય છે અને પોતાની સફળતા માટે નિષ્ફળતાના વમળમાં પણ અસીમ ધીરજનો પરિચય આપે છે. આવી સક્રિય વ્યકિતનું અંગત અને બાહ્ય, બન્ને જીવન ચમકી ઊઠે છે, જે હંમેશાં પોતાના માટે અને બીજાં માટે કંઈક કરવા માટે સજગ રહે છે.

બીજાં માટે કંઈક કરવાની ભાવના જ પરોપકાર છે. પરોપકાર ખેતરમાં વાવવાનાં બી જેવો છે. જ્યારે પરોપકાર કરવામાં આવે છે ત્યારે કંઈ જ દેખાતું નથી, પરંતુ જ્યારે એની ફસલ પાકી જાય છે તો તે સદ્ભાવના અને પ્રેમ રૂપે લહેરાવા માંડે છે. જેણે અપાર સંપત્તિ જમા કરી લીધી હોય કે સમાજમાં માન-સમ્માન મેળવીને પ્રતિષ્ઠિત થયા હોય તેઓ જ સફળ વ્યકિતઓ નથી, પરંતુ જેમણે સહાય કરીને દુઆઓની દોલતથી મનનો ખજાનો ભરી લીધો હોય તેઓ પણ સફળ વ્યકિતઓ છે. પરોપકાર એ વૈશાખ-જેઠની બપોરમાં ઠંડી અને શીતળ છાંય જેવો છે, જ્યાં થોડીવાર આરામ અને વિશ્રામ કરી શકાય છે.

ઉપકારોનો બદલો કેવળ કૃતજ્ઞતાના ભાવથી જ ચૂકવી શકાય છે. કોઈએ આપણા માટે કંઈ કર્યું હોય, તો તેના પ્રત્યે સદાય કૃતજ્ઞતાનો ભાવ હોવો જોઈએ તથા તેના માટે કંઈક કરવા તૈયાર રહેવું જોઈએ. કૃતજ્ઞ વ્યકિત સફળ થાય છે, પરંતુ કતઘ્ન અપયશનો ભાગીદાર બને છે અને તેના હાથમાં નિષ્ફળતા જ આવે છે, કારણ કે કૃતજ્ઞતા પ્રકટ કરવાથી વિનમ્રતા આવે છે અને કૃતઘ્નતાથી અહંકાર. કૃતજ્ઞને બધા સહકાર આપે છે અને તે સફળ થઈ જાય છે. એથી ઊલટું કૃતઘ્નને કોઈ સાથ આપતું નથી.

સફળતા માટે જે ચીજની સૌથી વધુ જરૂર પડે છે, તે છે- ત્યાગ, બલિદાન અને સમર્પણનો આદર્શ ભાવ. એથી ઓછામાં સફળતાની ઈચ્છા ન રાખવી જોઈએ. જે કંઈક કરવા માટે કે મેળવવા માટે કટિબદ્ધ છે, તે જ ત્યાગ કરી શકે છે. જેના ઈરાદા મજબૂત અને દૃઢ છે, જેનો વિશ્વાસ અટલ છે, જે સંકલ્પવાન છે, તે જ બલિદાન કરી શકે છે, સમર્પિત થઈ શકે છે. આ પથ પર આગળ વધતાં જ સફળતાની મંઝિલ પાર કરી શકાય છે. આ જ આત્મવિશ્વાસનો આગ્નેય મંત્ર છે, આ નિયમ અને વિધાન છે, જેને અપનાવીને વ્યકિત સફળતાના રથ પર સવાર થઈ શકે છે.

એક વખત એક વૃદ્ધ અને વૃદ્ધા પોતાના બાળકને લઈને ભીખ માગી રહ્યાં હતાં. પાર્વતીજીએ અસહાયને જોયાં તો કરુણાથી દ્રવી ઊઠયાં. શિવજીને કહ્યું, આપની સૃષ્ટિમાં પણ કેવા અસહાય લોકો છે ? આપ એમનું દુઃખ પણ દૂર કરી શકતા નથી ? શિવજીએ અનેક રીતે સમજાવ્યાં, આ લોકો પોતાની આંતરિક દુર્બળતાને કારણે દુઃખી, અસહાય બન્યાં છે. પાર્વતીજીને સંતોષ ન થયો, તો શિવજીએ એમની સામે પ્રકટ થવું પડયું, એમણે ત્રણેયને વરદાન માગવાનું કહ્યું. સૌથી પહેલાં વૃદ્ધાએ કહ્યું, ભગવાન ! મને તો આપ વીસ વર્ષની નવયૌવના બનાવી દો. એની આસકિત કામમાં હતી. શિવજીએ કહ્યું, તથાસ્તુ અને એ નવયૌવના બની ગઈ. આ જોઈને વૃદ્ધ દુઃખી થઈ ગયો, બોલ્યો, દુષ્ટ, હું તો પહેલેથી જ જાણતો હતો કે તું કેટલી કુટિલ છે મને વૃદ્ધાવસ્થામાં છોડીને આ રાગરંગ ? એનો આખા જીવનનો વિદ્વેષ ઊમટી પડયો. શંકરજી બોલ્યા, તમે પરેશાન શું કામ છો ? તમે પણ વરદાન માંગી લો, ક્ષોભથી વૃદ્ધે કહ્યું, આને ભૂંડણ બનાવી દો. શિવજીએ કહ્યું, તથાસ્તુ. હવે વૃદ્ધા ભૂંડણ બની ગઈ. આ જોઈ બાળક રોવા માંડયું, ભગવાન ! મને તો મારી મા જ પાછી આપી દો. શિવજીએ કહ્યું, તથાસ્તુ અને ભૂંડણ ફરી વૃદ્ધા બની ગઈ. સૌને વરદાન મળી ગયું અને સૌ જેવા ને તેવા જ રહ્યા ને પાર્વતી ? આમ કહી તેઓ ચાલી નીકળ્યા. પાર્વતીજીએ એટલું જ કહ્યું, આપનું કહેવું સાચું નીકળ્યું. ત્રણેય શ્રેષ્ઠ વસ્તુ માગી શકતાં હતાં, પણ માંગે કેવી રીતે ? જે મનમાં હતું, તે બહાર આવ્યું.

જો મનમાં હલકટતા ભરેલી હોય તો સ્વયં પ્રભુ આવી જાય તો પણ સહાય કરી શકતા નથી. એમનો પ્રવેશ તો નિશ્છલ મનમાં જ થાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગુરુગીતા-૮

# સમર્પણ- વિસર્જન - વિલય

ગુરુગીતાના મહામંત્રોમાં સાધનામય જીવનનું પરમ સત્ય છુપાયેલું છે. એમાં એ પરમ રહસ્ય સજાવેલું છે, જેનો સ્પર્શ પારસમણિ જેવો છે. જે સ્પર્શતાં જ સાધકના અણઘડ જીવન અને કુસંસ્કારોને પૂર્ણપણે બદલી નાંખે છે. ગુરુકૃપાથી માનવીય ઊણપો-નબળાઈઓ ઈશ્વરીય વિભૂતિઓ અને ઉપલબ્ધિઓમાં બદલાઈ જાય છે. ગુરુનિષ્ઠાથી શું નથી થઈ શકતું ? આ પ્રશ્નનો એક જ ઉત્તર છે - બધું જ સંભવ છે, બધું જ સંભવ છે. એટલા માટે હાનિ-લાભ, યશ-અપયશ, જીવન-મરણ, કોઈ પણ સ્થિતિમાં સદ્ગુરુનો આશ્રય છોડવો ન જોઈએ. કારણ કે પરમ કૃપાળુ સદ્ગુરુનું પ્રત્યેક અનુદાન એમની કૃપા જ છે. એ અનુદાન સુખભર્યું હોય કે દુઃખભર્યું, સાધકના સાધનામય જીવન માટે કલ્યાણકારી જ છે. પરમ રહસ્ય સદ્ગુરુની કૃપા પણ ખૂબ રહસ્યમય હોય છે. એનું બૌદ્ધિક વિવેચન કોઈ રીતે સંભવ નથી. એને તો બસ સજલ ભાવનાઓમાં ગ્રહણ કરી શકાય છે.

ગુરુગીતાની પાછલી કડીમાં જણાવ્યું હતું કે ગુરુદેવની છબીનું સ્મરણ, એમના નામનો જપ, જીવનની વિપરીતતાઓમાં પણ ગુરુવરની આજ્ઞાનું નિષ્ઠાપૂર્વક પાલન સાધકને ગુરુકૃપાનો સહજ અધિકારી બનાવે છે. ગુરુના મુખમાં તો બ્રહ્મનો વાસ છે, તેઓ જે કાંઈ પણ બોલે તે શિષ્ય માટે બ્રહ્મવાકય છે. ગુરુકૃપા જ સાધકને બ્રહ્માનુભૂતિનું વરદાન આપે છે. પરમ પતિવ્રતા સ્ત્રી જે રીતે હંમેશાં પોતાના પતિનું જ ધ્યાન કરે છે એવી જ રીતે સાધકે પોતાના ગુરુનું ધ્યાન કરવું જોઈએ. આ ધ્યાન એટલું પ્રગાઢ હોય કે તે પોતાનો આશ્રમ, જાતિ, કુળ, ગોત્ર બધું જ ભૂલી જાય. ગુરુ સિવાય બીજી કોઈ ભાવના એને ન ગમે.

આ ભકિતકથામાં નવી કડી ઉમેરતાં ભગવાન મહાદેવ માતા પાર્વતીને સમજાવે છે-

**અનન્યશ્ચિન્તયન્તો માં સુલભં પરમં પદમ્ ।**
**તસ્માત્ સર્વપ્રયત્નેન ગુરોરાધનં કુરુ ॥ ૨૧ ॥**
**ત્રૈલોક્યે સ્ફુટવક્તારો દેવાદ્યસુરપન્નગાઃ ।**
**ગુરુવક્ત્રસ્થિતા વિદ્યા ગુરુભક્તયા તુ લભ્યતે ॥ ૨૨ ॥**
**ગુકારસ્ત્વન્ધકારશ્ચ રુકારસ્તેજ ઉચ્યતે ।**
**અજ્ઞાનગ્રાસકં બ્રહ્મ ગુરુરેવ ન સંશયઃ ॥ ૨૩ ॥**
**ગુકારઃ પ્રથમો વર્ણો માયાદિગુણભાસકઃ ।**
**રુકારો દ્વિતીયો બ્રહ્મ માયાભ્રાન્તિ વિનાશનમ્ ॥ ૨૪ ॥**
**એવં ગુરુપદં શ્રેષ્ઠં દેવાનામપિ દુર્લભં ।**
**હાહાહૂહૂ ગણૈશ્ચૈવ ગન્ધર્વૈશ્ચ પ્રપૂજ્યતે ॥ ૨૫ ॥**

શિષ્યએ એ તથ્ય સારી રીતે આત્મસાત્ કરી લેવું જોઈએ કે સદ્ગુરુનું અનન્ય ચિંતન મારું જ (ભગવાન સદાશિવ) ચિંતન છે. એનાથી પરમપદની પ્રાપ્તિ સહજ સુલભ બને છે, એટલા માટે કલ્યાણ ઈચ્છુક સાધકે પ્રયત્નપૂર્વક ગુરુ આરાધના કરવી જોઈએ. (૨૧) ત્રાણેય લોકોના દેવ, અસુર અને નાગ વગેરે સૌ આ સત્યને ખૂબ સ્પષ્ટ રીતે બતાવે છે કે બ્રહ્મવિદ્યા ગુરુમુખમાં જ સ્થપાયેલી છે. ગુરુભકિતથી જ એ પ્રાપ્ત કરી શકાય છે. (૨૨) "ગુરુ" શબ્દમાં 'ગુ' અક્ષર અંધકારનો વાચક છે અને 'રુ' નો અર્થ છે પ્રકાશ. આ રીતે ગુરુ જ અજ્ઞાનનો નાશ કરનાર બ્રહ્મ છે એમાં સહેજ પણ સંશય નથી. (૨૩) શાસ્ત્રવચનોથી એ પ્રમાણિત થાય છે કે 'ગુરુ' શબ્દના પ્રથમ વર્ણ 'ગુ'થી માયા વગેરે ગુણ પ્રગટ થાય છે અને તેના દ્વિતીય વર્ણ 'રુ' થી બ્રહ્મ પ્રકાશિત થાય છે, જે માયાની ભ્રાંતિનો નાશ કરે છે. (૨૪) એટલા માટે ગુરુપદ સર્વશ્રેષ્ઠ છે. એ દેવો માટે પણ દુર્લભ છે. હાહાહૂહૂ ગણ અને ગંધર્વ વગેરે પણ એની પૂજા કરે છે. (૨૫)

આ મહામંત્રોના પ્રત્યેક અક્ષરથી ગુરુ મહિમા પ્રકટ થાય છે. આ મહિમામાં પોતાને બરાબર ભેળવીને જ સાધકની સાધના સફળ થાય છે. સાધનામય જીવનની સર્વોચ્ચ કક્ષાની વ્યાખ્યા કરવી હોય તો તેનો સાર એ જ હશે, સાધકનું સદ્ગુરુમાં સમર્પણ-વિસર્જન-વિલય. અનન્ય ચિંતનની નિરંતરતા સાધકના સદ્ગુરુમાં સમર્પણને સુગમ બનાવે છે. સમર્પણની પરમાવસ્થામાં સાધકનું સમગ્ર અસ્તિત્વ જ વિલીન થઈ જાય છે અને ત્યારે આવે છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિલીનતાની અવસ્થા. આ ભાવદશામાં શિષ્ય સાધકનું કાયકલેવર તો યથાવત્ બની રહે છે પણ એમાં એની ચેતના અનુપસ્થિત હોય છે. ત્યાં ઉપસ્થિત હોય છે તેના સદ્ગુરુની ચેતના. તે દેખાતો હોવા છતાં પણ હોતો નથી. હોય છે કેવળ એનો સદ્ગુરુ.

જેઓ ગુરુભકિતની કેડી પર ચાલવાનું સાહસ કરે છે તેમને બે-ચાર ડગલાં આગળ વધતાં જ ઘણાં સાધના તથ્યોનો સાક્ષાત્કાર થાય છે. તેઓ જાણે છે કે સદ્ગુરુ જ સાધક છે, એ જ સાધના છે અને અંતે એ જ સાધ્યરૂપે પ્રાપ્ત થાય છે. આ કથન પહેલી દૃષ્ટિએ કબીર વચનોની અવળવાણી જેવું ભલે લાગે, પણ થોડુંક જ ચિંતન કરવાથી બધું જ બરાબર સમજાઈ જાય છે. આ તત્ત્વનો સત્યબોધ કંઈક આમ છે, સદ્ગુરુ જ સાધક છે, આ વાકયનો અર્થ એ છે કે સામાન્ય દેહધારી મનુષ્ય જ્યારે સદ્ગુરુની કૃપાની છાયામાં આવે છે ત્યારે તે શિષ્ય બને છે. એ શિષ્યમાં ગુરુ જયારે પોતાના એક અંશને પ્રતિષ્ઠિત કરે છે ત્યારે સાધકરૂપે તેનું નવસર્જન થાય છે. આ રીતે પોતાના શિષ્યના કાય-કલેવરમાં સદ્ગુરુ જ સાધકરૂપે અવતાર લે છે.

"સદ્ગુરુ જ સાધના છે" આ વાકયનો ભાવ એ છે કે સાધનાનો પરમ દુર્ગમપથ પાર કરવો સદ્ગુરુની કૃપાશકિત વિના સંભવ નથી. સદ્ગુરુની કૃપાશકિત જ સાધકમાં સાધનાની શકિત બને છે. તેના સહારે તે પોતાના સાધનામય જીવનની કેડી પર આગળ વધે છે. સદ્ગુરુની કૃપાથી જ તેને સાધનાની વિભૂતિઓ અને ઉપલબ્ધિઓ મળે છે અને અંતે સાધ્ય સાથે તેનો સાક્ષાત્કાર થાય છે અને ત્યારે તેને એ સત્યનો બોધ થાય છે કે સદ્ગુરુ જ સાધ્ય છે. કારણ કે સદ્ગુરુ અને ઈષ્ટ બે નથી પણ એક છે. પોતાના ગુરુ જ ગોવિંદ છે, એ જ સદાશિવ અને પરમશકિત છે. આ તમામ સાધનાનાં સત્ય, નિરંતર અને લગાતાર સદ્ગુરુના અનન્ય ચિંતનથી પ્રાપ્ત થાય છે.

પ્રયત્નપૂર્વક સદ્ગુરુની આરાધના સિવાય શિષ્યએ કંઈ પણ કરવાની જરૂર નથી. મનથી સદ્ગુરુનું ચિંતન-સ્મરણ, હૃદયથી પોતાના ગુરુની ભકિત, વાણીથી એમના પાવન નામનો જપ અને શરીરથી એમના આદેશોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવાથી સમસ્ત દુર્લભ આધ્યાત્મિક વિભૂતિઓ, શકિતઓ, સિદ્ધિઓ અનાયાસ જ મળી જાય છે. ગુરુ જ બ્રહ્મ છે, એમનાં વચનોમાં જ બ્રહ્મવિદ્યા સમાયેલી છે. આ સત્યને જે પોતાના જીવનમાં ધારણ કરે છે, આત્મસાત્ કરે છે, અનુભવે છે, એ જ શિષ્ય છે, એ જ સાધક છે. ગુરુતત્ત્વથી ભિન્ન બીજું કાંઈપણ નથી. એનો અનુભવ કરવાનો ઉપાય ગુરુગીતાના આગામી મંત્રોમાં વર્ણવાયેલ છે, જે ગુરુગીતાની ભકિતકથાની આગામી કડીમાં પ્રકાશિત થશે.

ક્રમશઃ

એક પ્રસિદ્ધ જ્ઞાની નગરના શાંત ખૂણામાં રહેતો હતો. જ્યારે લેખનમાંથી સમય બચતો ત્યારે તે પોતાની ઘાસની ઝૂંપડીની બહાર બેસીને એકતારો વગાડ્યા કરતો હતો. એક ધનિક તેમની ખ્યાતિ સાંભળીને પોતાના રથ પર સવાર થઈને તેમને મળવા આવ્યો. રસ્તો એટલો બધો સાંકડો હતો કે તેણે ઊતરીને ચાલતા જવું પડયું. સંત અતિથિનું સ્વાગત કરવા દ્વાર પર આવ્યા. ફાટેલાં વસ્ત્ર, પાંદડાંની ટોપી, તેમ છતાં ચહેરા પર દિવ્ય શાંતિ ને પ્રફુલ્લતા જોતાં જ ધનિકે કહ્યું, ઓહ, સંત ! આપ આટલા દુઃખી, દરિદ્ર, સંકટગ્રસ્ત !

સંત મુસ્કુરાયા અને બોલ્યા, મેં સાંભળ્યું છે કે ધનના અભાવે મનુષ્ય માત્ર ગરીબ જ રહે છે. દુઃખી તેઓ રહે છે, જેઓ અજ્ઞાની છે. બતાવો, હું ગરીબ થયો કે દુઃખી ? ધનિક ચૂપ ઊભો રહી ગયો.

સંતે ધનિકને કહ્યું, સંતો પાસે આપવા માટે અપાર આત્મિક સંપદા છે. તેઓ કોઈ પાસે ધનસંપત્તિ નથી ઈચ્છતા, પરંતુ ઈચ્છુકોને, પાત્રોને વહેંચતા રહેવામાં સદૈવ પ્રસન્નતા અનુભવે છે. જેઓ યાચક છે તેઓ સાચા સંત નથી, જ્યારે પણ તે માંગે છે ત્યારે સીધા ઈશ્વર પાસે, અને તે પોતાના માટે નહિ, માનવમાત્ર માટે, વિશ્વવસુધા માટે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ગાયત્રી તપોભૂમિમાં સામૂહિક અનુષ્ઠાન શ્રૃંખલાની શરૂઆત

આજની સર્વોપરી આવશ્યકતા એ છે કે દુર્બુદ્ધિ, કુવિચાર, કુસંસ્કાર, ઈર્ષ્યા, દ્વેષ, કલહ, ચિંતા, ભય, આવેશ, છળ, ઢોંગ, કષ્ટ તથા સ્વાર્થીપણાએ સૂક્ષ્મ આકાશને તમસથી આચ્છાદિત કરીને સમગ્ર વિશ્વ ઉપર અનેક પ્રકારની આપત્તિઓ પેદા કરી દીધી છે, તેમને હટાવવામાં આવે. પરસ્પર દુર્વ્યવહારથી અનેક ભયંકર દુષ્પરિણામોના કારણે બધા દુઃખી છે. મહામારી, અસ્વસ્થતા તથા અનેક જાતના રોગોમાં તોફાની વૃદ્ધિ, પ્રકૃતિનું સમતોલન બગડી જવાથી અતિવૃષ્ટિ, ભૂકંપ, તોફાન વગેરે ઉપદ્રવોના કારણે પ્રજાના જાન-માલનું ભારે નુકસાન થઈ રહ્યું છે. જો આકાશમાં ફેલાયેલી અસુરતાનાં વાદળાં યુદ્ધ વગેરેના રૂપમાં વરસી જાય તો જે મુશ્કેલીઓ આજે ઉપસ્થિત છે તેમાં પણ અસંખ્ય ગણો વધારો થઈ શકે છે અને માનવજાતિનું જ નહિ, માનવેતર અન્ય જીવજંતુઓનાં જીવનનું પણ જોખમ ઊભું થઈ શકે છે.

આ પરિસ્થિતિઓને સુધારવા માટે જ્યાં અન્ય ભૌતિક પ્રયત્નોની જરૂર છે ત્યાં કેટલાક આધ્યાત્મિક ઉપચાર કરવાની પણ જરૂર છે. બધા લોકો રાજનૈતિક તથા આર્થિક દૃષ્ટિકોણથી સમસ્યાઓનું સમાધાન શોધવામાં લાગી ગયા છે, પરંતુ જ્યાં સુધી એમાં આધ્યાત્મિક ઉપચારોનો પણ સમાવેશ ન થાય ત્યાં સુધી આ સાંસારિક પ્રયત્નો દ્વારા કરવામાં આવતા વધારાના પ્રયત્નો પણ ઈચ્છિત પરિણામ મેળવી નહિ શકે.

અંતરિક્ષમાં જે દૂષિત આસુરી તત્ત્વો વધારે પ્રમાણમાં ભરાઈ ગયાં છે તે દુર્બળ મગજ પર પોતાની અસર પાડીને તેમને કુકર્મ કરવા માટે પ્રેરિત કરે છે. આ રીતે દિવસે-દિવસે મનુષ્યોમાં દુષ્પ્રવૃત્તિઓ વધતી જાય છે અને તેના પરિણામે વિપત્તિઓ પણ સુરસાની જેમ મોંઢુ પહોળું કરતી જાય છે. સૂક્ષ્મ આકાશને શુદ્ધ કરવા માટે, મનષ્યોમાં સત્પ્રવૃત્તિઓ પેદા કરવા માટે તથા વિશ્વ પર છવાયેલી ભયંકર ઘટનાઓને શાંત કરવા માટેના આધ્યાત્મિક પ્રયત્નોમાં સામૂહિક ગાયત્રી ઉપાસનાની ભારે આવશ્યકતા છે. જે રીતે અનેક દુષ્ટોએ તેમની દુષ્પ્રવૃત્તિઓથી વાતાવરણને દૂષિત કરી દીધું છે, તે જ રીતે અનેક સજ્જનોની સત્પ્રવૃત્તિઓ મળીને તેનું સમાધાન પણ કરી શકે છે. સેનાનો સામનો સેના દ્વારા કરવામાં આવે છે. સંસાર માટે વિપત્તિઓ ઉત્પન્ન કરતી દુષ્પ્રવૃત્તિનું નિવારણ પણ ધર્માત્માઓની ધર્મસેનાના શકિતશાળી ધર્મોપચારોથી જ થશે. આવા ઉપચારોમાં ગાયત્રીની શકિત સર્વશ્રેષ્ઠ છે. વર્તમાન કાળની વિકટ પરિસ્થિતિઓમાં વ્યકિતગત સુખશાંતિ વધારવા માટે તથા સંસારના દૂષિત વાતાવરણને શુદ્ધ કરવા માટે સર્વોત્તમ ઉપચાર ગાયત્રીના માધ્યમથી જ થઈ શકે છે. આ સમયના રોગની યોગ્ય, સચોટ તથા રામબાણ સારવાર ગાયત્રીના સામૂહિક અનુષ્ઠાન દ્વારા જ નિશ્ચિતપણે થઈ શકે છે.

પૂજ્ય ગુરુદેવના ઉપર્યુકત વિચાર આજે પણ ઉપયોગી છે. તેમની પ્રેરણાથી જ ગાયત્રી તપોભૂમિ, મથુરામાં વસંત પર્વ ૬ ફેબ્રુઆરી ૨૦૦૩થી સામૂહિક લઘુ અનુષ્ઠાન ૨૪૦૦૦ મંત્રજપ કરાવવા માટે જાન્યુઆરી યુગ નિર્માણ યોજના સામયિકમાં આહ્વાન કરવામાં આવ્યું છે. દર માસની ૬થી ૧૪ સુધી, ૧૬થી ૨૪ સુધી, ૨૬થી ૪ સુધી ત્રણ સામૂહિક અનુષ્ઠાન સાધના શિબિર થશે. ચોવીસ હજાર જપનું અનુષ્ઠાન અથવા ૨૪૦૦ મંત્રલેખનનું સામૂહિક અનુષ્ઠાન દરેક શિબિરમાં વધુમાં વધુ ૧૫૦ સાધકો દ્વારા થશે. ૧૫૦થી વધારે સાધકોને સ્વીકૃતિ આપી શકાશે નહિ, કેમ કે તપોભૂમિમાં જગ્યાના અભાવના કારણે જ આ વ્યવસ્થા બનાવવામાં આવી છે. સ્વીકૃતિ વિના કોઈ પણ ભાઈ-બહેન કે નવયુવક આવવાનો પ્રયાસ ન કરે. આપ, આપની શાખા કે નજીકની શાખાઓના ભાઈબહેન કયા મહિને, કઈ તારીખે આવવા માંગે છે તેની સ્વીકૃતિ અત્યારથી જ લઈ લે. સ્વીકૃતિ મંગાવતી વખતે પ્રાથમિકતા મુજબ ત્રણ તારીખ લખે, જેથી જે તારીખે જગ્યા હશે તેની સ્વીકૃતિ મોકલી શકાય.

મથુરામાં ગાયત્રીનું સિદ્ધપીઠ છે. એ ભૂમિમાં અનેક ઋષિઓએ ગાયત્રી તપ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પૂજ્ય ગુરુદેવે પણ આ જ વિશેષતાઓના કારણે એ ક્ષેત્રને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે. અહીં જ રાજા બલિએ એ પ્રસિદ્ધ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગાયત્રી યજ્ઞ કર્યો હતો, જેનું પુણ્યફળ જોઈને દેવતા ડરી ગયા હતા અને વિષ્ણુએ વામન રૂપ ધારણ કરીને છળ કરવો પડયો હતો. મહર્ષિ દુર્વાસાએ તપ કરવા માટે શોધ કરીને આ જ ક્ષેત્રની પસંદગી કરી હતી. નિશ્ચિતપણે ગાયત્રી ઉપાસના માટે આ સ્થળ એટલું શકિતશાળી છે કે સફળતા ખૂબ જલદી મળે છે. આ યુગના એક મહાન સિદ્ધ પુરુષની ધૂણીનો અગ્નિ અહીં સ્થાપિત છે. આ અગ્નિ સાતસો વર્ષથી અખંડ રૂપે પ્રગટતો રહ્યો છે. આ અગ્નિ પર અનેક મહાત્મા તપ કરી ચૂકયા છે. આ પુણ્યતીર્થનું ચોક્કસપણે અસામાન્ય મહત્ત્વ છે. જે સ્થળે આ સ્થાપિત છે, તે પ્રાચીનકાળથી મહાત્માઓની સિદ્ધભૂમિ છે. એની ચારે તરફ અનેક શકિતપીઠ તથા તપોવન ફેલાયેલાં છે.

પ્રથમ ચરણમાં દસ હજાર સાધકો દ્વારા ૨૪ કરોડ જપ, અનુષ્ઠાનો દ્વારા પૂર્ણ થવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. એક હજાર પ્રાણવાન પરિજન પોતપોતાના ક્ષેત્રથી દસ-દસ અનુષ્ઠાન કર્તા ભાઈબહેન મોકલશે તો સરળતાથી લક્ષ્ય પૂરું થઈ જશે. સમયદાન કરવામાં પાછળ રહેશો નહિ. પૂજ્ય ગુરુદેવે પણ લખ્યું છે કે ફકત એકાંતમાં થોડી ઘણી સાધના કરવા કરતાં અનેક વ્યકિતઓને ગાયત્રી ઉપાસનાનું મહત્ત્વ સમજાવવું તથા તેમને ઉપાસનાના માર્ગ પર આગળ વધારવું તે વધારે મહત્ત્વપૂર્ણ છે. થોડી વ્યકિત આત્મલાભ મેળવી લે અથવા મુકિત પ્રાપ્ત કરી લે તો એનાથી ફકત એ થોડી વ્યકિતઓનો જ લાભ છે, પરંતુ જો અનેક વ્યકિત સન્માર્ગગામી થાય તો સંસારના ગંદાં વાતાવરણને બદલી શકે છે. તેથી ગાયત્રી પ્રેમીઓએ પોતાની સાધનાની સાથે-સાથે ગાયત્રી પ્રચાર માટે પણ વિશેષ રૂપે પ્રયત્ન કરવો જોઈએ. જેના પ્રયત્નથી લોકો સન્માર્ગગામી થાય છે, તે પ્રયત્નકર્તાને પણ વિશેષ પુણ્યફળ પ્રાપ્ત થાય છે, આ રીતે અનેક વ્યકિતઓને સન્માર્ગે ચલાવવાનું પુણ્યફળ પોતાની થોડી એકાંત સાધના કરતાં ઘણું વધારે મળે છે. પૂજ્ય ગુરુદેવ લખે છે, અમારી પ્રાર્થના છે કે પ્રત્યેક ગાયત્રી પ્રેમી પોતાનો થોડોક સમય આ કાર્યમાં લગાવીને ગાયત્રી માતાને શ્રમ તથા સમયનું દાન કરે. ધનદાન કરતાં સમયદાનનું મૂલ્ય અનેકગણું વધુ હોય છે.

બધા ગાયત્રી પ્રચારક, શાખાઓ, પ્રજ્ઞામંડળો તથા બધા સાધક પોતપોતાના ક્ષેત્રના ઝોન સંચાલકોને પોતાના પ્રચારના કાર્યક્રમોની જાણકારી આપીને તેમના માર્ગદર્શનની મદદ લઈને યુદ્ધ સ્તરે કાર્ય કરવામાં લાગી જાય. બધા ઝોનના વરિષ્ઠ પરિજન પોતપોતાના ક્ષેત્રોમાં જઈને વિચારગોષ્ઠિઓ કરીને ઉપર્યુકત કાર્યક્રમ શરૂ કરાવીને શકય તેટલું માર્ગદર્શન અને સહયોગ આપતા રહે. પોતાના દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની જાણ અમને કરાવતા રહે.

***એકવાર તથાગત કાશીમાં એક ખેડૂતના ઘેર ભિક્ષા માગવા ગયા. ભિક્ષાપાત્ર આગળ કર્યું. ખેડૂતે એક વાર એમને ઊપરથી નીચે જોયું. શરીર પૂર્ણ સ્વસ્થ હતું. એ ખેડૂત કર્મમાં વિશ્વાસ રાખતો હતો. એમની તરફ જોતાં એણે કહ્યું, "હું તો ખેડૂત છું. મહેનત કરીને મારું પેટ ભરું છું, સાચે જ બીજી કેટલીક વ્યકિતઓનું પોષણ કરું છું. તમે શા માટે મહેનત વિના ભોજન પ્રાપ્ત કરવા માંગો છો ?** બુદ્ધે અત્યંત શાંત સ્વરમાં ઉત્તર આપ્યો"– "હું પણ ખેડૂત જ છું, હું પણ ખેતી કરું છું." ખેડૂતે આશ્ચર્યથી પ્રશ્ન કર્યો– "તો પછી આપ ભિક્ષા કેમ માગી રહ્યા છો ?"*

*ભગવાન બુદ્ધે ખેડૂતની શંકાનું સમાધાન કરતાં કહ્યું, "હા વત્સ ! હું પણ ખેતી કરું છું, પરંતુ આ ખેતી આત્માની છે. હું જ્ઞાનના હળથી શ્રદ્ધાના બી વાવું છું. તપસ્યાના જળથી સીંચું છું, વિનય, વિચારશીલતા અને મન મારા હળના ભાગો છે. સતત અભ્યાસનું વાહન મને એ ગંતવ્ય તરફ લઈ જઈ રહ્યો છે, જ્યાં નથી દુ:ખ કે નથી સંતાપ. મારી આ ખેતીથી અમરતાનો પાક લહેરાય છે. જો તમે મને પોતાની ખેતીનો થોડો ભાગ આપો અને હું તમને મારી ખેતીનો થોડો ભાગ આપું તો શું આ સોદો સારો નહિ રહે ?*

*ખેડૂતને આ વાત સમજાઈ ગઈ અને તે તથાગતના ચરણોમાં ઝુકી ગયો.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમ વંદનીય માતાજીની અમૃતવાણી

# આત્માની ભૂખ : ઉપાસના

(પ્રસ્તુત છે વસંતપર્વ ૧૯૮૪ની પાવનવેળામાં વહેલી શક્તિસ્વરૂપા માતાજીની અમૃતવાણી, પરમપૂજ્ય ગુરુદેવ સૂક્ષ્મીકરણ સાધનામાં હતા.)

ગાયત્રી મંત્ર મારી સાથે બોલોઃ

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

પુત્રીઓ અને આત્મીય પ્રજ્ઞા પરિજનો,

ઉપાસના જીવનનો બહુમૂલ્ય નિધિ છે અને એ નિધિથી જ્યારે તમે દૂર જાવ છો ત્યારે ખોખલા થઈ જાવ છો, નિર્જીવ થઈ જાવ છો. ઉપાસના આત્માની ભૂખ છે, જ્યાં સુધી આત્માને ખોરાક ન મળે ત્યાં સુધી આત્મા તૃપ્ત થતો નથી. મનની ભૂખ તો બૌદ્ધિક પ્રવૃત્તિથી સંતોષાય છે, પરંતુ આત્માની ભૂખ ઉપાસનાથી સંતોષાય છે. ઉપાસના એટલે ભગવાનની પાસે બેસવું. મહાન વ્યકિત પાસે બેસીએ ત્યારે એની છાયા આપણી ઉપર પડે છે અને આપણે પણ એ મહાન વ્યકિત જેટલા મહત્ત્વના બની જઈએ છીએ. જેવી રીતે વડાપ્રધાનનું સમ્માન થાય છે, રાષ્ટ્રપતિનું સમ્માન થાય છે, એ વખતે એમની નજીક જેઓ હોય છે એમને પણ એટલું જ સમ્માન મળે છે, એથી ઓછું નહિ. ભગવાન આપણા રાષ્ટ્રપતિનો રાષ્ટ્રપતિ છે. પ્રધાનમંત્રીનો પ્રધાનમંત્રી છે. જ્યારે મનુષ્ય ભગવાન સાથે ભળી જાય છે ત્યારે તે ભગવાનનું જ સ્વરૂપ બની જાય છે. એનામાં કોઈ અંતર રહેતું નથી. જેમકે કીટ અને ભમરીની નજીકતા. જ્યારે ભમરી પોતાની ભાષામાં કીટને અવાજ કરી બોલાવે છે તો કીટ તેની પાસે દોડતો ચાલ્યો આવે છે અને તેનામાં ભળી જાય છે.

## નિકટતાનો લાભ

નાળું ગંદું હોય છે પણ જ્યારે એ ગંગામાં ભળી જાય છે ત્યારે એ ગંગાસ્વરૂપ બની જાય છે. ગંગા જ્યારે ગૌમુખમાંથી નીકળે છે ત્યારે એનો પટ ઘણો સાંકડો હોય છે. એનું મોઢું નાનકડું હોય છે. એમાંથી જ ગંગાની વિશાળતા પ્રવાહિત થાય છે. જેમ જેમ તે પ્રવાહિત થતી જાય છે તેમ તેમ એ ફેલાતી જાય છે. અનેક નદીનાળાં એનામાં ભળતાં જાય છે. એ બધાં ગંગા બની જાય છે અને ગંગા વિશાળ સમુદ્રમાં વિલીન થઈ જાય છે. જ્યારે ગંગા નાનકડા ગૌમુખમાંથી નીકળી રહી હતી ત્યારે એનું કોઈ અસ્તિત્વ ન હતું. કોઈ મહત્ત્વ ન હતું. પણ એ જ ગંગા વિશ્વમાનવ માટે વહેતી ગઈ અને સમુદ્રમાં સમાઈ ગઈ.

ભગવાન શંકરે ગંગાને મસ્તક પર ધારણ કરી હતી. ભગવાન શંકરને ગંગા ખૂબ પ્રિય હતી. ભગવાનને ભકત બહુ જ પ્રિય હોય છે. પ્રાણથી પણ વધુ પ્રિય. શરત એ છે કે એનું જીવન સમર્પિત જીવન હોય. સમર્પિત જીવન ન હોય તો એ ભક્ત કેવી રીતે બની શકે ? એક હતો શેઠ અને એક હતો બ્રાહ્મણ. બ્રાહ્મણે કેટલાક રૂપિયા શેઠ પાસે અનામત મૂકયા હતા. બ્રાહ્મણે શેઠને કહ્યું, ''મારા રૂપિયા આપશો ? મારી દીકરીનાં લગ્ન કરવાનાં છે.'' તો શેઠે બહાનું બતાવ્યું. રૂપિયા કેવા ? મારી પાસે તારા કોઈ રૂપિયા પૈસા નથી. બ્રાહ્મણને ખૂબ જ દુઃખ થયું. વાત રાજા સુધી પહોંચી. રાજાએ કહ્યું કે, ''હે બ્રાહ્મણ, કાલે મારી સવારી નીકળવાની છે. તું દુકાનની સામે મળી જજે.''

રાજાએ જે જગ્યા બતાવી હતી એ જ જગ્યાએ બ્રાહ્મણ પહોંચી ગયો. જેવી સવારી એ બાજુ આવી કે રાજા હાથી પરથી ઊતર્યો અને તેની પાસે આવી પ્રણામ કરી એણે કહ્યું, ''અરે ! ગુરુદેવ, આપ આમ ઉઘાડા પગે ? આવો, આવો કહી એણે બ્રાહ્મણને પોતાની બાજુમાં બેસાડી દીધો. પેલા શેઠે જ્યારે બ્રાહ્મણને રાજાની બાજુમાં જોયો ત્યારે ચિંતામાં પડયો. જ્યારે સવારી આગળ વધી ત્યારે રાજાએ કહ્યું, ભૂદેવ,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બસ હવે આપ ઊતરી જાવ. તમારા ભાગ્યમાં હશે તો તમને મળી જશે. મારું કામ હવે પૂરું થયું. બીજે દિવસે શેઠ આવ્યો અને એના હજાર રૂપિયા આપી ગયો અને વળી વધારાના હજાર પણ આપી ગયો. શા માટે આપ્યા ? કારણ કે બ્રાહ્મણ રાજાની પડખે બેઠો હતો અને રાજાએ એને ગુરુ કહીને સંબોધ્યો હતો.''

## નજીક બેસી જુઓ

જે ભગવાનને આપણે પિતા કહીએ છીએ એ સર્વ શકિતમાન છે. આપણે એની સમીપ બેસીએ ત્યારે આપણે સમસ્ત વિશ્વના માલિક બની જઈએ છીએ. ભગવાને આપણને માનવશરીર રૂપે જન્મ આપ્યો છે તો એણે કેટકેટલી અપેક્ષાઓ રાખી હશે ? ભગવાનને હાથ નથી, પગ નથી, આંખો નથી. ભગવાને મનુષ્યને શરીર આપ્યું છે અને કહ્યું છે, ''તું આ દુનિયાના સંગ્રામમાં જા. મારી આંખો નથી, તારી છે. હું કશું જ કરી શકતો નથી. તું કરી શકે છે. હું તને શકિત આપીશ. તું કામ કર. પણ માનવી જ્યારે હતાશ થાય છે ત્યારે ભગવાન પણ પસ્તાય છે અને વ્યકિતના હાથમાં તો કશું આવતું જ નથી.''

તો હું શું કહી રહી હતી ? ભગવાનની ભકિત માટે ભકત પોતાની જાતને ભગવાનમાં ભેળવી દે છે, તો તે ભગવાનનું જ સ્વરૂપ બની જાય છે. આ સમર્પણ છે. જ્યાં સુધી સમર્પણ કરવામાં નહિ આવે, ત્યાં સુધી તેને હાથ કાંઈ લાગવાનું નથી. જેવી રીતે પત્ની સમર્પણ કરે છે અને પતિના સંપૂર્ણ વૈભવની અધિકારિણી બની જાય છે. જે દિવસથી એ આવે છે ત્યારથી પોતાનું ભૂતકાળનું જીવન ભૂલી જાય છે. સૂટ-બૂટ, કપાવેલા વાળ, મોજ-મસ્તી, અલ્લડપણું ત્યાગી પોતાની જીવનચર્યામાં આમૂલ પરિવર્તન લાવી દે છે. એ કેવી રીતે શકય બને ? સમર્પણ દ્વારા. એ પોતાના પતિ માટે સમર્પિત થઈ જાય છે અને તેથી જ એ સ્વામિની થઈ જાય છે. ડૉકટરની પત્ની ડૉકટરાણી બની જાય છે. શું એણે એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવી છે ? ના. એ ડૉકટરની પત્ની બનીને ડૉકટરાણી બની ગઈ છે. શેઠને પરણે એ શેઠાણી બની જાય છે અને પંડિતની પત્ની છે એટલે પંડિતાણી બની ગઈ. પૂછો, કે આપ જ્યોતિષ ભણ્યાં છો ? ના, જ્યોતિષ તો ભણી નથી પણ પંડિતની પત્ની છું માટે પંડિતાણી છું.

## સમર્પણ કરવામાં આવે છે

આપણે બધા પરબ્રહ્મના પુત્રો અને પુત્રીઓ છીએ. જો આપણે એને સમર્પિત થઈ જઈએ તો આપણે પણ એના જેવા જ થઈ જઈએ. પહેલાં સમર્પણ કરવામાં આવે છે, લેવામાં આવતું નથી. બે હાથથી આપવામાં આવે છે, હજાર હાથથી મળે છે. ગુરુજીએ કેટલીય વાર ઉદાહરણ આપ્યું છે કે ભગવાને કહ્યું, ''માંગ શું માંગે છે ? પોતાના માટે માંગ, બાળકો માટે માંગ, પોતાની પત્ની માટે માંગ. તેં તપ કર્યું છે.'' તેઓ આ વાતને ઠુકરાવતા રહ્યા. ઠુકરાવવું એ બહુ મોટો શબ્દ છે, પણ મને કહેવા દો. એમણે કહ્યું, ભગવાન ! મારે કાંઈ જોઈતું નથી. મને તો આપની આજ્ઞા જ જોઈએ. પોતાના ગુરુદેવ પાસે પણ એમણે કાંઈ ન માગ્યું. એમણે કહ્યું, ગુરુદેવ ! આપની આજ્ઞા જ મારા માટે સર્વોપરી છે. આપે મને બધું જ આપ્યું છે, બધું જ આપનું છે, હું તો આપને સમર્પિત છું.''

તેઓ બોલ્યા, તું મારા માટે સમર્પિત છે તો હું બોલી શકતો નથી. તારી અંદર વાણી છે, તારે હાથ છે, તારે બુદ્ધિ છે, તારે આંખો છે. મને જોઈએ તારી બુદ્ધિ, તારા હાથ, તારી આંખો, જેના દ્વારા હું સમાજમાં, રાષ્ટ્રમાં અને સમગ્ર વિશ્વમાં એક હલચલ પેદા કરવા ઈચ્છું છું. એમણે કહ્યું, ગુરુદેવ !, ''તેરા તુજકો અર્પણ ક્યા લાગે મેરા.મને શું વાંધો હોય ? બધું તમારું જ છે.'' અને હું કહું છું કે એમની લાખો, કરોડો ગણી કૃપા વરસતી રહી અને હજી પણ વરસ્યા કરે છે. પત્ની માટે માંગ્યું હોત, બાળકો માટે માંગ્યું હોત, પોતાના માટે માંગ્યું હોત, તો એક સીમિત ક્ષેત્ર બની રહેત અને સીમિત હોત તો આજે જે વિશાળતા દેખાય છે એ ન દેખાત.

મનુ ભગવાન ગંગામાં નાહવા ગયા ત્યારે ગંગામાં એક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માછલી મળી. એમણે હાથમાં લીધી. એને વહાલ કરવા લાગ્યા, ત્યારે એણે કહ્યું, ''ભગવાન, હું આ સંકુચિતતામાં નહીં રહું. મને ફેલાવા દો. એમણે કહ્યું, ''પુત્રી, તું બહુ જ સુંદર લાગે છે. ચાલ તું મારા કમંડળમાં બેસી જા.'' અને ઋષિએ એને કમંડળમાં નાખી દીધી. માછલીએ કહ્યું, ''ગુરુદેવ અહીં મને ગૂંગળામણ થાય છે. હું અહીં રહી શકીશ નહિ.'' આ સાંભળીને તેમણે એને તળાવમાં નાખી દીધી. તળાવ પણ એને નાનું પડયું ત્યારે એમણે એને તળાવમાંથી સમુદ્રમાં નાખી દીધી. મત્સ્યાવતાર રૂપ હોવાના કારણે સમુદ્રમાં એ ખૂબ વિશાળ થઈ ગઈ. ભકતની વિશાળતા વધતી જાય છે અને એનું હૃદય એક સરોવરની જેમ, એક સમુદ્રની જેમ અસીમ બની જાય છે. તે પર્વત જેવી ઊંચાઈ પ્રાપ્ત કરતો જાય છે. એનામાં સમુદ્ર જેવું ઊંડાણ આવે છે. ગંગા જેવી નિર્મળતા, સ્વચ્છતા, પવિત્રતા, ઉદારતા આવતી જાય છે.

ભકત અને ભગવાનનો સંબંધ ગાય અને વાછરડા જેવો છે. ભગવાન કહે છે, ''આવો, આવો મારી પુત્રીઓ મારાં સ્તનોમાં અખૂટ દૂધ ભરેલું છે. એનું પાન કરો અને બળવાન બનો. ઉપાસનારૂપી દૂધ પીઓ, ગાય ભાંભરતી રહે છે, અભાગી વાછરડું ઠુકરાવીને ચાલ્યું જાય છે. ગાયનું દૂધ આમ તેમ ફેલાઈ જાય છે અને વાછરડું ભૂખ્યું રહી જાય છે. વાછરડું એટલે આત્માજીવાત્મા અને ગાય એ આપણો ભગવાન, ભગવાન બૂમો પાડયા કરે છે અને આપણને કાને સંભળાતું નથી. આપણે છીએ નિર્જીવ, આંખોથી આંધળા, કાનથી બહેરા, જીભથી ગૂંગા અને અપંગ જેને કોઈ જ રસ્તો દેખાતો નથી એ રસ્તો છે આપણી ઉપાસના.

## ઉપાસનાનો મર્મ

આપણી ઉપાસના વિશે મેં તમને કહ્યું હતું. ઉપાસના એટલે ભગવાનની સમીપતા. ભગવાનની સમીપતા માટે ગાય અને વાછરડાનું ઉદાહરણ મેં હમણાં આપ્યું. બીજું ઉદાહરણ છે પતંગ અને દોરીનું. આપ આપના પતંગની દોરી એક વાર ભગવાનને સોંપી તો જુઓ. પછી જુઓ પતંગ કયાં સુધી જાય છે. પતંગનું કોઈ જોર નથી. પતંગની કોઈ શકિત નથી, શકિત છે એ ઉડાડનારની. શકિત કઠપૂતળીની નથી, એના નાચની પણ નથી, શકિત છે એને નચાવનારની પણ કઠપૂતળી પહેલાં પોતાની જાતને સમર્પિત તો કરે. કોઈના હાથમાં પોતાને સોંપે. પછી જુઓ કમાલ. કેવો નાચ થાય છે ? કોણ નચાવે છે ? જેના હાથમાં દોરી સોંપાઈ છે એ નચાવે છે. એ જાતજાતના નાચ કરાવે છે. કયારેક રાજા બનાવી દે છે, કયારેક રાણી બનાવી દે છે, કયારેક કંઈક એક અને કયારેક કંઈક બીજું બનાવે છે. કોણ બનાવે છે ? જેના હાથમાં દોરી સોંપી છે. આપના જીવનની દોરી સોંપો એ ભગવાનના હાથમાં અને પછી પામો અનેકગણું અનુદાન.

ભગવાન સંકુચિત નથી, માણસ સંકુચિત છે. તે પોતાની સંકુચિતતા છોડી શકતો નથી. ભગવાનનું નામ જ ઉદારતા છે. એ ઉદારતાથી વરતે છે અને પોતાના અનુદાનોની વર્ષા ભકતો પર કરતો રહે છે. મીરાએ કહ્યું હતું કે હું ભગવાન સાથે લગ્ન કરીશ. પણ કાલે ઊઠીને એ ફરી જાય તો ? છૂટાછેડા આપી દે તો ? ત્યારે એણે કહ્યું, નોકર બનાવી દઈશ અને નોકર પણ દગો દઈ જાય તો ? તો હું ભગવાનને ખરીદી જ લઈશ. એણે ખરીદી લીધા ભગવાનને. શું ભગવાનને ખરીદી શકાય છે ? હા. ભગવાનને ખરીદી શકાય છે. જો ભકતમાં એ ભાવનાઓ હોય, એ નિષ્ઠાઓ હોય અને એ શ્રદ્ધાનું બીજ હોય તો. હું કહું છું ભગવાનને ખરીદી શકાય છે. ગુરુજીએ પોતાના ગુરુજીને ખરીદી લીધા. હવે એ પાઈલટની જેમ ચાલે છે અને બોડીગાર્ડની જેમ ડાબે અને જમણે ચાલે છે. ખરીદી લીધાને ભગવાનને ?

## ગિરિધર લીનો મોલ

''ભગવાનને કેવી રીતે ખરીદી શકાય છે ? મીરાએ અને દ્રૌપદીએ જ્યારે ભગવાનને આર્તનાદે પોકાર્યા ત્યારે ભગવાન દોડતા જઈ પહોંચ્યા અને પોતાની પાસે જેટલું હતું એટલું આપતા જ ગયા અને દુઃશાસન હારતો જ ગયો, હારતો જ ગયો. જ્યારે પાણીની અંદર ગજ અને ગ્રાહની લડાઈ ચાલી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહી હતી ત્યારે ગજે હૃદયપૂર્વક ભગવાનને પોકાર્યા અને ભગવાન ગજ માટે દોડતા દોડતા આવી ગયા. એમણે સવારીની પણ ચિંતા કરી નહિ, ગરુડને છોડીને પગપાળા ચાલીને આવ્યા. એમણે કહ્યું. મારો ભકત મુશ્કેલીમાં હોય અને હું સિંહાસન પર બેસી રહું ? એ દોડતાં દોડતાં ગજને મદદ કરવા ચાલી નીકળ્યા.

વિભીષણ અને સુગ્રીવની વાત ખબર છે ને ! જ્યારે તેઓ ભગવાનની નજીક આવ્યા અને ભગવાનના સહયોગી બની ગયા, ભગવાનના મિત્ર બન્યા ત્યારે વિભીષણને લંકાનું રાજ્ય મળી ગયું. નહિ તો રાવણરાજમાં આ શકય હતું ? ના, એ શકય ન હતું, પરંતુ ભગવાનનું સામીપ્ય હતું ને. તે એક કામ કરતો હતો, ભગવાનનું સ્મરણ કર્યા કરતો હતો. તેથી ભગવાને કહ્યું કે એ જ રાજા બનશે. સુગ્રીવ તો વાનર હતો, પરંતુ તેણે ભગવાનને સહાય કરી તેથી ભગવાને એને રાજા બનાવ્યો.

## પાંડવો જ જીતશે

અર્જુનનો રથ ભગવાન કૃષ્ણે હાંકયો હતો, લગામ પણ કૃષ્ણે સંભાળી હતી. અર્જુન હિંમત હારી રહ્યો હતો ત્યારે ભગવાન કૃષ્ણે કહ્યું- કાયર ન બન, નપુંસક ન બન, કૌરવો સાથે લડવા માટે કમર કસી લે. કૌરવો અર્થાત્ આપણી અંદર જે દુર્ગુણો બિરાજેલા રહે છે. તેમની સાથે યુદ્ધ થઈ રહ્યું છે. પાંડવો અને કૌરવો પરસ્પર લડાઈ કરી રહ્યા છે આપણી અંદર. કોણ જીતશે ? પાંડવ જીતશે. પણ પાંડવમાં હિંમત હોવી જોઈએ. આપણી અંદર કૌરવ કોણ છે ? આપણી અંદર જે દોષ-દુર્ગુણો બેઠા છે, આળસ અને પ્રમાદ બેઠા છે તે કૌરવ છે જે આપણને આગળ વધવા દેતા નથી.

આપણી શ્રદ્ધા કોણ જાણે કયાં વિલીન થઈ ગઈ છે ? આપણે ફરીથી એ શ્રદ્ધાને જગાડવાની છે, જે શ્રદ્ધાના બળે પ્રહ્લાદ અને ધ્રુવે પોતાનાં માતાપિતાને છોડીને એ ભગવાનની ગોદને યાદ કરી હતી, જેણે આપણને જન્મ આપ્યો છે, જેની કૃપાથી આપણે પૃથ્વી પર આવ્યા છીએ, એ જ આપણો ખોળો છે. એ જ આપણો પિતા છે. આપણે એના ખોળામાં બેસીશું. એમની ગોદમાં બેસવાથી તેમને શું ફાયદો થયો ? ભગવાનની ગોદમાં બેઠો તો આજે પણ તેનું નામ અમર છે. આકાશમાં ધ્રુવનો તારો ચમકે છે. ધ્રુવતારા રૂપે આજ સુધી એનું નામ અમર છે, લાખો-કરોડો વર્ષો સુધી અમર રહેશે. કારણ કે તે પરબ્રહ્મ પરમાત્માની ગોદમાં જઈને બેઠો હતો. તે પોતાના સાધારણ પિતાના ખોળાને ઠુકરાવીને પોતાના અસલી પિતાના ખોળામાં જઈને બેઠો. તેનું મન પવિત્ર હતું.

**કબીરા મન નિર્મલ ભયા, જૈસે ગંગા નીર,**
**પીછે પીછે હરિ ફિરત, કહત કબીર કબીર.**

## જિત દેખું તિત લાલ

ભગવાન ભકતનું સ્મરણ કરે છે. ભકત ભગવાનનું સ્મરણ કરતો નથી, પણ ભગવાન કયારે ભકતનું સ્મરણ કરે છે ? જ્યારે એ ભગવત્ સ્વરૂપ થઈ જાય છે.

**લાલી મેરે લાલકી, જિત દેખું તિત લાલ,**
**લાલી દેખન મૈં ચલી, મૈં ભી હો ગઈ લાલ.**

જ્યારે લાલી જોવા જઈએ તો આપણે પણ લાલ થઈ જઈએ, કારણ કે આપણે ઉપાસના રૂપી એ લાલિમાને જોવા જઈએ છીએ. જ્યારે આપણે ભગવાનના ખોળે બેસી જઈશું, ભગવાનમાં સમાઈ જઈશું ત્યારે આપણે પણ કેમ એવા નહિ થઈએ ? મનુષ્ય પોતાની સંકુચિતતા છોડી દે અને ભગવાનના શરણે જતો રહે તો એ પણ એવો જ થઈ જશે, જે મેં હમણાં કબીરના દોહાથી બતાવ્યું છે.

શુભ કાર્યોમાં જોડાનારાઓ તથા ઉન્નતિ અને વિકાસ તરફ આગળ વધનારાઓ સમક્ષ એક જ માર્ગ છે – દૃઢતાપૂર્વક પોતાના લક્ષ્ય તરફ નિરંતર ગતિશીલ રહેવું. એકવાર શુભ લક્ષ્ય અને ઉત્કૃષ્ટ માર્ગ પસંદ કરી લીધો, પછી એ તરફ નિંતર આગળ વધતા રહેવું એ કર્મવીરને માટે જરૂરી છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નારદ અને વાલ્મીકિનું પણ આવું જ થયું હતું. નારદજીને મારવા માટે વાલ્મીકિ આવ્યા અને કહ્યું કે હું આજે મારીશ જ, આ જ મારું કામ છે. નારદે વાલ્મીકિને કહ્યું કે પહેલાં તારે ઘેર પૂછી તો આવ કે તારાં ઘરનાં માણસો તારાં પાપ-કર્મમાં ભાગીદાર બનશે ? વાલ્મીકિએ પોતાની પત્નીને પૂછયું, પુત્રને પૂછયું, માતાને પૂછયું. બધાનો જવાબ એક જ હતો અમને પોષણ જોઈએ, સંપત્તિ જોઈએ. આપ એ કયાંથી લાવો છો એ સાથે અમારે શી નિસબત ? નૈતિક કાર્યથી કે અનૈતિક કાર્યથી લાવો છો એ વિચારવાની અમારે જરૂર નથી. આ કાર્યમાં અમે શા માટે સહયોગ આપીએ ? આપની ફરજ અને કર્તવ્ય છે કે અમારા માટે લાવો. એણે કહ્યું, "મારી સાથે નર્કમાં આવશો ? સજા ભોગવશો ?" જવાબ મળ્યો "ના અમે નહિ ભોગવીએ. આપ જ ભોગવો. અમારે જોઈએ આપના પૈસા. જે આપની ફરજ અને આપનું કર્તવ્ય છે તે આપ પૂરું કરતા રહો."

વાલ્મીકિ જઈને નારદના પગે પડયા. બોલ્યા, " નારદજી, આપ ભગવાનના સાચા ભકત છો. ઘેર ઘેર ફરીને અલખ જગાડો છો. હું નર્કનો કીડો શું નર્કમાં જ રહી જઈશ?" ત્યારે નારદે કહ્યું, "હવે નહિ રહે, હવે તેં તારા મનની મલિનતાને કાઢી નાખી. તું પવિત્ર થઈ ગયો. મલિનતાથી ઘેરાયેલો આત્મા પવિત્ર થઈ ગયો. માટીમાં દબાયેલો હીરો માટી કાઢી નાખતાં ચમકવા લાગે છે, પોતાનું વાસ્તવિક રૂપ પ્રગટ કરવા લાગે છે. ભકત જ્યારે અંહકાર મુકત બને છે ત્યારે એનું ભકિતમય સ્વરૂપ સામે આવે છે. અહમ્‌ને ગાળી નાખે છે અને ભગવાનને સમર્પણ કરી દે છે ત્યારે એનું સાચું સ્વરૂપ સામે આવે છે."

## અનુદાન આપોઆપ મળશે

જીવાત્માની મલિનતા દૂર કરવા માટે આપણે જેટલી ઉપાસના કરીશું એટલા પ્રમાણમાં આપણો જીવાત્મા સ્વચ્છ બનશે. એ પ્રમાણમાં અનુદાન મળતાં જશે. ઘેટા પર જામેલું ઊન જેમ જેમ કાપીએ તેમ તેમ એ વધુ ને વધુ ઊગે છે. તે રીતે ભગવાનનાં અનુદાન આપોઆપ આપણને મળતાં જાય છે, માગવું પડતું નથી. માનવી ભિખારી નથી, તે તો ભગવાનનો પુત્ર છે. એ પોતે જ અધિકારી છે, સંપત્તિનો જે ભગવાને આપણા હાથમાં સોંપી છે. ભગવાને આપણને બધું જ સોંપી દીધું છે. લોકો કહે છે, 'સબ સૌંપ દિયા ભગવાન તુમ્હારે હાથોં મેં'. હું કહીશ કે ભગવાને બધું જ સોંપી દીધું છે આપણા હાથમાં. આપણે એને ઉજ્જડ બનાવીએ કે સંભાળીને રાખીએ. સાચવી રાખીશું તો એ આપણી અમાનત બની રહેશે. ઈશ્વરે આપણને સોંપેલા બગીચાને આપણે વધુ સુંદર બનાવીશું. એમાં ફૂલ-છોડ વાવીશું. વિશ્વ રૂપી ફૂલવાડી ઈશ્વરે માનવ-જાતિને સોંપી છે. તેની સેવા માટે આપણે શ્રીરામકૃષ્ણ પરમહંસની જેમ જ પ્રયત્નશીલ રહીશું.

> **સ્વાધ્યાયશીલ વ્યકિત પોતાના આત્માનો સફળ ચિકિત્સક હોય છે. સ્વાધ્યાય દ્વારા મેળવેલા જ્ઞાન વડે એ પોતાની આત્મિક વ્યાધિઓને જાણી લે છે અને એમનું નિદાન નક્કી કરી લે છે. નિદાન શોધી લીધા પછી વ્યાધિઓનો ઉપચાર તો ખૂબ સહેલાઈથી થઈ જાય છે. માનસિક એકાગ્રતાની પ્રાપ્તિ એને એ માર્ગમાં સહાયક બનીને આગળ વધાર્યા કરે છે, જેનાથી એનું જીવન ઉચ્છૃંખલતા અને બિનજરૂરી વાતોમાંથી મુક્ત બનીને મહાન અને સુખી બની જાય છે.**

## પરમહંસના ભગવાન

શ્રીરામકૃષ્ણ પરમહંસ પાસે એક પાદરી ગયો. તેણે રામકૃષ્ણ પરમહંસને પૂછયું, "કયાંય ભગવાન છે ? તમે બતાવશો ?" એ બોલ્યા, ચાલો, હું એને જ મળવા જઈ રહ્યો છું. મારે ભગવાનને મળવાનો સમય થઈ ગયો છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાદરીએ આશ્ચર્યથી કહ્યું, ભગવાનને મળવાનો સમય થઈ ગયો છે ? આપના ભગવાન ક્યાં છે ? મને તો ક્યાંય દેખાતા નથી, શું આપને દેખાય છે ? પરમહંસે કહ્યું, તમને દેખાતો નથી. તમે કમનસીબ છો, હું ભાગ્યશાળી છું. એ મને પળેપળ દેખાતો હોય છે. મારા પગમાં, મારા હાથમાં, મારી બુદ્ધિમાં, મારી રગેરગમાં એ સમાયેલો છે. ભગવાનનું તેજ અને ઓજસ્ મારા અંતઃકરણમાં સૂર્ય, ચંદ્ર અને બલ્બનો પ્રકાશ ઝળહળે એ રીતે ઝળહળ્યા કરે છે. આ રીતે મારા હૃદયમાં ભગવાનની રોશની પળેપળ સમાયેલી રહે છે. ચાલો, હું ભગવાનને બતાવવા માટે લઈ આવું છું. આમ કહીને તેઓ એક કોઢિયા પાસે ગયા, તેને સાફ કર્યો. એનું પરું કાઢ્યું, પાટા-પિંડી કર્યાં, એને સ્વચ્છ કર્યો, ખવડાવ્યું, પિવડાવ્યું એ પછી એમણે પોતે ખાધું. જ્યારે એમણે કહ્યું, "આ જ છે મારો ભગવાન, આ જ છે મારી ઉપાસના. ત્યારે પાદરીએ કહ્યું, "હું ધન્ય થઈ ગયો. મેં આપને ભગવાન સ્વરૂપે પામી લીધા. આજ સુધી હું અંધકારમાં ભટકતો હતો."

## સાચી ઉપાસના

તમે પણ હવે અંધકાર મિટાવીને સાચી ઉપાસના કરો. અમે નથી જાણતા કે રામકૃષ્ણે કેટલી ઉપાસના કરી હતી અને હનુમાને કેટલી માળાઓ જપી હતી, પરંતુ જ્યાં સુધી રામાયણ રહેશે, રામનું નામ રહેશે ત્યાં સુધી હનુમાનનું નામ પણ રહેશે, એમના હૃદય સાથે જડાયેલું, એક સાધારણ વાનર હોવા છતાં એમણે રામનું કામ કર્યું હતું અને એમણે ભાઈઓથી અધિક, પુત્ર જેવો દરજ્જો પ્રાપ્ત કર્યો હતો. એ કેવી રીતે પ્રાપ્ત કર્યો ? પોતાની અહંતા મિટાવીને. જે ઉપાસના વિશે હું હમણાં કહી રહી હતી તે સાચી ઉપાસના આ જ રીતે કરી શકાય. આશા છે તમે સૌ ઉપાસના અને ધ્યાનનું સાચું સ્વરૂપ સમજી ગયા હશો અને એ જ દિશામાં પગ માંડશો. આજની વાત હું અહીં જ સમાપ્ત કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

રાજા પરીક્ષિતને ભાગવત સંભળાવતાં શુકદેવજીને જ્યારે છ દિવસ વીતી ગયા અને સર્પદંશથી મૃત્યુને એક દિવસ બાકી રહ્યો ત્યારે પણ રાજાનો શોક અને મૃત્યુભય દૂર ન થયાં. બેબાકળા બની પોતાના મૃત્યુની ઘડી નજીક આવતી જોઈ તેઓ ક્ષુબ્ધ થઈ રહ્યા હતા.

શુકદેવજીએ પરીક્ષિતને એક કથા સંભળાવી. રાજન્ ! ઘણા સમય પહેલાંની વાત છે. એક રાજા કોઈ જંગલમાં શિકાર ખેલવા ગયો. સંજોગવશાત્ એ રસ્તો ભૂલીને ગાઢ જંગલમાં જઈ ચડયો. રાત થઈ ગઈ, વરસાદ વરસવા લાગ્યો. વાઘ-સિંહની ત્રાડો સંભળાવા લાગી. રાજા ખૂબ ડરી ગયો અને ગમે તે રીતે રાત વિતાવવા માટે વિશ્રામસ્થાન શોધવા લાગ્યાં. થોડે દૂર તેને દીપક દેખાયો. ત્યાં ગયો તો તેણે એક ગંદા બીમાર શિકારીની ઝૂંપડી જોઈ. તે હરી ફરી શકતો ન હતો, એટલે ઝૂંપડીમાં જ તેણે મળ-મૂત્રની જગ્યા કરી લીધી હતી. પોતાને ખાવા-પીવા માટે જાનવરોનું માંસ તેણે ઝૂંપડીમાં ઉપર લટકાવી રાખ્યું હતું. ઝૂંપડી નાની, ગંદી, અંધારી અને દુર્ગંધયુક્ત હતી. પહેલાં તો તે ખચકાયો, પરંતુ બીજો કોઈ આશ્રય ન જોતાં એમાં રહેવા માટે શિકારીને વિનવવા લાગ્યો.

શિકારીએ તેમને સમજાવ્યું, રાજન્ ! આપ આ સ્થાને નહિ રહી શકો. એક દિવસ રહી શકશો તો આ ગંધથી ટેવાઈને છોડશો પણ નહિ. રાજા બોલ્યા, આ તો આજની જ લાચારી છે. હું સવારે ચોક્કસ જતો રહીશ. અને જે થવાનું હતું તે થયું. રાજાએ સવારે આ સ્થાનેથી જવાની ના પાડી.

આ કથા ચાલતી હતી ત્યાં જ પરીક્ષિત રાજા બોલી ઊઠયો, એ કેવો મૂરખ રાજા હતો ? શુકદેવ બોલ્યા, પરીક્ષિત ! એ મૂર્ખ તમે જ છો, જે મળ-મૂત્રની આ કોટડીને છોડતાં ડરી રહ્યા છો. સમય પૂરો થવા છતાં તમે પરેશાન થઈ રહ્યા છો. પરીક્ષિતનું જ્ઞાન જાગી ઊઠયું અને તેઓ મૃત્યુ માટે સહર્ષ તૈયાર થઈ ગયા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

युगगीता-४२

# આદર્શનિષ્ઠ મહામાનવ કેવી રીતે બનીએ

**(કર્મસંન્યાસયોગ નામના ગીતાના પાંચમા અધ્યાયની આઠમી કડી)**

***વિગત અંકમાં ગીતાના આ મહત્ત્વના અધ્યાયના શ્લોક ક્ર. ૧૫ની સમગ્ર વ્યાખ્યા રજૂ કરવામાં આવી હતી, જેમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે પરમાત્મા આપણી ત્રિગુણ પ્રકૃતિથી પર છે. તેઓ કોઈ પાપકર્મ કે શુભકર્મ ગ્રહણ કરતા નથી. મનુષ્યે પણ ચિરસ્થાયી આત્મિક શાંતિ માટે આ મર્મને સમજવું પડશે તથા પોતાને આ અજ્ઞાનમાંથી બહાર કાઢવો પડશે. જેઓ આ જ અજ્ઞાનથી મુગ્ધ થઈને જીવન જીવી રહ્યા છે એવા જીવધારીઓને ભગવાને 'જંતુ' કહીને સંબોધિત કર્યા છે તથા કહ્યું છે કે જ્યાં સુધી મનુષ્ય ત્રિગુણાતીત બનશે નહિ, પોતાની આત્મસત્તા પર પડેલા આ અજ્ઞાન રૂપી આવરણને હટાવવાનો પુરુષાર્થ કરશે નહિ, ત્યાં સુધી તેને મોક્ષ પ્રાપ્ત નહિ થાય. પછી તો તેના ભાગે ભવબંધન, સંતાપ, ભોગજન્ય કષ્ટો તથા તનાવભરેલી અશાંતિ જ આવશે. જ્ઞાનપ્રાપ્તિ જ આપણો પરમ પુરુષાર્થ હોવો જોઈએ તે આ શ્લોકના માધ્યમથી યોગેશ્વરનો સંદેશ છે. ભગવાન શ્રીરામકૃષ્ણ પરમહંસ તથા ચૈતન્યદેવના ઉદાહરણોના માધ્યમથી આ તથ્યને સમજાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. ગાયત્રી સાધના દ્વારા જ્ઞાનવિસ્તારનું કેટલું કાર્ય એના સંસ્થાપક આચાર્ય શ્રીરામ શર્મા દ્વારા થયું, એ પણ બતાવવામાં આવ્યું. એક આદર્શ માનવ-દિવ્યકર્મીનું કેવી રીતે અર્જુનના રૂપમાં નિર્માણ થાય, એ યોગેશ્વર શ્રીકૃષ્ણની ઈચ્છા છે, તેથી આ સોળમા શ્લોકમાં તેઓ કહે છે કે જે લોકોનું આ અજ્ઞાન કે મોહ આત્મતત્ત્વના જ્ઞાન દ્વારા નષ્ટ કરવામાં આવ્યું છે, તે લોકોનું જ્ઞાન આદિત્ય (સૂર્ય) સમાન વ્યાપેલા અંધકારનો નાશ કરીને સચ્ચિદાનંદ પરમાત્મા કે જે આપણી અંદર બિરાજમાન છે તેને પ્રકાશિત કરી દે છે. હવે એ જ વ્યાખ્યા વિસ્તારથી જોઈએ. શ્લોક આ પ્રમાણે હતો.***

## આદિત્યવત્ પરં પ્રકાશયતિ

**જ્ઞાનેન તુ તદજ્ઞાનં યેષાં નાશિતમાત્મનઃ ।**
**તેષામાદિત્યવજ્જ્ઞાનં પ્રકાશયતિ તત્પરમ્ ॥**

આ એ જ શ્લોક છે જેનો અર્થ વિગત અંકમાં આપવામાં આવ્યો હતો. **તદજ્ઞાનં** અર્થાત્ તત્ અજ્ઞાનં- એ અજ્ઞાન, માયાનું આવરણ કે જે વાસના, તૃષ્ણા અને અહંતાના રૂપમાં સહજ રીતે ભટકાવી દે છે. જે ત્રિગુણાતીત છે, સત, રજ અને તમથી ભરેલી પ્રકૃતિના દોષોથી મુકત છે એવા આપણી અંદરના પરમાત્માના વાસ્તવિક સ્વરૂપ સુધી જ્યાં સુધી જ્ઞાનરૂપી આદિત્યનો પ્રકાશ પહોંચશે નહિ, ત્યાં સુધી તેઓ જ્ઞાનથી પ્રકાશિત નહિ થાય. ત્યાં સુધી આત્મબોધ થઈ શકશે નહિ તથા પોતાના વિશેની જાણકારી મળશે નહિ. **તત્ પરમ** અર્થાત્ તે સચ્ચિદાનંદ ભગવદ્સત્તા. જ્ઞાની માટે તેઓ બ્રહ્મ છે તો કર્મયોગીની નિકટ પરમાત્મા તેમનું સ્વરૂપ છે. ભકત માટે તે સત્, ચિત, આનંદથી ભરેલી સત્તા સમાન છે. શ્રીચરિતામૃત અનુસાર-

**જ્ઞાન યોગ ભકિત તિન સાધનાર વશે ।**
**બ્રહ્મ આત્મા ભગવાન ત્રિવિધ પ્રકાશે ॥**

આ જ બ્રહ્મની સગુણ અને નિર્ગુણ વ્યાખ્યા છે. આ સોળમો શ્લોક તથા તે પછીનો જે સત્તરમો શ્લોક છે, તેને જો ગૂઢ તત્ત્વજ્ઞાન સાથે સારી રીતે સમજી લેવામાં આવે તો એ માની લેવું જોઈએ કે મનુષ્ય ભવબંધનોથી અને ચોર્યાસી લાખ યોનિઓના ચક્રમાંથી મુકત થઈ ગયો. પછી તેને પુનર્જન્મ લેવો નહિ પડે. તે એનાથી પર પરબ્રહ્મમાં વિલીન થઈને તાદાત્મ્ય સ્થાપી લેશે. હવે પછીના શ્લોકનો આ જ ભાવ છે.

અહીં ભગવાને ખૂબ સુંદર ઉપમા આપી છે. જ્ઞાન જ્યારે અવતરિત થાય છે તો આદિત્યવત્ પરં પ્રકાશયતિ-સૂર્યની જેમ અજ્ઞાનના અંધકારનો નાશ કરી દે છે અને આત્મતત્ત્વને પ્રકાશિત કરી દે છે. અપરોક્ષ અનુભવ પ્રાપ્ત થતાં જ સર્વોચ્ચ સત્તાની જાણ થઈ જાય છે, કેમ કે તે પ્રકાશિત રૂપમાં સામે જ દેખાવા લાગે છે. સૂર્યનો પ્રકાશ પૂર્વની ઉષાની લાલાશ જેવો દેખાવા લાગે કે અંધકાર, જે ખૂબ ગીચ થઈ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગયો હતો તે ભાગી જવા માટે વિવશ થઈ જાય છે. પ્રકાશનો અભાવ જ અંધકાર છે. તેનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. આ જ રીતે જ્ઞાનનો અભાવ જ અજ્ઞાન છે, જેમાં વ્યાપ્ત થઈને આપણે અવિવેકી જીવન જીવીએ છીએ. વાસનાઓથી પ્રેરિત આ ભોગપ્રધાન જીવન આપણને તૃષ્ણા અને અહંતાના વશમાં થઈને દુષ્કર્મોમાં પ્રવૃત્ત કરી દે છે. તેનાં પરિણામ ખૂબ ભયંકર થાય છે- સંતાપ, કષ્ટ, તનાવ, સંક્ષોભ અને બધા જ પ્રકારની વ્યાધિઓ. આપણે વિધાતાને દોષ આપીએ છીએ, પરંતુ તેઓ તો ત્રિગુણતીત છે. તેમનું જે અનંત આત્માવાળું સ્વરૂપ આપણી અંદર છે, તેની મોજૂદગીનું જ્ઞાન જો આપણને થાય તો એ ઉપસ્થિતિના બોધભાવ માત્રથી આપણા આ ભૌતિક જીવનમાં પ્રાણોનો સંચાર થવા લાગે છે. અંધકાર ભાગવા લાગે છે. આપણે ત્રણ તાપોથી મુક્ત થઈ જઈએ છીએ, કેમ કે સત્ય શું છે અને પરમ સત્તા આપણી અંદર વિરાજમાન છે, એ જાણકારી આપણા આત્માને બળવાન બનાવી દે છે.

## સાધના દ્વારા જ અજ્ઞાનનો નાશ સંભવ

સૌથી મોટી વાત એ કે આપણો અહંભાવ, જીવભાવ ખતમ થવો જોઈએ. આપણે શુદ્ધ અહંમાં, બ્રહ્મભાવમાં પ્રવેશ કરવો જોઈએ. આ સતત સાધનાથી જ શક્ય છે. ચાહે કોઈ પણ માર્ગ હોય, નિરંતર કરવામાં આવેલી સાધના, ગહન આત્મપર્યવેક્ષણ મનુષ્યને એ આત્મતત્ત્વનો બોધ કરાવી જ દે છે. 'આદિત્ય'ની ઉપમા પ્રભુએ આપી છે તો અહીં એ પણ જાણી લેવું જોઈએ કે ગાયત્રી સાધના પણ આદિત્યની, સૂર્યની, સૂર્યના 'ભર્ગતત્ત્વ'ની સાધના જ છે. જો સવિતા દેવતાનો પ્રકાશ જ્ઞાનરૂપમાં આપણા અંતરાત્મા સુધી પહોંચી જાય અને તેમનું બ્રહ્મવર્ચસ્ પ્રધાન ભર્ગતત્ત્વ અંદર સુધી પ્રવેશી જાય તો 'અજ્ઞાન' (પાપનાશક તેજથી) માયાના બંધનો કપાય તથા આપણને આત્મતત્ત્વનો બોધ કરાવે જે આપણી અંદર સતત પ્રકાશિત છે.

પરમપૂજ્ય ગુરુદેવે આ તત્ત્વ સુધી આપણને પહોંચાડવા માટે જ ગાયત્રી સાધના કરાવી છે, જેથી બહારના સવિતાદેવતાનું તેજ જે પ્રાણસ્વરૂપ છે, સુખસ્વરૂપ છે, દુઃખનાશક છે, શ્રેષ્ઠતમ છે, તેજસ્વિતાથી ઓતપ્રોત છે, પાપનાશક છે તથા દિવ્યતાથી ઓતપ્રોત છે તે જેવું આપણા દ્વારા, આપણા અંતરાત્મા દ્વારા શોષી લેવામાં આવે છે, (ધીમહિ) કે આપણી બુદ્ધિ સાચી દિશામાં અને સન્માર્ગ તરફ બળપૂર્વક (બલાત્) ચાલવા લાગે છે. આપણે લોભ-મોહ-અહંરૂપી દુર્બુદ્ધિના માર્ગથી હટીને આત્મતત્ત્વને પ્રકાશિત કરી સદ્દબુદ્ધિના માર્ગે ચાલવા લાગીએ છીએ. આદિકાળથી ઋષિગણ, અવતારી સત્તાઓ અને દિવ્યકર્મી આ જ મહામંત્રનો આશ્રય લઈ જ્ઞાન, કર્મ અને ભકિત ત્રણમાંથી એમને જે માર્ગ ઠીક લાગ્યો તેને અપનાવી જગદીશ્વરની વેદી પર પોતાને સમર્પિત કરતા રહ્યા છે. એક જ સચોટ ઉપાય છે- સતત સાધના, સતત એક જ પ્રયાસ કે આપણે અજ્ઞાનના બંધનોથી મુક્ત થઈએ, ચિન્મય પરબ્રહ્મની સત્તા આપણને પોતાના પ્રકાશથી પારદર્શી બનાવી દે. આપણી અંદરનો અંધકાર, મેલાપણું દૂર થતાં જાય તથા આપણો અંતરાત્મા પૂર્ણરૂપે જ્ઞાનરૂપી સૂર્યથી પ્રકાશિત થતો જાય.

## સામાન્યથી ઊપર ઉઠીએ, યોગમય જીવન જીવીએ

આપણે આપણી અંદરના કર્તાભાવને બધા કર્મોના અધીશ્વર પરમાત્માને સમર્પિત કરી દઈએ. મર્યાદા ઓળંગીએ, પાપકર્મ કરીએ અને દોષ ઈશ્વરને આપીએ એ તો અજ્ઞાન જ થયું ને. આપણી અંદર એ જ્ઞાન અવતરિત થાય, જે આપણા વ્યકિતત્વનાં પડોને પ્રકાશિત કરી જીવટ પ્રદાન કરે, માનસિક, અને બૌદ્ધિક સ્તરે આપણને સાચો નિર્ણય લેવાની, વિવેકશીલતા અને દૂરદર્શિતાના પથ પર ચાલવાની સદ્દબુદ્ધિ મળે તથા એ જ વિવેક આપણી ઈન્દ્રિયોનું માર્ગદર્શન કરે તો જ આપણે સામાન્ય જીવોથી ઊંચે ઉઠીને કલ્યાણકારી દિવ્યકર્મીનું જીવન જીવી શકીશું.

ભગવાનનો સંપૂર્ણ પ્રયાસ અર્જુનને સામાન્ય સ્તર પરથી ઉંચે ઉઠાવીને દિવ્ય સ્તરે લઈ જવાનો છે, જે દરેક મનુષ્યનો, આ મનુષ્યશરીર પ્રાપ્ત કરવાનો પરમ ઉદ્દેશ પણ છે. અર્જુન અજ્ઞાનના મોહમાં ફસાઈને શ્રીકૃષ્ણ સાથે બધા તર્ક કરી રહ્યો છે, તેથી તેઓ તેને કર્મયોગનો મર્મ બતાવીને જ્ઞાનની એ સર્વોચ્ચ સ્થિતિમાં લઈ જઈ રહ્યા છે, જ્યાં અજ્ઞાનજન્ય ભ્રાંતિઓ સહજ રીતે જ મટી જાય છે. આપણી અંદર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અજ્ઞાનની બે સ્પષ્ટ અભિવ્યકિતઓ છે - એક કર્તાભાવની અને બીજી ભોકતાભાવની. આપણે એથી ઉંચે ઉઠવાનું છે. એ પ્રસન્નતાનો માર્ગ છે, જ્ઞાનની આનંદપૂર્ણ અવસ્થાનો પથ છે તથા આત્મપદની પ્રાપ્તિ કરાવનાર રાજમાર્ગ છે.

પ્રત્યેક શ્વાસમાં ધર્મમય જીવન, યોગમય જીવન જીવવું જોઈએ. આ દરેક મનુષ્યનું કર્તવ્ય છે. આ ત્યારે જ શકય છે , જ્યારે આપણે વિષયસુખની શોધમાં ઈન્દ્રિયતુષ્ટિ માટે આમતેમ હવાતિયા મારીને જીવનને નષ્ટ કરવામાંથી બચાવી લઈએ. એક સુસંસ્કારી મનુષ્યનું પરમ કર્તવ્ય છે કે તે સ્વાર્થપૂર્ણ પ્રયોજનોમાં રચ્યોપચ્યો ન રહે, ભૌતિક પદાર્થોની પ્રાપ્તિ અને સંગ્રહ માટે પશુસ્તરની પ્રવૃત્તિઓમાં લાગી ન જાય, પરંતુ જગદીશ્વરની સેવામાં લાગે. આપણો જ આત્મા બધામાં સમાયેલો છે અને એક જ દિવ્યતત્ત્વ સૌને પ્રકાશિત કરી રહ્યું છે એ બોધ થતાં જ સૌને એક દિવ્ય શાંતિની અનુભૂતિ થાય છે. આપણે સાચા અર્થમાં રચનાત્મક આધ્યાત્મિક જીવન જીવવા લાગીએ છીએ. પરમાર્થમાં જ સાચો સ્વાર્થ છે. ધર્મમય જીવન દ્વારા જ બધા લૌકિક કર્મ થતા જશે, આ પરમ સમર્પણનો ભાવ આપણને સેવામય જીવન તરફ લઈ જશે. આપણી આવશ્યકતાઓની પૂર્તિ પણ કરશે અને આપણને સંકુચિત સ્વાર્થમાં ન ફસાવતાં આપણી અંદરના સંગીતને બેસૂરું નહિ બનાવે.

શ્રીમદ્ભગવદ્ગીતા સાચા અર્થમાં જીવન જીવવાની કળાનું શિક્ષણ આપનાર ચાવી છે, એક પાઠ્યપુસ્તક છે. આજના મનુષ્યની, માનવજન્ય બધી સમસ્યાઓનું એમાં સમાધાન છે. જો આ ગીતામૃતને આપણે જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરીએ તો આપણી અંદર પેદા થયેલ જાગરૂકતાનો ભાવ આપણને આધ્યાત્મિક ઉત્કર્ષની ઉચ્ચતમ સ્થિતિ સુધી પહોંચાડી શકે છે. આ તથ્યને સારી રીતે સમજીને હવે આપણે આગળના શ્લોક તરફ વધીએ છીએ, જે આપણને 'તત્' (તત્ સવિતુર્વરેણ્યમનું તત્) ના રૂપમાં પરમાત્મા સાથે એકાકાર થવાની પરિણતિ બતાવે છે. 'તત્' પરબ્રહ્મ સચ્ચિદાનંદઘન પરમાત્માને જ્ઞાન દ્વારા પ્રકાશિત કરી લીધું તથા તેના મર્મથી પરિચિત થઈ ગયાં તો પછી રાહ શા માટે જોવી. હવે તેની સાથે એકરૂપ થઈએ, દ્વૈતભાવ મિટાવીએ.

## તત્પરાયણ થવાની દિશામાં

સત્તરમો શ્લોક છે -

**તદ્બુદ્ધયસ્તદાત્માનસ્તન્નિષ્ઠાસ્તત્પરાયણાઃ ।**
**ગચ્છન્ત્યપુનરાવૃત્તિં જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ ॥**

પહેલાં ભાવાર્થ જોઈએ, *જેમની બુદ્ધિ એમનામાં લીન થઈ ગઈ છે, જેમનું મન એમની ભકિતથી ભરાઈ ગયું છે અને જેમની એ જ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં નિષ્ઠા થઈને જેઓ સતત એમનામાં જ એકભાવે સ્થિત છે, એવા મનુષ્યો જેમના જીવનનું સર્વસ્વ જ એ બની ગયું છે તેઓ જ્ઞાન દ્વારા પાપરહિત થઈને એવી સ્થિતિ પ્રાપ્ત કરે છે, જ્યાંથી ફરીથી પાછા વળવું પડતું નથી અર્થાત્ મોક્ષને પ્રાપ્ત થઈ જાય છે.*

નાનકડા શ્લોકમાં ગાગરમાં સાગરની જેમ કેટલાક માર્મિક સૂત્ર સમાયેલાં છે. શબ્દના અર્થ સાથે ભાવ જોડીએ તો તે આ રીતે બનશે-

તદ્બુદ્ધયઃ (પરબ્રહ્મમાં જેમનું ચિત્ત લીન છે), તદાત્માનઃ (બ્રહ્મમાં એકાત્મભાવથી યુકત) તન્નિષ્ઠાઃ (આત્મનિષ્ઠ) તત્પરાયણાઃ (આત્મપરાયણ વ્યકિત જે પરબ્રહ્મ સાથે એકાકાર થઈ ગયાં છે) જ્ઞાન નિર્ધૂતકલ્મષાઃ (આત્મજ્ઞાન દ્વારા પાપરહિત થયેલ સાધક) અપુનરાવૃત્તિમ્ (વારંવાર જન્મની આવૃત્તિ નહીં) ગચ્છન્તિ (બ્રહ્મસ્વરૂપ થઈને જન્મ-મૃત્યુના પ્રવાહથી હંમેશ માટે મુકત થઈ જાય છે, પરમગતિને પ્રાપ્ત થઈ જાય છે), તેમનો પુનર્જન્મ થતો નથી. અહીં વારંવાર તત્ શબ્દ આવ્યો છે, એ જ બુદ્ધિ, આત્મા, નિષ્ઠા, અંતઃકરણની યુકિત બતાવી છે. આ શબ્દ પરોક્ષ જ્ઞાનની અંતર્ગત 'બ્રહ્મ' પરમાત્મા માટે પ્રયોજાયો છે. 'અહં બ્રહ્માસ્મિ' થઈ ગયા બાદ મનુષ્ય પરમગતિને પ્રાપ્ત થઈ જાય છે. દેહાત્મ જ્ઞાન જેવું નષ્ટ થયું કે બ્રહ્મ સાથે, પરમાત્મસત્તા સાથે તાદાત્મ્ય થઈ જાય છે તથા આ મોક્ષમાં સ્થિતિ છે. આ આત્માની પૂર્ણમદઃ પૂર્ણમિદમ્વાળી જીવનયજ્ઞની પૂર્ણાહુતિ છે.

## પરમાત્મતત્ત્વ સાથે મિલનનો રાજમાર્ગ

માનવહૃદયમાં એવું ઝરણું ફૂટી નીકળે કે જેથી તે પરમાત્માની સ્પષ્ટ અનુભૂતિ કરી શકે એવા પ્રતિપાદન પર હવે શ્રીકૃષ્ણ આવી ગયા છે. આ ગીતાકારના અપરોક્ષાનુભૂતિથી ભરપૂર જ્ઞાનની પરાકાષ્ઠા છે. આ રીતે એ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાજમાર્ગ બતાવવામાં આવી રહ્યો છે, જેના પર ચાલીને જીવ અને બ્રહ્મનું મિલન થાય છે, મનુષ્યને પરમાત્મસત્તાનો સાક્ષાત્કાર થાય છે.

આ શ્લોકના માધ્યમથી પ્રત્યેક દિવ્યકર્મી માટે ભગવાનની ચાર અનિવાર્ય શરતો છે, જેમને પૂરી કરીને જ આપણે પરમચૈતન્ય સાથે સંપર્ક સ્થાપી શકીએ છીએ. આ શરતોને એમ પણ કહી શકાય કે મનુષ્યે તેની આત્મસત્તામાં ચાર પ્રકારના પરિવર્તન લાવવાં પડશે. તદ્‌બુદ્ધયઃ, તદાત્માનઃ, તન્નિષ્ઠા તથા તત્પરાયણાઃ. હવે આ બધાની સંક્ષિપ્ત વ્યાખ્યા જોઈએ.

**તદ્‌બુદ્ધયઃ-** બુદ્ધિ જાતજાતના ખેલ બતાવે છે. તર્ક શક્તિ તથા જાણકારીઓના સંગ્રહ દ્વારા મનુષ્ય બુદ્ધિની દૃષ્ટિએ ક્યાંથી ક્યાં પહોંચી શકે છે. શાસ્ત્રોનું અધ્યયન જરૂરી છે, પરંતુ જ્યાં સુધી એ તત્ તે પરમાત્મતત્ત્વ સાથે એકાકાર થઈને કરવામાં ન આવે, ત્યાં સુધી એ જ્ઞાન અહંકારી જ બનાવશે. જાતજાતના શાસ્ત્રાર્થમાં બીજાને માત આપવામાં આનંદ આવતો રહેશે. જે આદર્શ આપણી સમજમાં આવી ગયાં છે, આપણા બૌદ્ધિક તંત્રએ જેનો સ્વીકાર કરી લીધો છે તે આપણા મનમાં પણ ઉતરવાં જોઈએ. આપણું મગજ અને મન-સમુચ્ચય જ (માઈન્ડ - બ્રેન એનટાઈટી) નહિ, આપણો કણેકણ તે પરમાત્મતત્ત્વની અનુભૂતિથી સ્પંદિત થઈ ઉઠવો જોઈએ. આને કહે છે તદ્‌બુદ્ધયઃ.

**તદાત્માનઃ-** (જેનું મન એ પરમાત્માની ભક્તિથી ઓતપ્રોત છે) નો અર્થ છે, જીવનના જે આદર્શ આપણી બુદ્ધિએ સ્વીકારી લીધાં છે, તેનું હવે આપણે મનન કરવું જોઈએ. ઉચ્ચસ્તરીય કાર્યો પ્રત્યે પૂર્ણ મનોયોગ સાથે પરમાત્મસત્તા સાથે તાદાત્મ્ય સ્થાપી આપણે કાર્ય કરીશું તો આપણી આ ભક્તિ, આ કર્મયોગ આપણને સક્રિય કાર્યકર્તાના રૂપમાં સ્થાપી દેશે. અહીં પ્રસંગવશાત એ બતાવી દેવું અનિવાર્ય છે કે તદ્‌બુદ્ધયઃ તથા તદાત્મનઃની વ્યાખ્યા અહીં કર્મયોગના સંદર્ભમાં થઈ રહી છે. આ જ વાત બારમા શ્લોકમાં જે આપણને ભક્તિયોગની પરાકાષ્ઠાએ લઈ જાય છે, ભગવાન આ રીતે કહે છે- **મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય** (આઠમો શ્લોક). જ્યારે આ કહે છે તો તત્ શબ્દને તેઓ સીધું જ મયિ તથા મનઃ, મયિ બુદ્ધિંના સ્તરે લઈ આવે છે. અહીં મયિનો તાત્પર્ય શ્રીકૃષ્ણના હું સાથે નથી, પરમાત્મસત્તાના વિરાટ 'હું' સાથે છે. આ પ્રસંગની ચર્ચા પછી.

આગળની સ્થિતિ છે **તન્નિષ્ઠાઃ-** જેમાં નિષ્ઠા મજબૂત થઈ ગઈ છે તથા જે પરમાત્મતત્ત્વમાં જ સ્થિત છે. આ ત્રીજી અવસ્થા એ છે જેમાં વ્યક્તિની બુદ્ધિ તથા મન બંનેએ સ્વીકાર કરી આદર્શોને, પરમાત્મતત્ત્વને વ્યવહારમાં લાવવાનું સ્વીકારી લીધું છે. પરમાત્મા આદર્શો, સત્પ્રવૃત્તિઓ અને સત્પ્રવૃત્તિઓનો સમુચ્ચય જ તો છે. એમાં આપણી નિષ્ઠા એટલી મજબૂત હોવી જોઈએ કે આપણા દરેક પ્રયાસ તેનાં જ અનુશાસનમાં ચાલવાં જોઈએ. આજે આદર્શો અને ઉપદેશોની ચર્ચા તો છે, પરંતુ આચરણમાં ન ઉતરવાથી વ્યર્થનો વાણીવિલાસ બનીને રહી જાય છે, કહેનારના જીવનમાં ન ઉતર્યો તો સાંભળનારના જીવનમાં શું ઊતરશે ? આપણું આચરણ પરમાત્મસત્તાના નિર્દેશો મુજબ થવું જોઈએ. આપણે લોભથી પ્રભાવિત ન થતાં અસામાન્ય સ્તરનો ત્યાગ બતાવી શકીએ.

હવે ચોથી અને અંતિમ સ્થિતિ આવે છે **તત્પરાયણાઃ-** એ પરમાત્મતત્ત્વ, આદર્શોનો સમૂહ આપણું સર્વસ્વ બની જાય, આપણે તેની સાથે સંપૂર્ણપણે હળીમળી જઈએ. ધર્મપરાયણ, કર્તવ્યપરાયણ શબ્દથી સમજી શકાય છે કે પરાયણ થવું અર્થાત્ એવું જ બની જવું. પછી ઉચ્ચ સાંસ્કૃતિક જીવનમૂલ્યો જ વ્યક્તિના જીવનનાં અંગ બની જાય છે. આવી વ્યક્તિ પછી તેની જૂની-પુરાણી જીવનપદ્ધતિ પર પાછી આવતી નથી કે નથી મર્યાદાઓનું ઉલ્લંઘન કરતી. આદર્શો પ્રત્યે પૂર્ણ સમર્પિત જીવન તેને નવું જીવન જીવવા માટે, આદર્શોના હિમાલય પર ચઢવા માટે પ્રેરિત કરતું રહે છે. તેના અણુ અણુમાંથી પરમાત્મા ફૂટી પડે છે. પછી આવા મહામાનવ- આદર્શનિષ્ઠ મહામાનવને તેના લક્ષ્ય સુધી પહોંચતું કોઈ રોકી શકતું નતી. આવી દૃઢનિશ્ચયી વ્યક્તિ પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી, ઉત્સાહ અને ઉલ્લાસથી યુક્ત થઈને સફળતાના ઉચ્ચતમ સોપાનો પર ચઢતી જ જાય છે. જે વ્યક્તિએ આ ચાર સોપાનો પાર કરી લીધા હોય છે તેમની આધ્યાત્મિક સ્થિતિ કેવી હોય છે, તેની વ્યાખ્યા આવતા અંકમાં.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચેતનાની શિખરયાત્રા-૧૪

# બલિહારી ગુરૂ આપની - ૨

શ્રીરામના જીવનનો ઐતિહાસિક વસંત. ૧૮મી જાન્યુઆરી, ૧૯૨૬. બ્રાહ્મ મુહૂર્તમાં તેમના હિમાલયવાસી ગુરુએ એમને જે દશ્ય બતાવ્યું, તેમાં એમના પૂર્વજન્મોમાંથી એક કબીરનું જીવન હતું. તેનો પૂર્વાર્ધ વિગત અંકમાં આપવામાં આવ્યો હતો. હવે આગળ-

## કબીરની કાયા પર વિવાદ

એક અન્ય દશ્યમાં કબીર હિંદૂ અને મુસલમાન બન્નેને ફટકારતા દેખાયા. બધા ધર્મોની એકતા પર નહિ, તેમના અનુયાયીઓના તાલમેળ પર તેમણે ભાર મૂકયો હતો. બાહ્ય સ્વરૂપ, કર્મકાંડ, પ્રતીક અને આચરણ વગેરેમાં આભ-જમીનનું અંતર હોવા છતાં બધા ધર્મો એક જ સત્યની ઘોષણા કરે છે. એ સત્ય આપણી અંદર બેઠેલો પરમાત્મા અને બહાર તેની જ અભિવ્યકિતની ઘોષણા છે. કબીરનું નિધન મગહરમાં થયું કે કાશીમાં થયું તેના પર ઈતિહાસના જાણકારોમાં મતભેદ છે. કહેવાય છે કે એમનું નિધન થયું તો હિંદૂ અને મુસલમાન બન્નેની પોતાના રિવાજ મુજબ અંતિમ સંસ્કાર કરવાની ઈચ્છા હતી. એના પર પણ વિવાદ થયો. હિંદૂ શવનું દાહ સંસ્કાર કરવા માગતા હતા અને મુસલમાન દફનાવવા માગતા હતા. એ તો વાર્તા જ હશે કે બન્ને પક્ષના લોકોએ શવ પરથી કફન હટાવ્યું તો મૃત કાયાના સ્થાને ફૂલોનો ઢગલો હતો. અડધા ફૂલ હિંદૂઓએ લીધા અને અડધા મુસલમાનોએ. બન્ને સંપ્રદાયના લોકોએ પોતપોતાની વિધિ અનુસાર દાહ અને દફનક્રિયા કરી. પંચતત્ત્વોનું બનેલું શરીર અલગ અલગ પ્રક્રિયાથી તેના મૂળ સ્થાને પહોંચી ગયું. વાર્તા આ સત્યની ઘોષણા કરે છે.

એક વર્ગની માન્યતા છે કે અંતિમ સમય નિકટ આવ્યો એમ જાણી તેઓ સ્વેચ્છાએ કાશી છોડીને મગહર ચાલ્યા ગયા. કાશી મોક્ષનગરી છે અને ત્યાં જે કોઈ મરે છે તે મુકિત પ્રાપ્ત કરી લે છે એ અંધમાન્યતાને તોડવાનો ઉદ્દેશ હતો. આ અંધવિશ્વાસના કારણે જ લોકો કાશીમાં આત્મહત્યા સુધ્ધાં કરી લેતા હતા. મગહરમાં મરનારને નરકમાં જવું પડે છે એ અંધવિશ્વાસને તોડવા માટે કબીરે તેમનો અંતિમ સમય ત્યાં જ વીતાવ્યો. મગહરમાં જ શરીર છોડયું. કોણ કહે છે કે મગહરમાં મરવાથી કબીરને કર્મબંધનોએ જકડી રાખ્યો હશે.

કબીરનું જીવન ઐતિહાસિક વર્ણનો કરતાં કાલ્પનિક વાર્તાઓ અને દંતકથાઓમાં વધારે જોવા મળે છે. મુસલમાન વણકરે એમનું પાલન-પોષણ કર્યું. કહેવાય છે કે તેઓ કોઈ બ્રાહ્મણ કન્યાથી જન્મ્યા હતા. તેમના જન્મ અને ભરણપોષણમાં હિંદૂ તથા મુસ્લિમ બન્ને ધર્મોની છાપ હતી. હિંદૂ અને ઈસ્લામ બન્ને ધર્મોમાં છવાયેલાં ઢોંગ અને અંધવિશ્વાસોનો તેમણે જે કડક વિરોધ કર્યો તે સૌ જાણે છે. આ પ્રયાસોની-પ્રતિક્રિયા પણ ઓછી થઈ ન હતી. કેટલાય સંપ્રદાયના લોકોએ તેમને જાનથી મારવાની કોશિશ કરી તો કેટલાકે તેમને કાશીમાંથી બહાર કાઢી મૂકયા.

કબીરના જીવન સાથે સંકળાયેલ અનેક ઘટનાઓ શ્રીરામના માનસપટલ પર ઉભરી આવી, આવતી રહી અને જતી રહી. શરીર છૂટવાના દશ્ય સાથે ઘટનાઓ ખતમ થઈ અને એવી અંતર્દષ્ટિ જગાડી ગઈ કે વિદ્યા અને વિવેકનો સ્રોત આપણું અંતઃકરણ છે. કેટલાય શાસ્ત્ર વાંચી લેવામાં આવે, પરંતુ આપણી અંદર પ્રજ્ઞાનું જાગરણ ન થાય તો બધું વ્યર્થ છે. આથી વિપરીત અંતઃચેતના જાગૃત થઈ જાય તો કશું વાંચ્યું હોય કે ન હોય, અંતર્દષ્ટિ આપોઆપ બધું જાણવા-સમજવામાં સમર્થ થઈ જાય છે, સમજી જ લે છે. કબીરની સ્મૃતિઓ પૂરી થઈ. એમનો જીવનક્રમ સિનેમાની જેમ જોવાઈ ગયો.

## આગળનો જીવનક્રમ

થોડાક વિરામ બાદ ઈતિહાસની દષ્ટિએ સો વરસ પછીનો સમય શરૂ થાય છે. દેશના હિસાબે મહારાષ્ટ્ર અને કાળના હિસાબે ઔરંગઝેબના આતંકવાદી શાસનનો યુગ. તે સમયે કોઈ પણ વ્યકિત કે સમુદાયને પોતાની આસ્થા અનુસાર જીવવાની સુવિધા નહોતી. પોતાના વિશ્વાસ માટે કિંમત ચૂકવવી પડતી હતી. એ કિંમત ધનના રૂપમાં પણ હોઈ શકતી અને દંડના રૂપમાં પણ હોઈ શકતી હતી. વિભિન્ન ધર્મ-સંપ્રદાય, એમાંય વિશેષ રૂપે સાધના અને વિદ્યાની ભારતીય ધારાઓ એટલી દુર્બળ અને નિર્બળ બની ગઈ હતી કે આપસમાં જ લડવા-ઝઘડવા લાગી હતી, આત્મનાશના માર્ગે લાગી ગઈ હતી.

અંધકાર અને નિરાશાથી ભરેલા એ યુગમાં મહારાષ્ટ્રમાં એક સંન્યાસીનો ઉદય થયો. પૂજાના ઓરડામાં શ્રીરામની સામે એ સાધુની જીવનલીલાના વિભિન્ન દશ્ય આવવા લાગે છે. લગ્નમંડપમાં યુવના રામદાસ બેઠા છે, પાસે જ વધૂ બેઠી છે. સપ્તપદી શરૂ થતાં પહેલાં પુરોહિતે કર્મકાંડ માટે તૈયાર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહેવાના ઉદ્દેશથી કહ્યું, 'વર-વધૂ સાવધાન' અર્થાત્ હવે પછીની ક્રિયા ભાન સાથે તેનો અર્થ સમજીને કરો. 'સાવધાન'ના ઉદ્‌ઘોષે રામદાસની ચેતનાને બીજી જ રીતે ઢંઢોળી નાખી. અંતરાત્માએ ઠપકો આપ્યો હતો કે દેશ અને ધર્મ આ ભીષણ સ્થિતિઓમાંથી પસાર થઈ રહ્યાં છે અને તને ઘરપરિવાર વસાવવાની પડી છે. રામદાસ લગ્નમંડપ છોડીને ભાગી નીકળ્યા. સાવધ થઈ ગયા. સંન્યાસી જીવન અપનાવ્યું. પરશુરામની જેમ શાસ્ત્ર અને શસ્ત્ર બંનેના શિક્ષણનો પ્રચાર કર્યો.

સમર્થ ગુરુ રામદાસ (સન્‌૧૬૦૮થી ૧૬૯૨)ના રૂપમાં વિખ્યાત થયેલ આ વિભૂતિએ પંચવટી, નાસિકમાં બાર વર્ષ સુધી ગાયત્રી સાધના કરી. સાધના પછી તેઓ તીર્થયાત્રા માટે નીકળી ગયા. દેશ-સમાજની સમસ્યાઓ અને તે સમયની પરિસ્થિતિઓ સમજી લીધી અને મહારાષ્ટ્ર પાછા આવી ગયા. ત્યાં એમણે શરીર, મન અને આત્મા ત્રણેય દષ્ટિએ બળવાન યુવકોને સંગઠિત કરવાની યોજના બનાવી. તેને કાર્યાન્વિત કરી. જ્યાં પણ જતા ત્યાં હનુમાન મંદિરની સ્થાપના કરતા અને મંદિરની સાથે અખાડા ખોલતા. એમાં કિશોર અને યુવકોને વ્યાયામ કરવાનો, કુસ્તી લડવાનો, મલ્લયુદ્ધ કરવાનો તથા હથિયાર ચલાવવાનો અભ્યાસ કરાવવામાં આવતો. એ અખાડાઓની પરંપરા દેશમાં આજે પણ ચાલે છે. લોકો તેમને રામદાસી અખાડાનાં રૂપમાં જાણે છે.

એક દશ્યમાં સમર્થ રામદાસ સંન્યાસ વેશમાં પોતાની માતાને મળવા જાય છે. લગ્નમંડપમાંથી ભાગી નીકળ્યા હતા, ત્યારથી માએ રડી-રડીને પોતાની હાલત ખૂબ જ ખરાબ કરી નાખી હતા. આંખોની દષ્ટિ જતી રહી. કોઈ પ્રસંગ આવતો તો પોતાના લાડકાંને યાદ કરતી. સાધના અને તીર્થયાત્રાથી પાછા આવ્યા બાદ તુરત જ સમર્થ રામદાસે માતાની શોધ કરી અને તેમના ચરણોમાં પ્રણામ કર્યો. માતાએ અવાજથી ઓળખી લીધો કે પુત્ર આવ્યો છે. સમર્થ પુત્રના માથા પર પ્રેમથી હાથ ફેરવ્યો અને તે જોવા લાગી. પુત્ર દેખાવા લાગ્યો. ખુશ થઈને માએ કહ્યું, ''લાગે છે બેટા કે તેં કોઈ ભૂત સિદ્ધ કરી લીધો છે. તેના જ બળે તેં મારી આંખોની દષ્ટિ પાછી લાવી આપી છે. બતાવ તો ખરો કે કોણ છે એ ભૂત.''

## સમર્થે બનાવ્યું સંગઠન

સમર્થ રામદાસ માનો આશીર્વાદ લઈને નીકળી પડયા. સાધુ-સંન્યાસીઓ અને ગૃહસ્થોને સંગઠિત કરવા લાગ્યા. એમના માર્ગદર્શનમાં જે શૂરવીરોએ સ્વતંત્રતા અને રાષ્ટ્રના ગૌરવની પુનઃસ્થાપના માટે સંઘર્ષ શરૂ કર્યો હતો એમાં છત્રપતિ શિવાજીનું નામ સૌથી મોખરે છે. શિવાજીને દીક્ષા આપવાના, રાષ્ટ્રનો ઉદ્ધાર કરવા લગાડવાના,અધર્મનો નાશ કરવા માટે બધા શકય ઉપાય કરવાની પ્રેરણા આપવાના અનેક દશ્ય માનસપટલ પર ઉપસી આવ્યા. એક દશ્યમાં તેઓ શિવાજી પાસે ભિક્ષા માંગવા ગયા. તે સમયે છત્રપતિ સામ્રાજ્યની સ્થાપના કરી ચૂકયા હતા. ગુરુએ અલખ જગાડયો, 'જય-જય રઘુવીર સમર્થ' પોકાર સાંભળીને શિવાજી દોડી આવ્યા. ક્ષણભર માટે વિચારવા લાગ્યા કે ગુરુના થેલામાં શું સમર્પિત કરવામાં આવે. ક્ષણભરમાં જ નક્કી કરી લીધું. કાગળ અને કલમ ઉપાડીને સંકલ્પ-પત્ર લખ્યો અને કહ્યું કે આજથી આખું રાજ્ય આપનું. આપ જ શાસન કરો. આમ કહીને સંકલ્પ ગ્રહણ કરી લીધો.

ગુરુએ કહ્યું, ''હા, આજથી આ રાજ્ય મારું જ છે, તમે આને મારી અમાનત માનીને સંભાળો. આને વધારો, સમૃદ્ધ કરો અને રાષ્ટ્રના જાગરણમાં પોતાની આહુતિ આપો.'' એ પછી ધર્મ અનુસાર રાજ્ય કેવી રીતે ચલાવવામાં આવે ? તેના પ્રત્યેક બિંદુને સ્પષ્ટ કરતું એક પ્રવચન એ પ્રવચન શિવાજી જ નહિ, લોકરંજન અને લોકમંગલની જવાબદારી નિભાવતા બધા શાસકો માટે ધર્મવિધાન છે. તે પછી સમર્થ ગુરુ શિષ્યને એક પ્રાર્થના શિખવવા લાગ્યા. આ પ્રાર્થનામાં બધા દેવોને નમસ્કાર કરવામાં આવ્યો છે અને એમાં રહેલા અદ્વૈત તત્ત્વનું સ્મરણ પણ. આ પ્રાર્થના સમર્થ રામદાસની કૃતિ 'દાસબોધ'માં પણ છે. પ્રાર્થનાના સ્વર એ દશ્યમાં ગૂંજી રહ્યા હતા, જાણે શ્રીરામ સ્વયં ગાઈ રહ્યા હોય.

## અનોખી પ્રાર્થના

' હે ગજવદન તમને પ્રણામ . તમારા મહિમાનો કોઈ પાર નથી. તમે જ સૌને વિદ્યા અને બુદ્ધિ આપો છો. ભગવતી સરસ્વતી તમને પ્રણામ. તમારા થકી જ વાણી સ્કુરે છે. ગણ્યાગાઠયા લોકો જ તમારા સ્વરૂપને આંશિક રૂપે સમજી શકે છે. ચતુરાનન તમે ધન્ય છો. તમે જ સૃષ્ટિની રચના કરી અને બધા શાસ્ત્રો પ્રકટ કર્યા. હે વિષ્ણુ, તમે ધન્ય છો. તમે સૌનું પાલન કરો છો. શિવને પ્રણામ, જેઓ સતત રામનામનો જપ કરે છે. તમારી દેનનો કોઈ અંત નથી.'

'હે ઈન્દ્રદેવ તમે ધન્ય છો. તમે ધર્મ-અધર્મ બધું જાણો છો. મને પણ તે માનવા-સમજવાની શકિત આપો. હે પરમ બળશાળી હનુમાન, તમે ધન્ય છો. અમને પણ બળના ઉપાસક બનાવો. ક્ષેત્રપાળ તમે ઘણા લોકોને મુકિતના માર્ગે પ્રેરિત કર્યા છે. હે પાંડુરંગ, તમારા ત્યાં સદાય ભગવત્કથા થતી રહે છે. રામ-કૃષ્ણ વગેરે અવતારોનો મહિમા અપાર જ છે. તેમના કારણે જ ઘણા લોકો ઉપાસનામાં તત્પર થયા છે,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરંતુ આ બધા દેવતાઓનું મૂળ અંતરાત્મા છે. ભૂમંડળના બધા લોકો તેને જ પ્રાપ્ત થાય છે. એ જ અનેક શકિતઓના રૂપમાં પ્રકટ થયો અને બધા વૈભવોને ભોગવનારો છે.'

પ્રાર્થના લાંબી છે. એમાં આપણી અંદર રહેલા અને બહાર જગતમાં વ્યાપ્ત વિવિધ શકિતરૂપોના આધ્યાત્મિક પક્ષને સંબોધિત કરવામાં આવ્યું છે. પ્રાર્થના પૂર્ણ થયા બાદ સમર્થ રામદાસ તેમની લીલા સંકેલી લે છે. તેમના અવતરણનો ઉદ્દેશ જ દિવ્ય જીવનના આંતરિક સત્યને પ્રકાશિત કરવાનો હતો. પોતાના કર્તવ્યો, કર્મોના પાલન, ધર્મ-સેવન અને લોકકલ્યાણની વિભિન્ન પ્રવૃત્તિઓનાં દશ્ય દેખાયાં. લીલા સંકેલવાનો સંદેશ જગતમાં ધર્મની પ્રતિષ્ઠા, સશકત ધર્મની, સશકત પ્રતિષ્ઠા કરાવવાનો છે.

## ત્રીજો જીવનક્રમ

સ્મૃતિના પડો પલટાય છે. નવું દશ્ય કોલકાતા નજીકનું છે. ઓગણીસમી સદીના પૂર્વાર્ધનો સમય હતો. આ અનુભૂતિઓ વખતે શ્રીરામ જે વયના હતા તે જ ઉંમર ત્યારે રહી હશે. દક્ષિણેશ્વર મંદિરમાં પોતાના મોટા ભાઈ સાથે આવીને રોકાયેલો એક કિશોર. નામ રામકૃષ્ણ. મંદિર કાલીનું હતું અને રાણી રાસમણિએ બનાવ્યું હતું, જેની જ્ઞાતિ કૈવર્ત હતી. આ જ્ઞાતિને નિમ્ન કોટિની સમજવામાં આવતી હતી. શ્રદ્ધા-ભકિતથી ઓતપ્રોત હૃદય હોવા છતાં રાણીને તેમના સમયના શ્રેષ્ઠિ વર્ગનો ત્રાસ સહન કરવો પડયો હતો.

લોકોએ તેમના મંદિરનો વિરોધ કર્યો. કહ્યું કે આ મંદિરમાં કાલીની સ્થાપના કે પૂજા થઈ શકશે નહિ. વિદ્વાનો અને પંડિતોના વિરોધના કારણે કોઈએ પૂજાની જવાબદારી સ્વીકારી નહીં. રાણી રાસમણિએ કેટલાય આશ્રમ, ગુરુકુળ અને વિદ્યાપીઠોનાં દ્વાર ખખડાવ્યાં, પંડિતોની વિનવણીઓ કરી, પરંતુ કોઈનું હૃદય પીગળ્યું નહિ. કોલકાતા પાસે કામારપુકુર ગામમાં એક યુવાન બ્રાહ્મણ પંડિત રામકુમારે રાણી રાસમણિને પૂજા માટે સ્વીકૃતિ આપી. એ માટે તેમને પોતાના ભાઈ-બાંધવોનો ભારે વિરોધ સહન કરવો પડયો.

## મા કાલી સાથે જીવંત સંપર્ક

રામકૃષ્ણ પણ તેમના મોટા ભાઈ પાસે આવીને રહેવા લાગ્યા. બેઠા બેઠા કાલીની મૂર્તિ નિહાળતા રહેતા. તેમની ભકિત અને શ્રદ્ધાથી પ્રભાવિત થઈ મોટા ભાઈએ પોતાની સંસ્કૃત પાઠશાળાનું કામ સંભાળ્યું અને પૂજાપાઠની જવાબદારી રામકૃષ્ણને જ સોંપી દીધી. નવા પુજારીનો પૂજાનો નિયમ વિચિત્ર હતો. તેઓ મૂર્તિને સજીવ શરીરધારી માનીને વ્યવહાર કરતા હતા, જાણે કોઈ દેવીની નહિ, પરંતુ જાગૃત અને જીવંત માતાની સેવા કરી રહ્યા હોય. સંવાદ એ રીતે ચાલતા કે જાણે મૂર્તિ જવાબ પણ આપી રહી હોય.

કાલીની પૂજા અને સાધના કરતાં કરતાં રામકૃષ્ણને ઈહલોકનું લગભગ વિસ્મરણ થઈ ગયું. દૂર દૂર સુધી એમની સાધના અને સમાધિની ચર્ચા ફેલાઈ ગઈ. લોકો તેમના દર્શન કરવા આવવા લાગ્યા. મંદિરમાં ભકતોની ભીડ વધવા લાગી. ભકત અને સિદ્ધ સંતના રૂપમાં વધતી જતી ખ્યાતિના દિવસોમાં જ રામકૃષ્ણના લગ્ન થઈ ગયા. પત્ની ઉંમરમાં સોળ વરસ નાની હતી, પરંતુ ઉંમરના અંતરનો એની સાથે કોઈ સંબંધ ન હતો. સામાન્ય ગૃહસ્થ જીવન વીતાવવા માટે લગ્ન થયું નહોતું. આગળ જતાં રામકૃષ્ણની આસપાસ શિષ્ય અને સાધકોનો એક મોટો સમુદાય એકઠો થયો. તેમની દેખભાળ અને સ્નેહ આપવા માટે જ જાણે આ પરિણય થયો હતો.

સ્વયં રામકૃષ્ણની સ્થિતિ એવી નહોતી કે તેઓ સાધકોની નાની મોટી જરૂરિયાતોનું ધ્યાન રાખી શકે. શરૂઆતના દિવસોમાં જ તેમની ભાવસમાધિ લાગી જતી હતી. ભાવસમાધિની અવસ્થામાં તેમનું શરીર સંપૂર્ણ રીતે બેસુધ થઈ જતું. કોઈ હલનચલન થતું ન હતું. જોનારને સ્થિતિનું ભાન ન હોય તો તે ભાવસમાધિની અવસ્થામાં રામકૃષ્ણના શરીરને મૃતકાયા જ સમજી લે. એ અવસ્થામાં મા શારદામણિ જ રામકૃષ્ણની સંભાળ રાખતાં.

એક હાથમાં રૂપિયો અને બીજા હાથમાં માટીનું ઢેફું લઈને ગંગામાં ફેંકવાની વિચિત્ર લીલા પણ એ જ દિવસોમાં થઈ. રાણી રાસમણિએ તેમને પોતાના ગુરુ માનવા ઈચ્છયું. પસંદગી કરતાં પહેલાં પરીક્ષા લીધી. એમની સામે કામિની અને કાંચનના આકર્ષણો રજૂ કર્યા. જે સુંદરીઓને તેમને આકર્ષવા માટે મોકલી હતી તેમને રામકૃષ્ણે પિતાની જેમ સ્નેહથી ભરેલી દૃષ્ટિથી જોઈ. એ સુંદરીઓ 'ક્ષમા કરો ઠાકુર' કહેતી રાણી પાસે આવી ગઈ.

એક પ્રસંગે રાણીએ તેમના માર્ગમાં સુવર્ણમુદ્રાઓ વિખેરી દીધી અને સાથે ચાલવા લાગી. ઠાકુર એ મુદ્રાઓ તરફ દુર્લક્ષ કરીને આગળ વધી ગયા. રાણીએ એ તરફ સંકેત પણ કર્યો, પરંતુ ઠાકુર આમ કહેતા આગળ વધી ગયા કે એ પણ માનો પ્રસાદ છે. માટીની જેમ જમીન પર પડયો છે. એક અન્ય પ્રસંગે કપડામાં છુપાવીને સુવર્ણમુદ્રા આપવામાં આવી. વસ્ત્રનો સ્પર્શ કરતાં જ રામકૃષ્ણની આંખો સામે અંધારાં આવી ગયા, જાણે સળગતું લોઢું પકડી લીધું હોય. તે પછી એમની કોઈએ પરીક્ષા ન લીધી અને રાણીએ તેમને પોતાના ગુરુ સ્વીકારી લીધા.

(ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અપનો સે અપની બાત

# દેવ સંસ્કૃતિ વિસ્તાર માટે જ્ઞાનઘટ સ્થાપનાનો નવો વિરાટ પ્રયોગ

''સાધારણ સમય અને વિશેષ સમયમાં, સાધારણ વ્યક્તિ અને વિશિષ્ટ વ્યક્તિમાં એક વિશેષ અંતર હોય છે. સાધારણની ચાલ ધીમી હોય છે અને વિશિષ્ટની તત્કાળ નિર્ણય કરવાથી લઈ કદમ ઉઠાવવા સુધીની પ્રક્રિયાના રૂપમાં પૂરી થતી હોય છે. ધીમે-ધીમે વિચારતા-વિચારતા, અનુકૂળ અવસર શોધતા, સાથીઓ સાથે સલાહ-સૂચન કરવામાં ઘણો સમય લાગી જાય છે. અને જે ઉમંગ ઉત્સાહ ઉઠયો હતો તે સમય વીતતા-વીતતામાં ઠંડો જ નહીં, સમાપ્ત પણ થઈ જાય છે. અસંખ્યની આદર્શવાદી યોજનાઓ, આ રીતે ધૂળધાણી થઈ જાય છે. એનાથી વિપરીત અસાધારણ વ્યક્તિ સમયને ઓળખવામાં પોતાની તેજસ્વી સૂઝ-બૂઝનો પરિચય આપે છે. વીજળીની જેમ ચમકે અને તલવારની જેમ તૂટી પડે છે. મૂંઝવણ તેમની આડે નથી આવતી. વ્યાપારીની જેમ લાભ-ગેરલાભનો હિસાબ-કિતાબ લગાડવો અને વ્યાજ-ખોટનો ફેલાવો, જોડવા ઘટાડવાની ફુરસદ તેમને નથી મળતી. કરવું તો કરવું, ના કરવું તો ના કરવુંની નીતિ જ ઉદયમાન સાહસીઓએ અપનાવી પડી છે. જ્યારે ઉચ્ચસ્તરીય સાહસનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે ઈસુની તે ઉક્તિ સ્મરણ કરી લેવી જોઈએ, જેમાં તે કહેતા હતા. જો આપવાનું મન થાય તો ડાબા હાથની વસ્તુ એ સ્થિતિમાં આપી દો, તેની જમણા હાથને ખબર ન પડે. એવું ન થાય કે આ થોડી જ વારમાં શૈતાન બહેકાવી દે અને તમારો આપવાનો ઈરાદો બદલી નાંખે.''-(અખંડ જ્યોતિ, એપ્રીલ ૧૯૮૨, પૃ. સં. ૫૮)

ઉપર્યુક્ત વાત એ સંદર્ભમાં લખવામાં આવી છે કે આજે પણ વીસ વર્ષ પછી પણ એવો જ સમય છે. આપણે ઓળખવું પડશે કે આપણે અસાધારણ છીએ, વિશિષ્ટ છીએ તથા અમારી જવાબદારી પણ વિશેષ છે. જો આપણે સમયને ઓળખીએ છીએ તો આપણે વગર આના-કાનીએ યુગના નવ નિર્માણની પ્રક્રિયાથી, જેને યુગ નિર્માણ યોજના યુગ ઋષિએ નામ આપ્યું છે, પૂરી રીતે જોડાઈ હવે કંઈક વિશિષ્ટ કરી બતાવવું જોઈએ. હાલના દિવસોમાં ગળાઈ-ઢળાઈનો દૈવીય ઉપક્રમ ચાલી રહ્યો છે, સંધિકાળનો પણ આ વિશિષ્ટ સમય છે. આપણામાંથી કંઈક એવા છે જે યોજનાને જાણે છે, સમજે છે તથા એ પણ માને છે કે એની પર દુનિયાનું ભવિષ્ય ટકે છે. જો દેવસંસ્કૃતિ જાગ્રત-જીવંત રહી, એનું નિર્ધારણ વિશ્વવ્યાપી થઈ શકે, તો જ આસુરી તથા દૈવી સત્તાઓના સંઘર્ષમાં દેવી પક્ષ વિજયી થશે. દેવસંસ્કૃતિના વિસ્તાર નિમિત્તે જ શાંતિકુંજ ગાયત્રી તીર્થના બધા ક્રિયાકર્મો હાલના દિવસોમાં નિયોજિત છે. આ દિવસોમાં દેવી અનુદાન મેળવવું હોય તો પોતે ખાલી થવું પડશે. નવ સૃજન માટે અંશદાન, સમયદાન વધારી-ચઢાવીને કાઢવું પડશે.

સુદામાએ બગલમાં દબાવેલી તાંદુલ (ચોખા)ની પોટલી ભગવાનને આપવી પડી હતી, ત્યારે તે પોરબંદરના વિશાળ ગુરુકુળના મુખ્ય આચાર્ય બન્યા હતા. કર્ણે મોંના સોનાના દાંત પણ ઉખાડીને આપી દીધા હતા. ત્યારે તો તે યોગેશ્વરની કૃપાને પાત્ર બન્યા હતા. રાજા બલિ અને હરિશ્ચંદ્રને પોતાના રાજપાટ છોડવા પડયા હતા. શબરીએ પોતાના બોરની ટોપલી ખાલી કરી હતી. ભગવાન ગોપીઓના દહીં-માખણ કેટલી વાર છીનતા રહ્યા. ગરીબ વિદુરના પત્ની ઘરમાં કંઈ ન હોવાથી ભગવાનને ભાજીનું શાક અને કેળાના છોતરાં પ્રેમથી ખવડાવ્યા. જેની પાસે ધન-સંપત્તિ ન હતા, તે કેવટ, વાનરો, રીંછોએ પોતાનો શ્રમ સમર્પિત કર્યો હતો. આ પ્રસંગમાં ખિસકોલી જેવું પ્રાણી પણ પાછું પડયું ન હતું.

સો વાતની એક વાત કે કોઈ પણ ભાવનાશીલે આજના આસ્થા-સંકટના સમયમાં મહિનાના અઠ્ઠાવીસ કે ઓગણત્રીસ દિવસની કમાણીથી જીવન જીવવામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન થવી જોઈએ. એક કે બે દિવસની આજીવિકા દેવ સંસ્કૃતિ વિસ્તાર જેવા પુણ્ય પરમાર્થમાં લગાવવા કોઈના માટે પણ ભારરૂપ ન થવા જોઈએ. આટલું ના થાય તો પોતાની કમાણીમાંથી ઓછામાં ઓછા રોજના પચાસ પૈસા આ કાર્ય માટે ફાળવવામાં આવે અને તેને દરમહિને સીધા શાંતિકુંજ મોકલવામાં આવે. જો અમારા લાખો પરિજન એમાં લાગી જાય તો આ કાર્ય જોત-જોતામાં પૂરું થઈ જાય.

આ ઉદ્દેશ્યથી ગાયત્રી તીર્થ શાંતિકુંજે વિશેષ રૂપથી દેવસંસ્કૃતિ વિસ્તાર નિમિત્તે વિશેષ જ્ઞાન ઘટો સ્થાપનને ભારત તથા વિશ્વવ્યાપી વિસ્તાર આપવાનું નક્કી કર્યું છે. આ જ્ઞાનઘટોથી મેળવેલ રકમનો ઉપયોગ વિશેષ કાર્ય હેતુ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની મહત્ત્વાકાંક્ષી યોજનાને પૂર્ણ કરવામાં થશે. મોટા-મોટા અનુદાનોથી જો આ કાર્ય થાત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો યુગ નિર્માણ ટાટા તથા બિરલા દ્વારા જ થઈ જતું. લાખો ભાવનાશીલોનું થોડું-થોડું નિયમિત અંશદાન જ્યારે સતત મળતું રહેશે તો તેને ૨૦૦ કરોડની યોજનાવાળા વિશ્વવિદ્યાલયમાં લગાવવાથી સફળતાપૂર્ણ ઉદ્દેશ્યની પણ પૂર્તિ થશે તથા પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા બતાવેલ નિર્દેશોનું પણ પાલન થશે.

આ જ્ઞાનઘટ યોજના વિશેષ રૂપથી દેવસંસ્કૃતિ વિસ્તાર માટે જ છે. એના માટે જ્ઞાનઘટ પણ વિશેષ બનાવ્યા છે તથા તેનું બહારનું કલેવર, રંગ પહેલાના જ્ઞાનઘટોથી અલગ છે. પહેલેથી ચાલી રહેલ જ્ઞાનઘટ રાબેતા મુજબ ચાલશે. તેનાથી પ્રજ્ઞા સંસ્થાનો, પ્રજ્ઞા મંડળો, સાહિત્ય વિસ્તારની પૂર્તિ જેવા કાર્યો ચાલતા રહેશે. પરંતુ મહાશિવરાત્રિ ૨૦૦૩થી શરૂ થયેલ આ અભિયાનના આ વિશેષ જ્ઞાનઘટ તો એક જ ઉદ્દેશ્ય માટે હશે. દેવસંસ્કૃતિનો વિશ્વ વ્યાપી વિસ્તાર આ જ્ઞાનઘટ એ ઘરોમાં સ્થાપિત કરી શકાય છે જે હજી નવા છે, મિશનથી અપરિચિત છે પરંતુ ઉદ્દેશ્ય બતાવતા ઉત્સાહ દેખાડી રહ્યા છે અથવા આ ઉદ્દેશ્ય સાથે જોડાવા માંગે છે. પ્રયાસ કરવામાં આવે તો આ જ્ઞાનઘટ જોત-જોતામાં બુધ્ધિશાળી વર્ગ-ભાવનાશીલો, વિભૂતિવાનો આપણી યુગ શક્તિ ગાયત્રી, અખંડ જ્યોતિ, યુગ નિર્માણ યોજના પત્રિકાના પાઠકોના પરિચિતોના ઘેર સ્થાપિત થઈ

મારું છે, આપણું છે. એમાં એક નહિ, કેટલીય ઈંટો આપણી જ લાગેલી છે. એમાં ભણનારા વિદ્યાર્થી આપણા જ છે. જ્યારે પૂરો વિસ્તાર થઈ જશે તથા એક વર્ષમાં છ થી દસ હજાર વિદ્યાર્થી અહીંયાથી કાર્યક્ષેત્રમાં કાર્યકર્ત્તાના રૂપમાં નીકળશે ત્યારે ભાન થશે કે આ અંશદાનની કિંમત શું છે !

પરમ પૂજ્ય ગુરુદેવે અંશદાનથી જ મિશનને ઊભું કર્યું છે. તે આસનસોલ જેલમાં હતા. ત્યાંથી તેમણે આ સૂત્ર મહામના મદનમોહન માલવીયજીથી (તેમના દીક્ષા ગુરૂ) લીધું હતું કે કોઈ પણ સંગઠનમાં પોતાપણું પેદા કરવું હોય તો તેને મુઠ્ઠી ફંડથી ઊભું કરવું જોઈએ. મોટા-મોટા દાન લેવામાં ના પાડવી જોઈએ નહીં, પણ જો દરેક કાર્યકર્ત્તાની ભાગીદારી રહેતી હોય તો સંગઠન સદૈવ ચિરસ્થાયી રહેશે અને તેનો આધાર સુદૃઢ હશે. સમયદાન તથા અંશદાન આ મિશન રૂપી ભવનના ઈંટ અને સીમેન્ટ છે. એનાથી જ આટલું મોટું સંગઠન ઊભું થયું. માલવીયજીએ પોતાની વાત તત્કાળ કોંગ્રેસને કહી હતી. તે તો એવું ન કરી શકયા તથા સ્વતંત્રતા પછી તો તેનું સ્વરૂપ જ બદલાઈ ગયું. સત્તામદ છવાઈ ગયો. જો સાચા અર્થમાં વાત સમજાઈ હોત તો વર્તમાન રાજનીતિનું સ્વરૂપ આજે કંઈક જુદુ જ હોત.

## યુગ યજ્ઞમાં જોઈએ હવનસામગ્રી, સમિધા અને આજ્ય (ઘી)

શકે છે. આ વિશિષ્ટ જ્ઞાનઘટની કિંમત પણ બહુ ઓછી માત્ર દસ રૂપિયા રાખવામાં આવી છે. જ્ઞાનઘટ ગાયત્રી તીર્થ શાંતિકુંજ હરદ્વાર-249411થી મંગાવી લેશો. દરમહિને આ રકમના સંગ્રહ તથા મોકલવા માટે એક તંત્ર ઊભું કરવું પડશે, જો કે સરળતાથી થઈ શકે છે. જો આપણી પત્રિકાઓના ગ્રાહક તથા એનાથી જોડાયેલ એટલા જ હિતેષી પાઠક આ યોજનાને નિયમિત લાગુ કરી દે તો **તેમના દ્વારા લગભગ સાડા ત્રણ કરોડ રૂપિયાની રકમ અમને એક મહિનામાં તથા લગભગ બેંતાલીસ કરોડ રૂપિયાની રકમ એક વર્ષમાં પ્રાપ્ત થઈ શકે છે.** જો આ ક્રમ સાડા ચાર-પાંચ વર્ષ પણ ચાલ્યો તો અમારો દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનો પૂરો પ્રોજેક્ટ આનાથી પૂરો થઈ શકે છે.

સહેજે અનુમાન નથી થતું કે આટલું આ કાર્ય ટીપે-ટીપે સરોવર ભરાવાની ક્રિયાથી થઈ શકે છે. આ અકલ્પનીય જેવું લાગે છે પણ સચ્ચાઈ છે. એક-એક ભાવનાશીલનો અંશ એમાં લાગશે તો બધા એ સમજશે કે આ વિશ્વવિદ્યાલય

દાનમાં અપાયેલ ધનની સુવ્યવસ્થા તથા સંગતિકરણની ભાવના બંને એ દ્રવ્યથી સીંચિત વટવૃક્ષની જડોને મજબૂત બનાવે છે. આજે આપણે જ્યાં પણ ઊભા છીએ તથા વગર કોઈ સરકારી અનુદાનના, મોટા-મોટા દાન આપનાર સંગઠનો સામે મોં તાકતા, પોતાનું કાર્ય કરતા રહી છીએ તેનું એક જ કારણ છે. લક્ષ્યની સુવ્યવસ્થા તથા જન-જનની ભાવનાશીલતા પર દૃઢ વિશ્વાસ.

અહીંયા કોઈ પણ રીતે વધુ ને વધુ શ્રમ કરી, જન સંપર્ક કરી. લોકો પાસેથી ધન-સંગ્રહ કરનારાની અવગણના કરવામાં નથી આવતી. આ કાર્ય તો ચાલતું રહેવું જોઈએ. જ્યાં પણ જેની પણ પાસે પરમાર્થ પરાયણતાનો ભાવ છે, ઉદારતા ભરી અંતઃકરણની સ્થિતિ છે તથા પોતાના સાધનોમાં કાપ કરવાનો ભાવ છે, તે વધુ પણ આપી શકે છે. બધા જાણે છે કે "શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ" ને વધુ પ્રમાણિત માની કેન્દ્રીય સરકારે ધારા ૩૫ એ.સી. અંતર્ગત ૧૦૦ ટકા આવકવેરાની છૂટ આપી છે. જો કોઈ વ્યક્તિ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક લાખ રૂપિયા દાન આપે તો તેની કર યોગ્ય આવકમાંથી લગભગ છત્રીસ હજાર રૂપિયાની છૂટ તેને મળે છે. એ રીતે સરકારી, ગેર સરકારી અધિકારી, વેતનધારીને પણ ધારા ૮૦ જી. એ અંતર્ગત પોતાની રકમ મોકલી પ્રમાણ પત્ર પ્રાપ્ત કરી પોતાની દાન કરવાની રકમનો યોગ્ય ઉપયોગ ધર્માર્થ કાર્યોમાં કરી શકે છે. એક દિવસની કમાણી અથવા એક દિવસનું વેતન હાલમાં પણ કેટલાય પરિજન નિયમિત રૂપે મોકેલ છે.

બધા જાણે છે તો પણ બતાવવું જરૂરી છે કે અત્યાર સુધીમાં ચોવીસ કરોડ રૂપિયાનું નિર્માણ કાર્ય થઈ ચૂકયું છે. બસો વિદ્યાર્થી તથા પચાસ વ્યક્તિઓના સ્ટાફ વાળું લગભગ છ ફેકલ્ટીઝ વાળું વિશ્વ વિદ્યાલય આ જૂનમાં પોતાનું એક વર્ષ પૂરું કરશે. નાલંદા-તક્ષશિલાવાળું વિરાટ રૂપ આપવા માટે વધુ પ્રાધ્યાપકો-આચાર્યોની ભરતી કરવી પડશે તથા પૂર્ણ રૂપે આવાસીય બનાવવા માટે છ હજાર વિદ્યાર્થીઓની વ્યવસ્થા બનાવવી પડશે. ધર્મ-વિજ્ઞાન એક એવું છે, જેની શરૂઆત તો માત્ર પચાસ વિદ્યાર્થીઓથી થઈ છે, પણ આ અલગ ભવન તથા સમગ્ર તંત્રની અપેક્ષા રાખે છે જે બે ત્રણ વર્ષમાં પૂરી કરવી પડશે. ચિકિત્સા ક્ષેત્રમાં વૈકલ્પિક તથા પૂરક ચિકિત્સા પધ્ધતિઓ પર શોધ અનુસંધાન તથા ઔષધ નિર્માણ, સ્વાસ્થ્ય સંરક્ષકોના પ્રશિક્ષકોનાં તંત્રનું નિર્માણ પણ રોકાઈ ગયું છે. આનાથી આપણું આયુર્વેદ ટોચ પર તેમજ આખા વિશ્વમાં પહોંચી શકશે. આ કાર્યમાં પણ લગભગ ત્રીસ કરોડ ખર્ચનો અંદાજ છે, જેમાં યંત્રો-સાધનો પણ સામેલ છે.

પાઠકોને માત્ર એક ઝલક જ આપી છે. કયારેક સમય કાઢી આ તંત્રને હરદ્વાર આવી સમજી શકાય છે કે નર રત્નોની ટંકશાળ કેવી રીતે આ વિશિષ્ટ ભૂમિકા નિભાવી રહી છે. નવી પેઢીના કાર્યકર્ત્તાઓની તૈયારી થઈ રહી છે, જે પૂરી રીતે અનૌપચારિક શિક્ષા, સ્વાવલંબન, સંસ્કૃતિની ગણનાના આધારે શિક્ષણ-પ્રણાલીના માધ્યમથી વિકસિત થઈ રહી છે. 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવું તંત્ર અમારી ગુરુસત્તાના સ્વપ્નોને સાર્થક કરતું ઊભું થઈ રહ્યું છે. **જ્ઞાનઘટ** યોજના તો અણુવ્રતની માફક નાની શરૂઆતવાળી છે, યુગ પરિવર્તનની આ સંધિવેળામાં જે પણ કંઈક વિલક્ષણ ચરિતાર્થ થઈ રહ્યું છે, તે રાષ્ટ્રની સાંસ્કૃતિક નવો વિકાસ જ નહીં કરે, તેને જગદ્ગુરુની પદવી પર બેસાડી દેશે. ઝડપથી થઈ રહેલ આ પરિવર્તનોની પૃષ્ઠભૂમિ સમજવા માટે જરૂરી છે, અને પોતાના સંપર્ક-ક્ષેત્રને વ્યવસ્થિત રૂપે સમજાવવાનો પ્રયાસ કરશો. આ જ્ઞાનઘટ સ્થાપના અભિયાનને જન-જન સુધી પહોંચાડવામાં આવે.

# યુગ નિર્માણ વિદ્યાલયમાં પ્રવેશ મેળવો

*ભૌતિક જીવનની ઉન્નતિ માટે શિક્ષા અને આત્મિક ઉન્નતિ માટે વિદ્યાની જરૂર હોય છે. શિક્ષા આપણને જ્ઞાન, ધન, મકાન, વસ્ત્ર, ભોજન વગેરે સાધન મેળવી આપે છે જ્યારે વિદ્યા આત્મોન્નતિ કરાવે છે અને નરથી નારાયણ બનાવે છે. જીવનમાં બંનેની સમાનરૂપે જરૂર હોય છે. દુર્ભાગ્યે હાલના દિવસોમાં અપાઈ રહેલ શિક્ષા બંને ઉદ્દેશ્યોની પૂર્તિ માટે સમર્થ નથી. યુગ નિર્માણ વિદ્યાલયમાં ૧ વર્ષના પ્રશિક્ષણમાં પ્રેસ, વિદ્યુત, ઉદ્યોગ, સંગીત વગેરે માધ્યમથી વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનાવી આર્થિક રૂપે સંપન્ન બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. સાથે જ કઠોર અનુશાસન તથા નિયમિત દિનચર્યાનાં માધ્યમથી તેને સંયમિત જીવન જીવવાનું શીખવાડવામાં આવે છે. નૈતિક શિક્ષા દ્વારા શ્રેષ્ઠ માનવ બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. યજ્ઞ, સંસ્કાર વગેરે કર્મકાંડ શીખવાડી તેને લોકસેવી બનાવાય છે. ઋષિઓની તપસ્થળી ગાયત્રી તપોભૂમિમાં ૧ વર્ષમાં યુવકને પ્રાણ ઊર્જાથી ઓતપ્રોત, અનુશાસિત તથા સ્વાવલંબી બનાવાય છે. પ્રવેશ માટે ઓછામાં ઓછી યોગ્યતા ૧૦મું ધોરણ પાસ. અહીંયાથી પ્રશિક્ષણ મેળવ્યા પછી વિદ્યાર્થી આગળ ભણી શકે છે. આ એક વર્ષ તેની જીવનચર્યાને નિયમિત તથા અનુશાસિત કરી તેને આગળ સફળતા મેળવવામાં સહાયક બને છે. ઓછામાં ઓછું ૧૦મું ધોરણ પાસ તથા ૨૦ વર્ષ સુધીની ઉંમરના વિદ્યાર્થીએ યુગ નિર્માણ વિદ્યાલય, યુગ નિર્માણ યોજના, મથુરાના નામે પત્ર મોકલી પ્રવેશ પત્ર તેમજ વિવરણિકા નિઃશુલ્ક મંગાવી શકે છે. પ્રવેશ પત્ર ૧૦ જૂન સુધીમાં આવી જવું જોઈએ. પસંદ પામેલ યુવકોને પત્ર મોકલી ૧ જુલાઈ એ બોલાવી લેવામાં આવશે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યુગ નિર્માણ સમાચાર

# ગુજરાતમાં થયેલ દેવ સંસ્કૃતિનો શંખનાદ

જ્યારે પણ સાંસ્કૃતિ પુનર્જાગરણની વાત આવે છે. ત્યારે ત્યારે ગુજરાતના પરિજનો હંમેશા આગળ જ દેખાય છે. આ સચ્ચાઈનો સ્પષ્ટ પુરાવો ગાયત્રી પરિવારના મુખ્ય પ્રતિનિધિ ડૉ. પ્રણવ પંડયાજી અને સાથીઓના વર્તમાન ગુજરાત પ્રવાસમાં જોવા મળ્યો. તા. ૧૯ થી ૨૪ ફેબ્રુઆરી સુધી ચાલેલા આ પ્રવાસ દરમ્યાન સાબરકાંઠા, મહેસાણા, મોરબી, વડોદરા, ખેડા તથા આણંદ જિલ્લામાં પ્રાણ પ્રતિષ્ઠાઓ અને કાર્યકર્તા સંમેલનો યોજવામાં આવ્યા હતા.

પ્રવાસનો પ્રથમ કાર્યક્રમ હિમ્મતનગરની નજીક આવેલા મહેતાપુરા ગામ ખાતે રાખવામાં આવ્યો હતો જ્યાં ગાયત્રી પ્રજ્ઞાપીઠના પ્રાંગણમાં શિવ પરિવારની પ્રાણપ્રતિષ્ઠાનો ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. લોકોએ ઋષિપુત્રોના સ્વાગતમાં કોઈ પણ પ્રકારની ત્રુટિ રહેવા દીધી ન હતી. શાંતિકુંજના પ્રતિનિધિઓએ જ્યારે "લાગી રે લગન ઓ માં એક તારા નામની......." ગુજરાતી ગીત ગાયું ત્યારે શ્રધ્ધાળુ લોકોની સંવેદનાના ઝરણાઓ છલકાઈ ઉઠ્યા, ડૉ. સાહેબ દ્વારા મહાદેવ પરિવારની પ્રાણ પ્રતિષ્ઠા પછી લોકોએ શિવત્વને જીવનમાં ધારણ કરવા અને દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની યોજનામાં ભાગીદારીનો સંકલ્પ લીધો.

**ઉનાવા**–૨૫ હજાર લોકોની ઉપસ્થિતિમાં ગાયત્રી શક્તિપીઠની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. આ પ્રસંગે શક્તિપીઠના બાંધકામમાં મુખ્ય ફાળો આપનાર શ્રી વિનોદભાઈ પટેલ તથા શ્રીમતી મંજુલાબેને શાંતિકુંજના પ્રતિનિધિઓનું લાગણીસભર સ્વાગત કર્યું. ડૉ. સાહેબે પ્રાણ પ્રતિષ્ઠા સમારંભ પછી લોકોને કહ્યું કે યજ્ઞ અને ગાયત્રી આપણાં દેવસંસ્કૃતિના પિતા-માતા છે. માતૃ-પિતૃ ચરણ કમલેભ્યો નમઃ આપણી મુખ્ય પ્રાર્થના છે.

**મોરબી**–૧૯ ફેબ્રુઆરીના રાત્રિની ક્ષણોમાં મોરબીના ડૉ. અંબાલાલ પટેલ રંગમંચમાં ત્યાંના પ્રતિષ્ઠિત નાગરિકોનું સંમેલન યોજ્યું. ડૉ. પ્રણવજીએ ત્યાંના ધારા સભ્ય શ્રી મોહનભાઈ, નગરપાલિકા પ્રમુખ શ્રી રવજીભાઈ, મામલતદાર શ્રી સોનીજી અને ન્યાયાધીશ શ્રી મહેતાજીની સાથે મંગળદીપ પ્રગટાવી સમ્મેલનનું ઉદ્‌ઘાટન કર્યું.

ડૉ. સાહેબે પોતાના પ્રવચનમાં ઉપસ્થિત બુધ્ધિજીવીઓને કહ્યું કે સાંસ્કૃતિક પતનના કારણે જ સમાજમાં ઉચ્છૃંખલતા અને અરાજકતા વધી છે. ગાયત્રી પરિવાર તમામ સમસ્યાઓની આ જડને વ્યવસ્થિત કરવા ઈચ્છે છે. તેમણે કહ્યું કે કોઈ એક સમયે વલ્લભી, નાલંદા અને તક્ષશિલા વિશ્વવિદ્યાલયોએ શ્રેષ્ઠ કાર્ય કર્યું હતું. આજ એ જ કાર્ય દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય કરી રહ્યું છે. એના સ્નાતકો સમાજને એક નવી જ દિશા ચિંધશે. આ સમ્મેલનનું આયોજન શ્રી કિરીટભાઈ તથા સાથીઓએ કર્યું હતું.

**દહિંસરા**–દહિંસરામાં ભૂકંપથી નુકશાન પામેલી શક્તિપીઠનું ફરી બાંધકામ કરવામાં આવ્યું. ડૉ. સાહેબે પોતાના વર્તમાન પ્રવાસમાં શક્તિપીઠમાં માતા ભગવતી ગાયત્રીની પ્રાણ પ્રતિષ્ઠા કરી. આ સમારંભમાં મોરબી તથા રાજકોટના કાર્યકર્તાઓએ ભાગ લીધો.

**જામનગર**–ગાયત્રી શક્તિપીઠ ઉપર ઉપસ્થિત હજારો પરિજનોની મિશન પ્રત્યેની શ્રધ્ધા હૃદયને સ્પર્શ કરી જાય તેવી હતી. સુશ્રી રીના બહેને સૌનું પ્રતિનિધિત્વ કરતાં ડૉ. સાહેબનું સ્વાગત કર્યું. આ સમ્મેલનમાં ક્રાંતિકારી વિચારસરણી ધરાવતાં તથા મિશનના સમર્થક મુસ્લિમ બહેન સુશ્રી શાહનવાજ બાંબી પણ ઉપસ્થિત હતા.

**કાયાવરોહણ**–શાંતિકુંજના પ્રતિનિધિઓએ ગાયત્રી શક્તિપીઠ પર નવા બનાવવામાં આવેલ પ્રખરપ્રજ્ઞા-સજલ શ્રધ્ધા સ્મારકોનું પૂજન કર્યું. શ્રધ્ધેય ડૉ. સાહેબે પોતાના સંક્ષિપ્ત પ્રવચનમાં કહ્યું કે ગુરુનિષ્ઠાથી મનુષ્યની સર્જનાત્મક શક્તિ વધે છે અને એ જ એવા કાર્યો કરાવે છે કે જેને ચમત્કાર જ માનવામાં આવે છે. શ્રી સોલંકીજી, જે. કે. પટેલ, હરિશભાઈ, જશુભાઈ, ઠાકોરભાઈએ શાંતિકુંજના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું. ત્યારબાદ શાંતિકુંજના પ્રતિનિધિઓ બ્રહ્મેશ્વર યોગ મંદિરમાં ગયા અને ભગવાન મહાકાળની પૂજા કરી

ડભોઈ-માં મિશનની સક્રિય ધરીરૂપ શ્રીમતી રશ્મિબેન ભરતભાઈ પટેલ પ્રજ્ઞા પુરાણ કથાના સારા વ્યાખ્યાનકર્તા છે. તેઓશ્રીએ પોતાની પ્રભાવશાળી શૈલીથી સમગ્ર ગુજરાતને મિશનના પ્રવાહ સાથે જોડયા છે. ડૉ. સાહેબે શબરી સમાન આ સાધિકાની મહાન સિધ્ધિને સમર્પણયુક્ત પુરુષાર્થનું પ્રતિફળ બતાવ્યું.

વડોદરા-મહેતા ઓડિટોરિયમમાં શહેરના લગભગ ૩૦૦ વરિષ્ઠ અધિકારીઓ, વ્યાપારી વર્ગ, બુધ્ધિજીવિઓ, પત્રકારોનું સમ્મેલન યોજવામાં આવ્યું હતું. તેનું આયોજન શ્રી જિગરભાઈ ઠક્કર, શ્રી સતીશભાઈએ ગોઠવ્યું હતું. શહેરના મેયર શ્રીમતી ભારતીબેન વ્યાસ, પોલીસ કમિશ્નર શ્રી ડી.ડી. ટુટેજાની હાજરી નોંધપાત્ર રહી. આ પ્રસંગે ડૉ. સાહેબે કહ્યું કે યુગ ઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ આ યુગમાં વૈચારિક ક્રાંતિ ઉભી કરી છે. તેમની વૈજ્ઞાનિક વિચાર સરણીએ આધ્યાત્મને પ્રબુધ્ધ વર્ગમાં સ્વીકાર્ય બનાવ્યું.

વડોદરા-બીજુ પત્રકાર પરિષદ થયું. એમાં આંતર્રાષ્ટ્રીય વૈષ્ણવ યુવક સંગઠનના પ્રમુખ સંત ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારિકેશજી મહારાજની ગૌરવમય હાજરી રહી. બન્ને સંત શિરોમણીઓએ પત્રકારોના પ્રશ્નોનું નિરાકરણ કર્યું. સંસદ સભ્ય શ્રી જયાબેને પ્રજ્ઞા પરિષદોની સ્થાપનાનું જોરદાર સ્વાગત કર્યું અને કહ્યું કે જો ડૉ. સાહેબ અને ગૌસ્વામી દ્વારિકેશજીનો લક્ષ્ય એક જ છે, તો તેઓ અગર બન્ને સંતોષ સાથે મળી કામ કરશે તો દેશમાં અને વિશ્વમાં ક્રાંતિ જાગશે અને સતયુગી વાતાવરણ બનતું જોવા મળશે.

ગૌસ્વામી દ્વારિકેશજી દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની સ્થાપનાથી ખૂબ ઉત્સાહમાં આવી ગયા હતા. તેમણે ગાયત્રી પરિવાર સાથે કામ કરવાની તત્પરતા દર્શાવી અને ડૉ. સાહેબને કલી કરૂણા મહોત્સવમાં આવવા આમંત્રણ આપ્યું. આ ઉત્સાહ સભર પહેલનું હાર્દિક સ્વાગત કરતાં ડૉ. સાહેબ તથા તેમના સાથીદારો મહોત્સવમાં ભાગ લેવા ત્યાં પહોંચી ગયા.

**કલીકરૂણા મહોત્સવ**

ડાકોરનાથ ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવેલ કલીકરૂણા મહોત્સવમાં ગૌસ્વામી ૧૦૮ શ્રી દ્વારિકેશજી મહારાજની સાથે ગાયત્રી પરિવારના મુખ્ય પ્રતિનિધિ ડૉ. પ્રણવ પંડયાજી બન્ને પ્રતિષ્ઠિત સંતોએ યૌવન ધનને સંગઠિત બની માનવ માત્રના કલ્યાણ માટે સક્રિય બનવા આવાહન કર્યું. ગૌસ્વામી દ્વારિકેશજીએ યુવાન પેઢીને સંસ્કાર અને સ્વસ્થ જીવનની દિશા પ્રદાન કરવા દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સંકલ્પની ભારોભાર પ્રશંસા કરી. સંસ્કાર અને સંતોના નગર વડોદરા શહેરને સાત સુરોનો સંગમ કહ્યો. તેમણે સનાતન શબ્દ અને સંગીતના સાત સુરોનું સારગંર્ભિત વિવેચન કર્યું.

ખટંબા-વડોદરા-૨૩ ફેબ્રુઆરીના દિવસે ખટંબાની ૩૦ એકર જમીન પર પથરાયેલ વિશાળ ગાયત્રી શક્તિપીઠના પ્રાંગણમાં ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. ડૉ. સાહેબ એમાં ભાગ લેવા પહોંચી ગયા ઉપસ્થિત ૨૦ હજાર લોકોને મહાકાલનો સંદેશ આપ્યો. સેંકડો લોકોએ દીક્ષા લીધી. એમના આગમ પર આભાર વ્યક્ત કરતાં શક્તિપીઠની પાયાની ઈંટ માનવામાં આવતા સમર્પિત પરિજન શ્રી ચંદ્રકાંતભાઈની આંખો છલકાઈ ઉઠી.

આણંદ-વિદ્યાનગર રોડ પર ૧૦૮ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. ડૉ. સાહેબ ત્યાં પહોંચતાં જ ૧૭ પ્રતિનિધિઓની ટોળીએ સમગ્ર વાતાવરણમાં આધ્યાત્મિક ઉમંગ વહેવડાવી દીધો. ડૉ. સાહેબે પોતાના વચનામૃતથી લોકોમાં શ્રેષ્ઠ ઉદ્દેશ્ય માટે સંગઠિત સમર્પિત થવા ઉમંગ જગાડયો. શ્રી રશ્મિભાઈ, શ્રીમતી જયાબહેને દેવમંચ ઉપર આરતી ઉતારી.


આરંભમાં હરમાનભાઈ, નવનીતભાઈ, શાંતિભાઈ, આશાભાઈ પટેલ, ભગવાન દાસ મહારાજે શાંતિકુંજના પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું.

◎



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

R. N. I. 23434/71 YUG SHAKTI GAYATRI GUJARATI MONTHLY REGD.No. AG/MTR-39/03-05
Licened to post without Prepayment. LICENCE-AG/MTR-01




મહાશિવરાત્રિની પાવનવેળામાં દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય
પ્રાંગણમાં પ્રજ્ઞેશ્વર મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની ઝલક

માલિક યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરા માટે મૃત્યુંજય શર્મા દ્વારા પ્રકાશિત તથા યુગ નિર્માણ પ્રેસ મથુરામાં મુદ્રિત અને
યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરાથી પ્રકાશિત-સંપાદક ડૉ. પ્રણવ પંડયા, સહ સંપાદક-ઘનશ્યામભાઈ પટેલ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.